ગુજરાત સરકાર દ્વારા લેવાતી તમામ પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે.

➔ ગુજરાતી વ્યાકરણ વાંચવાનો વિષય છે, ગોખવાથી ન આવડે સમજીને વાંચવું તથા લખીને મહાવરો કરવો.

➔ ગુજરાતી વ્યાકરણમાં મુશ્કેલી અનુભવતા મિત્રો માટે ઉપયોગી પુસ્તક.

# ગુજરાતી વ્યાકરણ

- દરેક પ્રકરણની Short-cut રીત સાથે સરળ સમજ.
- દરેક પ્રકરણ માંથી પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો.

# ANGEL ACADEMY

# 7575 072872

## માર્ગદર્શક : સામત ગઢવી

(10 પરીક્ષાઓમાં સફળ થયેલ અનુભવી અને તજજ્ઞ શિક્ષક)

# Index


| | | |
|---|---|---|
| 1. | શબ્દકોશ | 3 |
| 2. | નામ | 5 |
| 3. | સર્વનામ | 7 |
| 4. | વિશેષણ | 8 |
| 5. | ક્રિયાપદ | 10 |
| 6. | ક્રિયા વિશેષણ | 11 |
| 7. | સંયોજક | 13 |
| 8. | નિપાત | 14 |
| 9. | કૃદંત | 15 |
| 10. | વિભક્તિ | 16 |
| 11. | સંધિ | 18 |
| 12. | જોડણી | 25 |
| 13. | સમાસ | 28 |
| 14. | અલંકાર | 40 |
| 15. | છંદ | 44 |
| 16. | સમાનાર્થી શબ્દો | 49 |
| 17. | *વિરુધ્ધાર્થી શબ્દો* | 57 |
| 18. | શબ્દ શૂહ માટે એક શબ્દ | 68 |
| 19. | કહેવતો | 75 |
| 20. | રૂઢીપ્રયોગ | 78 |
| 21. | તળપદા શબ્દો | 83 |
| 22. | અનેકાર્થી | 85 |
| 23. | વિરામ ચિન્હ | 88 |
| 24. | વાક્યના પ્રકારો | 90 |
| 25. | પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો | 92 |

# શબ્દકોશ

- ❖ માન્યભાષાને પોતાનું શબ્દભંડોળ હોય છે અને તેનો સંગ્રહ કરતો ગ્રંથ એટલે શબ્દકોશ.
- ❖ શબ્દકોશમાં અસંખ્ય શબ્દોના અર્થો આપેલા હોય છે. આ બધા શબ્દ ચોક્કસ ક્રમમાં ગોઠવાયેલા હોય છે.
- ❖ ગુજરાતી ભાષાનો વ્યવસ્થિત અને વિસ્તારપૂર્વકનો સૌપ્રથમ શબ્દકોશ ગાંધીજીના પ્રયાસોથી 1929માં 'સાર્થ જોડણીકોશ'ના નામે આપણને મળ્યો.
- ❖ શબ્દકોશ એ કોઇપણ ભાષાની આરસી છે. તેનાથી ભાષાની શબ્દસમૃદ્ધિ જોઈ શકાય છે.
- ❖ આપણે શબ્દકોશનો પ્રયોગ કેવી રીતે કરવો તે શીખવું જોઈએ.

શબ્દકોશમાં શબ્દોની ગોઠવણી....

- ❖ શબ્દકોશમાં શરૂઆતના શબ્દો સ્વરથી સ્વરથી શરૂ થાય છે જેનો સાચો ક્રમ અહીં મૂક્યો છે.

અ, અં, આ,આં, ઇ, ઇં, ઈ, ઈં, ઉ, ઉં, ઊ, ઊં, ઋ, એ, ઍ, એં, ઐ, ઐં, ઓ, ઑ, ઓં, ઑં, ઔ, ઔં.

- ❖ ઉપરના સ્વરમાં જોશો તો ખ્યાલ આવશે કે અનુસ્વાર વગર આવેલો સ્વર પહેલાં મૂકાય છે. જ્યારે અનુસ્વાર સાથેનો સ્વર પછી આવે છે. શબ્દની શરૂઆતમાં સ્વર આવતો હોય ત્યારે તેને ઉપરના ક્રમમાં ગોઠવાય છે. અહીં સ્વરથી શરૂ થતાં થોડાંક શબ્દો યોગ્ય ક્રમમાં આપ્યાં છે.

અક્ષર → અંગત → આગાહી → આંચકો → ઇમારત → ઇંદિરા → ઈશ્વર → ઈંધણ → ઉખાણું → ઉંબરો → ઊણપ → ઊંડાણ → ઋષિ → એકાંત → ઍક્શન → ઍંજિન → ઐશ્વર્ય → ઐંદ્રમલિક → ઓરડો → ઑફિસર → ઔષધ → ઔંસ.

- ❖ સ્વરની ગોઠવણી પછી વ્યજંન શબ્દકોશમાં ગોઠવવામાં આવે છે. વ્યજંનની ગોઠવણી નીચે મુજબ કરવામાં આવે છે.

ક-ક્ષ, ખ, ગ, ઘ, ચ, છ, જ-જ્ઞ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત-ત્ર, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ-શ્ર, ષ, સ, હ, ળ.

- ❖ ઉપરના વ્યંજનોમાં ણ,ળ વ્યંજનથી શબ્દ નિર્માણ થતું ન હોવાથી શબ્દકોશમાં તેવા શબ્દો જોવા મળતા નથી. જો ઉપરના વ્યંજન પ્રમાણે શબ્દોની સાચી ગોઠવણી કરવી હોય તો નીચે મુજબ ગોઠવી શકાય.

કઠોર → ક્ષમા → ખાણ→ગામડું→ઘર→ચળકાટ→જતન→જ્ઞાન→ઝાડ→ટપાલ→ઠપકો→ડાયરો→ઢગલો→તકેદારી→ત્રજ્યા→થડ→દંગલ→ધજા→નજર→પતંગ→ફણસ→બગલો→ભમરો→મરચું→યતિ→રમત→લુહાર→વહાણ→શતક→શ્રમ→ષટકોણ→સગવડ→હથોડી.

કોઈ એક વ્યંજનીથી જ શબ્દ શરૂ થતો હોય ત્યારે સ્વરના ક્રમમાં વ્યંજનોની ગોઠવણી થાય છે અને સ્વર પ્રમાણેની ગોઠવણી બાદ જોડાક્ષર આવે છે. જેનો ક્રમ મોટાભાગે ય,ર,લ,વ પ્રમાણેનો રહે છે. જેમે કે 'ક્' વ્યંજનથી શરૂ થતાં શબ્દોની ગોઠવણી નીચેના ક્રમ પ્રમાણે કરવી જોઈએ.

ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કૅ, કૈ, કૈં, કો, કૉ, કોં, કૉં, કૌ, કૌં, ક્ય, ક્ર, ક્લ, ક્વ, ક્ષ.

ઉપરના ક્રમમાં શબ્દોને ગોઠવતા નીચે મુજબના ક્રમમાં ગોઠવી શકાય.

કરવત→કંચન→કાગળ→કાંચન→કિનખાબ→કિંકર→કીડી→કુટુંબ→કુંદન→કૂજન→કૂંચી→કૃપા→કેટલું→કૅપ્ટન→કેંદ્ર→કૈલાસ→કોકિલા→કૉલેજ→કોંકણ→કૉંગ્રેસ→કૌરવ→કૌંસ→ક્યાંક→ક્રમ→ક્લિનિક→ક્વાર્ટર→ક્ષણિક.

આવી જ રીતે અન્ય વ્યંજનોની ગોઠવણી કરી શકાય છે. 'ક્ષ' જોડાક્ષર 'ક્' વ્યંજનની હરોળમાં છેલ્લે મૂકાય છે. કારણ કે તેમાં 'ક્+ષ્' એમ બે વ્યંજનોનું જોડાણ થયેલું છે. તેથી વ્યંજનના ક્રમ મુજબ 'ક્' વ્યંજનની હરોળમાં અંતે મૂકાય છે.

હવે આપણે 'જ્' વ્યંજનની હરોળનો સાચો ક્રમ જોઈ લઈએ.

જ, જં, જા, જાં, જિ, જિં, જી, જીં, જુ, જું, જૂ, જૂં, જૃ, જે, જેં, જેઁ, જૈ, જૈં, જો, જૉ, જોં, જો, જો, જૌં, જ્ઞ, જય, જ્લ, જ્વ,

ઉપરના વ્યંજનોથી શરૂ થતાં શબ્દોની ગોઠવણી અહીં આપી છે.

જવાબ→જંગલ→જાસૂસ→જાંબુ→જિગર→જિંદગી→જીવન→જીંથરાં→જુગાર→જૂથ→જૃંભ→જેઠ→જેન્ટલમેન→જૈન→જોખમ→જૉબ→જોંસો→જૌહર→જ્ઞાન→જ્યારે→જ્વલંત

અહીં 'જ્' વ્યંજનમાં 'જ્ઞ' જોડાક્ષર મૂકાય છે, કારણ કે તે 'જ્+ગ' એમ બે વ્યંજનથી બનેલો છે.
જ્યારે શરૂઆતનો વ્યંજન એકસમાન હોય ત્યારે બીજા વ્યંજનને કક્કાવારીના ક્રમમાં ગોઠવવા જોઈએ.
જેમે કે,

કક્ષા→કચરો→કટક→કઠોર→કડક→કણસલું→કતાર→કથન→કદર→કનક→કપોત→કફન→કબર→કમજોર→કરચ→કલમ→કવન→કસબો→કહાની→કહાની→કળતર.
જ્યારે જોડાક્ષરવાળા વર્ણોથી શબ્દો શરૂ થતાં હોય ત્યારે જોડાક્ષરો કયાં વર્ણોથી બન્યાં છે તે ધ્યાન રાખવું જોઈએ. અહીં થોડાંક જોડાક્ષરો આપ્યાં છે, જે શબ્દોની ગોઠવણીમાં ઉપયોગી બનશે.

| | | |
|---|---|---|
| ક્ + ય્ = ક્ય | દ્ + દ્ = દ્દ | શ્ + ર્ = શ્ર |
| ક્ + લ્ = ક્લ | દ્ + ઋ = દૃ | શ્ + વ્ = શ્વ |
| ક્ + ર્ = ક્ર | દ્ + વ્ = દ્વ | શ્ + લ્ = શ્લ |
| ક્ + વ્ = ક્વ | દ્ + ર્ = દ્ર | સ્ + ક્ = સ્ક |
| ક્ + ષ્ = ક્ષ | દ્ + ધ્ = દ્ધ | સ્ + ખ્ = સ્ખ |
| ક્ + ઋ = કૃ | દ્ + ય્ = દ્ય | સ્ + ટ્ = સ્ટ |
| ગ્ + ર્ = ગ્ર | ધ્ + ધ્ = ધ્ધ | સ્ + ત્ = સ્ત |
| જ્ + ઞ્ = જ્ઞ | ધ્ + ર્ = ધ્ર | સ્ + ત્+ર્ = સ્ત્ર |
| ટ્ + ર્ = ટ્ર | ધ્ + વ્ = ધ્વ | સ્ + ર્ = સ્ર |
| ડ્ + ડ્ = ડ્ડ | ન્ + ય્ = ન્ય | સ્ + થ્ = સ્થ |
| ટ્ + ટ્ = ટ્ટ | પ્ + ય્ = પ્ય | સ્ + ન્ = સ્ન |
| ત્ + ર્ = ત્ર | પ્ + ર્ = પ્ર | સ્ + પ્ = સ્પ |
| | પ્ + ઋ = પૃ | સ્ + ફ્ = સ્ફ |
| | પ્ + લ્ = પ્લ | સ્ + મ્ = સ્મ |
| | | સ્ + ય્ = સ્ય |
| | | સ્ + લ્ = સ્લ |
| | | સ્ + વ્ = સ્વ |

ઉપરના જોડાક્ષરો પ્રમાણે જોતા 'સ્' વ્યંજનના જોડાક્ષરોને શબ્દકોશના ક્રમમાં ગોઠવતા નીચેનો ક્રમ જોવા મળશે.
સ્કૂલ→સ્ખલન→સ્ટડી→સ્તુતિ→સ્ત્રી→સ્થાન→સ્નાન→સ્પર્ધા→સ્ફટિક→સ્મરણ→સ્પંદન→સ્ત્રોત→સ્લાઈડ→સ્વસ્છ.
સૌજન્ય→સૌભાગ્ય→સૌમિત્ર→સૌરભ→સૌષ્ઠવ→સૌહાર્દ.

# નામ

- 'નામ' શબ્દ નમ્ ધાતુ ઉપરથી ઉતરી આવ્યો છે. અનો અર્થ થાય છે 'નમવું'. એટલે કે વાક્યમાં જેનો અર્થ ક્રિયાપદના અર્થને નમે છે, અને ગૌણ કે અધીન રહે છે તેને 'નામ' કહે છે.
- વ્યાકરણની પરિભાષામાં જે શબ્દ વ્યક્તિ, વસ્તુ, ગુણ, ભાવ કે ક્રિયાનો નિર્દેશ કરતો હોય અને વાક્યમાં કર્તા કે કર્મની જગ્યાએ આવી શકતો હોય તેને 'નામ' કહેવાય છે. અને 'સંજ્ઞા' તરીકે પણ ઓળખાવાય છે.
- રાકેશ, હેતલ, નીલા, વિજય (વ્યક્તિ)
- ખારૂં, મીઠું, ભલું, બૂરૂં (ગુણ)
- રમત, વાચન, ગાયન, વાદન (ક્રિયા)
- ખુરશી, પલંગ, તપેલી, પંખો (વસ્તુ)
- ખારાશ, મીઠાશ, ભલાઈ, બૂરાઈ (ભાવ)

ટૂંકમાં,

- પ્રાણીને, પદાર્થને, ગુણને કે ક્રિયાને ઓળખવા માટે જે શબ્દ વપરાય છે તેને 'નામ' કહે છે. 'નામ'નો પર્યાયવાચી શબ્દ 'સંજ્ઞા' છે અને અંગ્રેજીમાં એને **Noun** કહે છે.

નામના પ્રકાર : નામના મુખ્ય પાંચ પ્રકાર છે.

### (1) *સંજ્ઞાવાચક / વ્યક્તિવાચક/ વિશેષ નામ*

- કોઈ એક પ્રાણી કે પદાર્થને પોતાની જાતિના બીજા પ્રાણી કે પદાર્થથી અલગ પાડી ઓળખવા જે ખાસ નામ અપાય છે, તેને વ્યક્તિવાચક નામ કહે છે. આ નામ આપણે આપણી ઇચ્છા પ્રમાણે આપ્યું હોય છે. અની પાછળ કોઈ ખાસ કારણ હોતું નથી. પહેલાં વ્યક્તિવાચક નામને 'વિશેષ નામ' એવા પ્રકારથી પણ ઓળખવામાં આવતું હતું.
- જેમ કે – સામત, ગાંધીનગર, નર્મદા, ભારત, ગિરનાર, વગેરે.

### (2) *જાતિવાચક નામ :*

- જાતિવાચક નામ આખા વર્ગને તેમજ એ વર્ગની ગમે તે કોઈ વ્યક્તિને લાગુ પડે છે.
- ટૂંકમાં – જે નામ આખા વર્ગને તેમ જ તે વર્ગમાંથી પ્રત્યેક વ્યક્તિ કે પદાર્થને લાગુ પડતું હોય તેને જાતિવાચક નામ કહેવામાં આવે છે.
- શહેર, નદી, દેશ, પર્વત, વાદળ, વગેરે જાતિવાચક નામ છે.

- ગુજરાત આપણું રાજ્ય છે.
- અમદાવાદ ગુજરાતનું મુખ્ય શહેર છે.
- ગુલાબ એક ફૂલનું નામ છે.
- ગિરનાર ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે.
- પ્રેમજીભાઈ અમારા આદર્શ શિક્ષક છે.
- સાબરમતી ઘણી લાંબી નદી છે.
- ભારત આપણો દેશ છે.
- મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.

- ઉપરનાં ઉદાહરણોમાં અનુક્રમે ગુજરાત, અમદાવાદ, ગિરનાર, પ્રેમજીભાઈ, સાબરમતી, ભારત, મોર, ગુલાબ એ વ્યક્તિવાચક નામ છે. જે મુખ્યત્વે ચોક્કસ વ્યક્તિ, પ્રદેશ વગેરેને અલગ તારવવા માટે વપરાઈ છે.
- જયારે ઉપરના જ ઉદાહરણોમાં અનુક્રમે રાજ્ય, શહેર, પર્વત, શિક્ષક, નદી, દેશ, પક્ષી, ફૂલ એ જાતિવાચક નામ છે. જે આખા વર્ગને તેમ જ એ વર્ગની ગમે તે વ્યક્તિને લાગુ પડે છે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

*(3) સમૂહવાચક નામ :*

- કેટલાક નામ વ્યક્તિ, પ્રાણી કે વસ્તુઓના સમૂહને ઓળખવા માટે વપરાય છે તેને સમૂહવાચક નામ કહેવામાં આવે છે. આ નામ એવાં છે જે પહેલી નજરે જાતિવાચક નામ જેવા લાગે છે પણ તેઓ વર્ગને નહીં, સમૂહને દર્શાવે છે. એટલે કે સરખા ગુણોવાળી વ્યક્તિઓનું એકત્ર થવું તે. અમુક સમૂહમાં અમુક ખાસિયત હોય છે જે બીજામાં હોતી નથી. જેમકે 'લશ્કર'ના સમૂહમાં જે ખાસિયત હોય છે તે 'કાફલા' કે 'વણજાર'માં હોતી નથી. સમૂહની છૂટી છૂટી વ્યક્તિઓને એ શબ્દ લાગુ પડતો નથી એટલે વ્યક્તિવાચક નથી અને આખા વર્ગને લાગુ પડતો નથી એટલે એ જાતિવાચક પણ નથી.
- ટૂંકમાં – વ્યક્તિ, પ્રાણી કે વસ્તુઓના સમૂહને ઓળખાવતી સંજ્ઞાઓને આપણે સમૂહવાચક નામ કે સંજ્ઞા તરીકે ઓળખી શકીએ.
- જેમકે ટુકડી, સમિતિ, ફોજ, કાફલો, ધણ, લૂમ, વણજાર, ટોળું, મેદની વગેરે.

*(4) દ્રવ્યવાચક નામ :*

- જે વસ્તુઓ જથ્થામાં દ્રવ્યરૂપે રહેલી છે, દ્રવ્યરૂપે જેમની ગણતરી એક, બે, ત્રણ રૂપે થઈ શકતી નથી પણ જેમાંનો દરેક શબ્દ જથ્થાનો સૂચક છે, જેમનું વજન થઈ શકે છે, જેઓનું માપ લઈ શકાય છે એવી વસ્તુઓને દ્રવ્યવાચક સંજ્ઞા કે નામ તરીકે ઓળખી શકાય છે.
- આવી વસ્તુઓમાં ધાતુઓનાં નામ, અનાજનાં નામ કે ઘી, ગોળ જેવા પદાર્થોના નામનો સમાવેશ કરી શકાય છે. જેમકે-

- સોનું, રૂપું, સીસું, કલાઈ, તાંબું, પુત્તળ, લોઢું, કાંસું, જસત (ધાતુઓ)
- ઘઉં, ચોખા, દાળ, બાજરી, જુવાર (અનાજ)
- ઘી, તેલ, દૂધ, ગોળ, ખાંડ, કાપડ, રૂ (પદાર્થ)

- એ વસ્તુઓ મુખ્યત્વે જથ્થામાં રહેલી છે.
- ટૂંકમાં, ધાતુ, અનાજ કે દ્રવ્યરૂપે રહેલી વસ્તુઓને દ્રવ્યવાચક નામ તરીકે ઓળખવામાં આવે છે. આ વસ્તુઓ જથ્થામાં દ્રવ્યરૂપે રહેલી છે.

*(5) ભાવવાચક નામ :*

- ભાવોને દર્શાવતી સંજ્ઞાઓને ભાવવાચક સંજ્ઞા કહેવામાં આવે છે. ઇન્દ્રિયોથી ઓળખાય નહીં પણ મનથી સમજાય તેવા ગુણ કે ક્રિયાનાં નામ તે ભાવવાચક નામ છે.
- આ બધી સંજ્ઞાઓને રૂપ નથી, રંગ નથી, આકાર નથી. એમને આંગળી ચીંધીને બતાવી શકાતું નથી.
- મૂર્ખાઈ, ભલાઈ, મીઠાશ, કાળાશ, સેવા, કામ, દમ, ઝણઝણાટ, રણકાર જેવી સંજ્ઞાઓ નક્કર પદાર્થ દર્શાવતી નથી પણ ભાવોને દર્શાવે છે.
- 'મૂર્ખ' એ ગુણ છે પણ 'મૂર્ખાઈ' એ મૂર્ખ હોવાનો ભાવ છે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# સર્વનામ

- નામ(સંજ્ઞા)ને બદલે વપરાતા પદોને સર્વનામ કહે છે.
- સર્વનામના પ્રકાર નીચે મુજબ છે.

## (1) *પુરુષવાચક સર્વનામ ;-*

- જુદી જુદી વ્યક્તિઓ કે પુરુષોને દર્શાવવા માટે વપરાતા સર્વનામ પુરુષવાચક સર્વનામ કહેવાય છે. પુરુષવાચક સર્વનામ ત્રણ છે. પહેલો પુરુષ સર્વનામ, બીજો પુરુષ સર્વનામ અને ત્રીજો પુરુષ સર્વનામ.
- બોલનાર તે પહેલો પુરુષ, 'હું' એ પહેલો પુરુષ છે.
- સાંભળનાર અથવા જેની સાથે એ બોલે છે તે બીજો પુરુષ 'તું' એ બીજો પુરુષ છે
- જેની વિશે એ વાત કરે છે તે ત્રીજો પુરુષ કહેવાય છે. 'તે' એ ત્રીજો પુરુષ છે.
- આ ત્રણે પુરુષનાં રૂપ નીચે પ્રમાણે છે :-

| પુરુષ | એકવચન | બહુવચન |
|---|---|---|
| પહેલો પુરુષ | હું, મારાથી, મારું, મારામાં | અમે, અમને, અમારાથી, અમારું, અમારામાં |
| બીજો પુરુષ | તું, તમે, તારાથી, તારું, તારામાં | તમે, તમને, તમારાથી, તમારું, તમારામાં |
| ત્રીજો પુરુષ | તે, તેને, તેનાથી, તેનું, તેનામાં | તેઓ, તેઓને, તેમનું, તેઓથી, તેમનાથી, તેઓનું, તેમનામાં. |

## (2) *દર્શક સર્વનામ*

- દૂરના કે પાસેના પદાર્થ દર્શાવવા માટે જે શબ્દ નામને બદલે વપરાય છે તે દર્શક સર્વનામ છે. 'આ', 'એ', 'તે', 'પેલું' – એ દર્શક સર્વનામ છે.
- પાસેના કે પ્રત્યક્ષ પદાર્થના નામ માટે 'આ' કે 'એ'. દૂરના કે પરોક્ષ પદાર્થનાં નામ માટે 'પેલું' વપરાય છે.
- શિક્ષકે ઇંગ્લૅન્ડના વડાપ્રધાન ચર્ચિલની છબી બતાવતાં કહ્યું : 'આ રહ્યા ઇંગ્લૅન્ડના એક યશસ્વી વડાપ્રધાન.'
- 'તમને કઈ સાડી ગમે છે ? આ કે પેલી ?'
- જુઓ ! જુઓ પેલો નાસી જાય છે.

## (3) *સાપેક્ષ સર્વનામ :*

- જે સર્વનામને બીજા શબ્દની અપેક્ષા રહે છે, એટલે જેના પછી બીજો કોઈ શબ્દ વાપરવો જ પડે છે તે સાપેક્ષ સર્વનામ કહેવાય છે.
- 'જે-તે', 'જેવુ-તેવું', 'જેને-તેને', આવાં સર્વનામ છે. જેમ કે –
- જે સાધના કરે તે સિદ્ધિ પામે.
- જેવું કરે તેવું પામે.
- જેવું કાર્ય કરો તેવું ફળ પામો .

## (4) પ્રશ્નવાચક સર્વનામ :-

- નામ (સંજ્ઞા)ને બદલે વપરાતાં અને પ્રશ્ન પૂછવા માટે ઉપયોગમાં લેવાતાં પદોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે. 'કોણ', 'શું', 'કયું' વગેરે આવાં સર્વનામ છે.
- 'કોણ' એ સામાન્ય રીતે સજીવ પદાર્થને માટે એટલે પ્રાણીને માટે વપરાય છે અને 'શું' એ નિર્જીવ પદાર્થને માટે વપરાય છે. જેમ કે
- આ ઓરડામાં કોણ ફરે છે ?
- બારણું કોણે ઠોક્યું ?
- તમે કયું ગીત પસંદ કરશો ?
- કોણ આવ્યું છે ?
- તમારે શું જોઈએ છે ?

(5) અનિશ્ચિત સર્વનામ :-

❖ જે સર્વનામમાંથી ચોક્કસ વ્યક્તિ કે પદાર્થનો અર્થ સૂચવાતો નથી અર્થાત જેનો નિર્દેશ અનિશ્ચિત રહે છે તે અનિશ્ચિત સર્વનામ કહેવાય છે. 'કોઈ', 'કાંઈક', 'કંઈક', 'હરેક', 'દરેક', 'પ્રત્યેક', 'અમુક', 'ફલાણો', 'સર્વ', 'સહુ', 'બહુ', 'બધું', 'અન્ય', 'ઇતર', 'બીજું', 'કેટલુંક', - વગેરે અનિશ્ચિત સર્વનામ છે. જેમ કે –

❖ તમે કાંઈ કહેશો ?　❖ તેં કંઈક ગુમાવ્યું હોય એમ લાગે છે.　❖ તેને કાંઈ થયું નથી.

*(6) <u>સ્વવાચક સર્વનામ :-</u>*

❖ જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે વપરાઈને તેને પોતાને ઓળખાવે છે એ સ્વવાચક સર્વનામ કહેવાય છે. 'પોતે' સ્વવાચક સર્વનામ છે. જેમ કે –

➢ મેં પોતે આ કામ કર્યું છે.
➢ તમે પોતે એને ફટવ્યો છે.
➢ એણે પોતે એનો ગુનો કબૂલ્યો છે.
➢ તમે ખુદ ત્યાં હાજર રહેજો

## વિશેષણ

વિશેષણ એટલે શું ?

❖ જે શબ્દ પ્રાણી કે પદાર્થના ગુણ કે ક્રિયાને વર્ણવી તેના અર્થમાં વધારો કરે છે તેને વિશેષણ કહેવાય જેમ કે –

❖ <u>રાતી</u> ગાય સૌથી આગળ જાય છે.　❖ આકાશમાં <u>ઝગમગતા</u> તારા પ્રકાશે છે.　❖ મુંબઈ <u>મોટું</u> શહેર છે.

❖ આ વર્ગમાં <u>પચાસ</u> વિદ્યાર્થી બેઠા છે.　❖ તાજમહાલ <u>સુંદર</u> ઇમારત છે.

❖ ઉપરના વાક્યોમાં અધોરેખિત શબ્દો અનુક્રમે 'રાતી', 'પચાસ', ઝગમગતા', 'સુંદર' અને 'મોટું' શબ્દો અનુક્રમે 'ગાય', 'વિદ્યાર્થી', 'તારા', 'ઇમારત' અને 'શહેર' શબ્દોના ગુણ કે ક્રિયા બતાવી તેમના અર્થમાં વધારો કરે છે માટે એ શબ્દોને વિશેષણ કહેવાય.

વિશેષણ અને વિશેષ્ય :

❖ જે શબ્દ નામ એટલે કે સંજ્ઞાના અર્થમાં વધારો કરે છે તેને 'વિશેષણ' કહેવાય છે અને વિશેષણ જેનો ગુણ કે ક્રિયા દર્શાવે છે તેને 'વિશેષ્ય' કહેવાય છે. જેમ કે 'ચતુર પુરુષ' માં 'ચતુર' એ વિશેષણ છે જે 'પુરુષ' વિશેષ્યના ગુણને દર્શાવે છે.

❖ શિયાળ લુચ્ચું હોય છે. (શિયાળ - વિશેષ્ય, વિશેષણ - લુચ્ચું)

*<u>વિશેષણના પ્રકાર :-</u>*

*સ્વરૂપની રીતે વિશેષણના પ્રકાર*

<u>(A)વિકારી વિશેષણ :– [વિકાર – ફેરફાર થાય]</u>

❖ જે વિશેષણના રૂપમાં વિશેષ્યના જાતિ અને વચનના ફેરફારને કારણે વિકાર આવે છે તે વિકારી વિશેષણ છે જેમે કે –

❖ સારો માણસ સૌને ગમે. (નરજાતિ,પુલ્લિંગ)　❖ સારું કામ દીપી ઊઠે.(નાન્યતરજાતિ, નપુંસકલિંગ)　❖ સારા માણસ રેઢા નથી પડ્યા. (બહુવચન)

❖ આમ સારો – સારા – સારું, નઠારો – નઠારી – નઠારું,　❖ મીઠો – મીઠી – મીઠું, સુંવાળો – સુંવાળી – સુંવાળું,

*(B) અવિકારી વિશેષણ :-*

- ❖ જે વિશેષણના રૂપમાં વિશેષ્યના જાતિ-વચનને કારણે કોઈ ફેરફાર થતો નથી, વિકાર આવતો નથી તેને અવિકારી વિશેષણ કહેવાય. જેમ કે
- ❖ હોશિયાર છોકરો બેઠા છે. (નરજાતિ, એ.વ.)
- ❖ હોશિયાર છોકરા ઓછા મળે છે. (નરજાતિ, બહુ)
- ❖ હોશિયાર છોકરી સૌને વ્હાલી લાગે.(નારીજાતિ,એ.વ.)
- ❖ એ જ રીતે- કઠોર, કઠણ, સામાન્ય, વિશેષ, નિયમસર, સુંદર
- ❖ એ બધાં એવાં અવિકારી વિશેષણો છે જે વિશેષ્યના જાતિ-વચનમાં વિકાર આવે છતાં એ વિશેષણો અવિકારી રહે છે.

*અર્થપ્રમાણે વિશેષણના પ્રકાર :-*

*ગુણવાચક વિશેષણ :-*

- ❖ જે વિશેષણ પ્રાણી કે પદાર્થનો ગુણ બતાવે છે તેને ગુણવાચક વિશેષણ કહેવાય છે.
- ❖ મને રંગીન ફૂલ ગમે છે.
- ❖ જાડો માણસ દોડી શકતો નથી.

*સંખ્યાવાચક વિશેષણ :-*

- ❖ સંખ્યાવાચક વિશેષણમાંનું વિશેષણ સંખ્યા બતાવી વિશેષ્યના અર્થમાં વધારો કરે છે. જેમ કે –
- ❖ અમારી ઓફિસમાં પચાસ કર્મચારી છે.
- ❖ મારા કુટુંબમાં સાત સભ્ય છે.
- ❖ થોડું, ઘણું, પુષ્કળ, સઘળું, બધું, વત્તું, ઓછું, અલ્પ, જરા, બાકીનું, અન્ય, કંઈક, કોઈ, અમુક વગેરે અનિશ્ચિત સંખ્યા દર્શાવતાં વિશેષણો છે.

*પરિમાણવાચક વિશેષણ – માપવાચક વિશેષણ :-*

- ❖ પરિમાણવાચક વિશેષણ પદાર્થનાં માપ એ જથ્થો દર્શાવી વિશેષ્યના અર્થમાં વધારો કરે છે
- ❖ થોડું દૂધ આપો.
- ❖ વધારે ઘી નાખી શીરો બનાવો.
- ❖ ખોબો પાણી પીધું.
- ❖ જરા મીઠું વધારે નાખો.
- ❖ પ્યાલો દૂધ આપું.
- ❖ મણ બાજરી લીધી.

*દર્શક વિશેષણ :-*

- ❖ દર્શક સર્વનામ જયારે વિશેષણ તરીકે વપરાય ત્યારે તેને દર્શક વિશેષણ કહેવામાં આવે છે. વ્યક્તિ કે પદાર્થને દર્શાવવાની કામગીરી કરે છે.
- ❖ આ ચિત્ર જુઓ.
- ❖ તે છોકરો વાંચે છે.
- ❖ પેલું ઝાડ ઘણું ઊંચું છે.
- ❖ એ શાક લાવશો નહીં.
- ❖ ઉપરના ઉદાહરણોમાંના 'આ', 'એ', 'તે', 'પેલું' મૂળભૂત રીતે સર્વનામ છે. પણ વાક્યોમાં એ નામના અર્થમાં વધારો કરે છે તેથી અહીં તે દર્શક વિશેષણ બને છે.

*પ્રશ્નવાચક વિશેષણ :-*

- ❖ જયારે વિશેષણનો ઉપયોગ પ્રશ્ન પૂછવા માટે કરવામાં આવે ત્યારે એ પ્રશ્નવાચક વિશેષણ બને છે જેમ કે –
- ❖ કેવી વાત કરો છો ?
- ❖ તમારો શો જવાબ છે ?
- ❖ કયો માણસ આવ્યો હતો ?
- ❖ તમે કયાં જવાના છો ?
- ❖ ઉપરના ઉદાહરણોમાં 'કેવી', 'શો', 'કયો', જેવા શબ્દ પ્રશ્ન પૂછવા માટે વપરાય છે તેથી તે પ્રશ્નવાચક વિશેષણ બને છે.

*સાપેક્ષ વિશેષણ :-*

❖ ઘણી વાર સાપેક્ષ સર્વનામ સાપેક્ષ વિશેષણ બને છે. સાપેક્ષ સર્વનામ એટલે એવા સર્વનામ જે એકબીજાની અપેક્ષાએ વપરાતાં હોય છે.

❖ જેવું વાવશો તેવું લણશો. ❖ જેવાં બી વાવશો તેવાં ફળ મેળવશો. ❖ જે કામ કરો તે જોઈ વિચારીને કરજો.

*અનુવાદ્ય વિશેષણ :-*

❖ જયારે વિશેષણને વિશેષ્યની આગળ મૂકવામાં આવે ત્યારે અનુવાદ્ય વિશેષણ બને છે. પેલું સુંદર ફૂલ લાવો.

*વિધેય વિશેષણ :-*

❖ જયારે વિશેષણને વિશેષ્ય પછી મૂકવામાં આવે એટલે વિધેય વિશેષણ બને છે. પેલું ફૂલ સુંદર છે.

## ક્રિયાપદ

આપેલ વાક્યમાં જે શબ્દ ક્રિયા દર્શાવે તે શબ્દ / પદને ક્રિયાપદ તરીકે ઓળખવામાં આવે છે.

ઉદા.

❖ હું ધીમે ધીમે જમુ છું. ❖ તે રમત રમે છે.

❖ ગાય ચરવા જાય છે. ❖ તેઓ કાલે આવશે.

❖ જેમ ક્રિયાપદનાં કાળનાં રૂપો જુદાં હોય છે તેમ ક્રિયાપદના અર્થના મુખ્ય પાંચ પ્રકાર છે.

1. *નિર્દેશાર્થ*

➢ નિર્દેશાર્થમાં મુખ્યત્વે ક્રિયા થવાનો નિર્દેશ હોય છે. નિર્દેશાર્થમાં ક્રિયાપદ ક્રિયા વર્તમાનકાળમાં થતી હોવાનો, ભૂતકાળમાં થઈ હોવાનો કે ભવિષ્યમાં થવાની હોવાનો નિર્દેશ કરે છે. જેમ કે- તે ખાય છે, તેણે ખાધું, તે ખાશે.

❖ કાલે વરસાદ પડ્યો હતો. રોહિત ત્યાં જશે નહીં. હું કાલે વડોદર જઈશ.

2. *આજ્ઞાર્થ*

➢ જે ક્રિયાપદનાં રૂપમાંથી આજ્ઞા, હુકમ,આજીજી, પ્રાર્થના, ઉપદેશ જેવા અર્થ સૂચવાય છે તે આજ્ઞાર્થ છે આજ્ઞા માટે વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં જ નિર્દેશ થઈ શકે આજ્ઞા હકાર નકારમાં હોઈ શકે.
જેમ કે-

❖ સવારે વહેલો ઊઠજે. (ભવિષ્ય આજ્ઞાર્થ) ❖ તું તેની સાથે ન જઈશ. (ભવિષ્ય આજ્ઞાર્થ – નકાર)

❖ આ પોશાક પહેરી લો. (વર્તમાન આજ્ઞાર્થ) ❖ કૃપા કરી મને તમારી મોટરમાં લઈ જજો (વિનંતી)

❖ તમે બરાબર વાંચજો. (ભવિષ્ય આજ્ઞાર્થ – કહાર)

3. *વિધ્યર્થ*

➢ જે ક્રિયાપદ ફરજ કે કર્તવ્યનો અર્થ બતાવે તે વિધ્યર્થ છે જેમ કે-

❖ હંમેશાં સત્ય બોલવું. ❖ વડીલોને આદર આપવો જોઈએ.

❖ કડવી વાણી ન બોલવી. ❖ મહેમાનને આવકારાઅપવો જોઈએ.

4. સંભાવનાર્થ

➤ જે ક્રિયાપદ દ્વારા ક્રિયા થવાની શક્યતા કે સંભાવના દર્શાવાય છે તે સંભાવનાર્થને વ્યક્ત કરે છે. જેમકે-

❖ હું કદાચ કાલે ત્યાં હોઈશ.
❖ હું કદાચ તમને મળું.
❖ શિકારી હરણને આંબી જશે.
❖ દિલીપા આવ્યો હોય.

5. *ક્રિયાતિપત્યર્થના*

➤ ક્રિયાતિપત્યર્થના ક્રિયાપદમાં જે થયું નથી એની સંભાવના કરવામાં આવે છે.

❖ ગયે વરસે વરસાદ પડ્યો હોય તો પાક સારો થાત.
❖ એણે જણાવ્યું હોત તો જરૂર મદદ કરત.
❖ એણે મધુર સંગીત છેડ્યું હોત તો હું રાજી થાત.
❖ તમે સમયસર નીકળ્યા હોત તો ગાડી મળત.

## ક્રિયા વિશેષણ

❖ જે પદો (શબ્દો) ક્રિયાપદની સાથે આવીને ક્રિયાના અર્થમાં વધારો કરે છે. તેને ક્રિયાવિશેષણ કહે છે.

1. *સ્થળવાચક ક્રિયાવિશેષણ*

❖ આ ક્રિયાવિશેષણ ક્રિયાનું સ્થળ દર્શાવે છે. 'ત્યાં' 'ક્યાં', 'અહીં', 'એમ', 'સર્વત્ર', 'ઉપર', 'નીચે', 'ઊંચે', 'હેઠળ', 'હેઠે', 'આઘે', 'છેટે', 'દૂર', 'પાસે', 'નજીક', 'લગોલગ', 'આગળ', 'પાછળ' આવાં ક્રિયાવિશેષણ છે. દા. ત.,

❖ ગાડી ત્યાં ઊભી છે.
❖ નિરીક્ષકે આસપાસ જોયું.

2. *કાળવાચક ક્રિયાવિશેષણ*

❖ આ ક્રિયાવિશેષણો ક્રિયાનો કાળ એટલે કે સમય બતાવે છે.' ત્યારે', 'ક્યારે', 'હમણા', 'સદા', 'સર્વદા', 'નિત્ય', 'તુરંત', 'હવે', 'હાલ', 'ઓણ', 'પોર', 'રોજ' જેવાં ક્રિયાવિશેષણ આ પ્રકારનાં છે. દા. ત.,

❖ એ ક્યારે સૂએ છે?
❖ એ રોજ ઈશ્વરનું ધ્યાન ધરે છે.
❖ તે કચેરીમાં હમણાં આવ્યો.

3. *રીતિવાચક ક્રિયાવિશેષણ*

❖ આ ક્રિયાવિશેષણ ક્રિયા કેવી રીતે થઈ એટલે કે ક્રિયાની રીત દર્શાવે છે. 'આમ', 'એમ', 'જેમ', 'તેમ', 'માંડ', 'ચૂપચાપ' વગેરે. 'એકદમ', 'જલદી', 'ઝટ', 'તરત', 'તાબડતોબ', 'એકાએક', 'અડોઅડ', 'ઘટકઘટક', 'તરતોતરત' વિગેરે દ્વિરુક્ત શબ્દો પણ રીતિવાચક ક્રિયાવિશેષણ જ બનાવે છે.

❖ કલ્પેશ ચૂપચાપ બેઠો છે.
❖ પંખી ફડફડ ઊડી ગયું.
❖ રાગિણી બેઠી બેઠી ગાય છે.

4. *પરિમાણવાચક ક્રિયાવિશેષણ*

❖ આવાં ક્રિયાવિશેષણ ક્રિયાનું પ્રમાણ – માપ એટલે કે પરિમાણ દર્શાવે છે. 'ઘણુ', 'ઓછું', 'જરા', 'લગીર', 'બિલકુલ', 'તદ્દન', 'છેક', 'ખૂબ', 'અતિશય' વગેરે જેમ કે

❖ સાકેત ઘણું રાડ્યો.
❖ મનોજને થોડું દુ:ખે છે.

### 5. *ક્રમવાચક ક્રિયાવિશેષણ*

- આવાં ક્રિયાવિશેષણ ક્રિયાનો ક્રમ દર્શાવે છે. 'આગળ', 'પાછળ', 'અગાઉ', 'પછી' વગેરે આવાં ક્રિયાવિશેષણ છે જેમ કે-
  - દિલીપ પહેલો આવ્યો.
  - હીના છેલ્લી આવી.

### 6. *નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ*

- આવાં ક્રિયાવિશેષણ ક્રિયા જરૂર બનશે કે બની એવા નિશ્ચયનો બનાવે છે. 'જરૂર', 'ખરેખર', 'અવશ્ય', 'ખચીત' વગેરે આવાં ક્રિયાવિશેષણ છે. દા. ત.
  - તે આ કામ જરૂર કરશે
  - ગીતા આ ગીત ચોક્કસ ગાશે.
  - આપણા પ્રિય નેતા અવશ્ય પધારશે

### 7. *સ્વીકારવાચક ક્રિયાવિશેષણ*

- આ ક્રિયાવિશેષણ બનેલી કે બનવાની ક્રિયાના સ્વીકારનો અર્થ બતાવે છે. 'ભલે', 'છો', 'હા', 'વારુ', 'સારુ' વગેરે આવા ક્રિયાવિશેષણ છે. જેમકે-
  - તમે ભલે પધાર્યા.
  - આ સુધારાને અમલમાં મૂક્યો તે સારું કર્યું.

### 8. *નકારવાચક ક્રિયાવિશેષણ*

- આ ક્રિયાવિશેષણ ક્રિયા નકારવાના અર્થમાં વપરાય છે 'નહીં', 'મા', 'ન' આવાં ક્રિયાવિશેષણ છે. દા. ત.
  - તે જમવા ગયો નહિ.
  - વડીલોની આજ્ઞા લોપશો મા.
  - અસભ્ય ન બોલશો.

### 9. *સંભાવનાવાચક ક્રિયાવિશેષણ*

- આ ક્રિયાવિશેષણ ક્રિયા બની છે કે બનશે એવી સંભાવનાનો અર્થ દર્શાવે છે. 'કદાચ', 'રખે', 'જાણે' વગેરે આવાં ક્રિયાવિશેષણ છે જેમકે-
  - જાણે કુદરતનો કોપ ઊતર્યો હોય એવું લાગે છે.
  - તેઓ કદાચ આવતી કાલે મુંબઈ આવશે.

### 10. *સંખ્યાવાચક ક્રિયાવિશેષણ*

- આ ક્રિયાવિશેષણ ક્રિયાની સંખ્યા એટલે કે ક્રિયા કેટલી વાર થઈ છે દર્શાવે છે. 'વારંવાર', 'એક વાર', 'અનેક વાર', 'બહુ વાર' આ શબ્દસમૂહો સંખ્યાવાચક ક્રિયાવિશેષણનો અર્થ દર્શાવે છે. જેમકે-
  - તમને વારંવાર કહ્યું પણ તમારા મનમાં ઊતરતું જ નથી.
  - એક વાર મારી વાત સાંભળશો ખરા?

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# સંયોજક

❖ જે પદ બે શબ્દોને, બે શબ્દ સમૂહોને કે બે વાક્યોને જોડવાનું કામ કરે છે તેને સંયોજક કહે છે. સંયોજકને પરંપરાગત રીતે 'ઉભયાન્વયી અવ્યય' પણ કહે છે. 'ઉભય' એટલે બે અને 'અન્વય' એટલે જોડવું.

1. *સમુચ્ચયવાચક*

➢ 'ને', 'અને', 'તથા', 'તેમ જ', 'વળી' 'ઉપરાંત' જેવાં સંયોજક બે શબ્દો કે વાક્યોના સમુચ્ચયનો એટલે કે એકઠા પણાના અર્થને દર્શાવે છે. જેમ કે-

❖ રામ, સીતા અને લક્ષ્મણ વનમાં ગયાં.
❖ ત્યાં આવજો તથા જમજો.

2. *વિકલ્પવાચક*

➢ બેમાંથી એકની પસંદગી કે વિકલ્પનો અર્થ સૂચવવા માટે 'અથવા', 'અથવાં-તો', 'કે' જેવા સંયોજક વપરાય છે. જેમ કે-

❖ તમે આ સાડી લો કે પેલી લો.
❖ ચાહો યા તિરસ્કારો.

3. *વિરોધવાચક*

➢ જોકે, 'તોપણ', 'છતાં', 'છતાં પણ', 'ઊલટું', 'બલકે' જેવાં સંયોજક વાક્યોના અર્થને પરસ્પર વિરોધમાં આપે છે જેમકે-

❖ ગઢ જીત્યો પણ સિંહ ગયો.
❖ હું આવ્યો પણ તમે ન મળ્યા.

4. *અનુમાનવાચક*

➢ 'તેથી', 'એટલે', 'માટે', 'એથી' જેવા સંયોજક અનુમાનરૂપ હકીકતનું કથન અને પાયારૂપ હકીકતનું કથન એ બંને પ્રકારનાં વાક્યને જોડે છે.

❖ તે લગ્નમાં ગયો હશે તેથી કચેરીમાં આવ્યો નહીં હોય.

5. *સહસંબંધ વાચક*

➢ 'જો-તો', 'જ્યારે-ત્યારે', 'જેમ-તેમ', 'જ્યાં-ત્યાં' આ જોડકા સંયોજકો વડે શરત, સમય, સ્થળ વગેરેથી જોડાયેલાં વાક્યો બને છે. જેમકે-

❖ જો તમે ગાશો તો હું ગાઈશ.
❖ જ્યારે તમે આવશો ત્યારે હું ખાઈશ.

6. *પરિણામવાચક*

➢ 'એટલે', 'તેથી', 'એથી', 'માટે', 'ત્યાં' જેવાં સંયોજક પાછળના વાક્યમાં પરિણામ દર્શાવે છે જેમ કે-

❖ રાતદિવસ મહેનત કરી એટલે પાસ થયો.
❖ ઈન્ટરવ્યુમાં સારો દેખાવ કર્યો તેથી નોકરી મળી.

7. *કારણ વાચક*

➢ 'કારણ કે', 'કેમ કે' જેવા સંયોજક પાછળના વાક્યમાં કારણ દર્શાવે છે. જેમ કે-

❖ તે જમી ન શક્યો કારણ કે તેને દાંતમાં દુઃખાવો હતો.
❖ તે મૃત્યુ પામ્યો કેમ કે તેને કેન્સરનો રોગ હતો.

8. *દ્રષ્ટાંતવાચક*

➢ 'જેમકે' જેવા સંયોજક પાછળના વાક્યમાં ઉદાહરણ દર્શાવવા માટે ઉપયોગમાં લેવાય છે. જેમ કે-

❖ અભિમાન વિનાશને નોંતરે છે, જેમ કે રાવણ.

9. *પર્યાયવાચક*

➢ 'અર્થાત', એટલે', 'એટલે કે' જેવા સંયોજક પદ એ વાક્યનો બીજા પદ કે વાક્યમાં અર્થ દર્શાવનાર છે. જેમકે-

❖ સમર્પણ એટલે બલિદાન વિના સિદ્ધિ નથી.
❖ આહ્વાન એટલે કે પડકાર.

10. *અવતરણવાચક*

➢ 'કે' સંયોજક પાછળના વાક્યમાં અવતરણ રજૂ કરનાર સંયોજક છે. જેમક-

❖ ભગવાન બુદ્ધે ઉપદેશ આપ્યો છે કે અહિંસાનું પાલન કરો
❖ બાઈબલમાં જણાવ્યું છે કે તું તારા પડોશીને પ્રેમ કર.

# નિપાત

- ❖ ગુજરાતીમાં કેટલાક ઘટકો એવા છે કે સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ કે ક્રિયાપદ જેમ જુદા જુદા પ્રકારના પદોની સાથે કે એમની આગળ પાછળ આવે છે અને ભાર વગેરે જુદી જુદી અર્થછાયાઓ દર્શાવે છે, એમને 'નિપાત' તરીકે ઓળખી શકાય ગુજરાતીમાં 'જે', 'તો', 'ને', 'ય', 'પણ', 'સુધ્ધા', 'ફક્ત-માત્ર-કેવળ', 'જી', 'ખરુ-ખરો' જેવા નિપાત મળે છે જે જુદા જુદા નીચે પ્રમાણેના અર્થો દર્શાવે છે.
- ❖ સાદા અર્થમાં કહીએ તો વાક્યમાં આવતો એવો શબ્દ કે જેને કાઢી નાખવાથી વાક્યના અર્થમાં ફેર પડે નહિં માત્ર વાક્યનો ભાર ઓછો થાય.
- નિપાત દ્વારા સૂચવાતા અર્થ

1. *'જ'*--- આ નિપાત ભારપૂર્વકનું કથન કરવા માટે વપરાય છે. જે પદ (શબ્દ)ની સાથે આવે છે તેનું ભારપૂર્વકનું કથન થાય છે. 'આ જ અને અન્ય નહીં' એવો એનો અર્થ હોય છે. દા. ત.

- ❖ તમે સારું જ કર્યું (ખરેખર સારું)
- ❖ અત્યારે જ આવો (પછી નહીં)
- ❖ એ કિશોર જ છે (બીજું કોઈ નહીં)

2. *'તો'*--- આ નિપાત અન્ય નિરપેક્ષતાનો અર્થ એટલે કે 'બીજું નહીં તો પણ આ' નો અર્થ દર્શાવે છે અને જ્યારે એ વાક્યમાં ક્રિયાપદની સાથે આવે છે ત્યારે 'ખરું'નું વિકારી રૂપ લે છે. જેમ કે-

- ❖ હું તો જઈશ. (બીજું કોઈ આવે કે ન આવે તો પણ)
- ❖ એ આવશે તો ખરો. (ક્યારે આવે તે નક્કી નહીં તો પણ)

3. *'ને'*--- આ નિપાત ક્રિયાપદની સાથે આવે છે અને વિધેય વાચક અન્ય પદની સાથે આવે છે અને આગ્રહ કે ખાતરીનો અર્થ દર્શાવે છે જેમ કે-

- ❖ બેસો ને. (આગ્રહ)
- ❖ તમે આવશો ને. (ખાતરી)
- ❖ આ તમારા ભાઈને. (ખારતી)

4. *'ય' 'પણ', સુધ્ધાં'* ----- આ ત્રણે નિપાત અન્તર્ભાવનો એટલે કે બીજા સાથે આનો પણ સમાવેશ થવાનો અર્થ દર્શાવે છે. જેમ કે -

- ❖ એણે મનેય /પણ/સુધ્ધાં બોલાવ્યો. (બીજોને બોલાવ્યા તેમ)
- ❖ એનું કામ ધીમુંય ખરૂં.
- ❖ એનું કામ ધીમું સુધ્ધાં હોય છે.

5. *'જી'* ---- આ નિપાત આદર કે વિનયવાચક છે તે અમુક સંજ્ઞા અને ક્રિયાપદની સાથે આવે છે. જેમ કે-

- ❖ બહેનજી મને થોડા પૈસા આપો. (વિનયવાચક)
- ❖ કાગળનો જવાબ જરૂર લખશોજી. (આદરવચક)

6. *ફક્ત/માત્રક.કેવળ* ----- આ નિપાત પદની (શબ્દની) પહેલાં આવીને 'આ સિવાય બીજું નહીં' અર્થ દર્શાવે છે જેમ કે-

- ❖ ફક્ત હું હાજર રહ્યુ હતો. (મારા સિવાય કોઈ નહીં)
- ❖ મારે માત્ર બોલવાનું છે. (બીજું કઈ કરવાનું નથી)
- ❖ એનું કામ કેવળ વાંચવાનું છે. (બીજું કંઈ કરવાનું નથી)

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# કૃદન્ત

❖ જે પદ(શબ્દ) ક્રિયા બતાવે છે પણ ક્રિયાપદની જેમ વાક્ય બનાવી અર્થ પૂરો કરી શકતાં નથી તે કૃદન્ત કહેવાય છે.

## 1. *વર્તમાન કૃદન્ત*

➢ ધાતુને 'ત' પ્રત્યય લાગીને વર્તમાન કૃદન્ત બને છે. આ કૃદન્ત વિકારી કૃદન્ત છે. એ મુખ્યત્વે ક્રિયાની કોઈ પણ કાળની ચાલુ અવસ્થા દર્શાવે છે. આ કૃદંત ક્રિયાપદ, અને ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે. જેમ કે-

- તે રોજ મારે ત્યાં આવતો. (ક્રિયાપદ તરીકે) [આવવું ક્રિયાપદ છે]
- હસતું મોઢું રાખજો. (વિશેષણ તરીકે) [હસવું ક્રિયાપદ છે]
- એ ગાતો ગાતો ન્હાય છે. (ક્રિયાવિશેષણ તરીકે) [ગાવું ક્રિયાપદ છે]

## 2. *ભૂત કૃદન્ત*

➢ ધાતુને 'ય' અથવા 'ય+એલ' પ્રત્યય લાગીને ભૂતકૃદન્ત બને છે. એ વિકારી અને અવિકારી બંને રૂપે મળે છે મુખ્યત્વે આ કૃદન્ત ક્રિયાની કોઈ પણ કાળની પૂર્ણ અવસ્થા દર્શાવે છે. આ કૃદન્ત ક્રિયાપદ તરીકે, પૂર્ણ ક્રિયાવાચક વિશેષણ તરીકે તેમ જ ક્રિયાવિશેષણ અને સંજ્ઞા તરીકે પ્રયોજાય છે. જેમ કે-

- કરમાયેલાં ફૂલનો ઢગલો પડ્યો છે. (ક્રિયાપદ તરીકે)
- એનો પડ્યો બોલ ઝિલાય છે. (વિશેષણ તરીકે)
- ઝાડ પરથી પડેલું ફળ કોણે લીધું. (વિશેષણ તરીકે)
- રમેશ પથારીમાં પડ્યો પડ્યો વાંચે છે. (ક્રિયાવિશેષણ તરીકે)

## 3. *ભવિષ્ય કૃદન્ત*

➢ ધાતુને '-નાર-' પ્રત્યય લાગીને ભવિષ્ય કૃદંત બને છે. એ વિકારી-અવિકારી કૃદન્ત છે. મુખ્યત્વે આ કૃદન્ત કોઈ પણ કાળની અપેક્ષિત ક્રિયા દર્શાવે છે. આ કૃદન્ત તરીકે, વિશેષણ તરીકે તેમજ કર્તૃવાચક સંજ્ઞા તરીકે આવે છે. જેમ કે-

- એ આજે મુંબઈથી આવનાર હતો. (ક્રિયાપદ તરીકે)
- આવનારાં બધાં આવી ગયાં. (વિશેષણ તરીકે)
- હૉસ્ટેલમાં રહેનારને પ્રથમ પ્રવેશ મળશે. (સંજ્ઞા તરીકે)

## 4. *વિધ્યર્થ અથવા સામાન્ય કૃદન્ત*

➢ ધાતુને 'વ' પ્રત્યય લાગીને વિધ્યર્થ કૃદન્ત બને છે. આ કૃદન્ત વિકારી છે. મુખ્યત્વે એ ક્રિયાની વિધિ-કર્તવ્યતા કે કેવળ ક્રયા થવાનો ભાવ દર્શાવે છે. એ ક્રિયાપદ તરીકે સંજ્ઞા વપરાય છે. દા. ત.

- તમારે બરાબર નવ વાગ્યે આવી જવું (ક્રિયાપદ તરીકે)
- એને પરીક્ષામાં પાસ થવું છે. (ક્રિયાપદ તરીકે)
- દવા ખાવી કોને ગમે? (સંજ્ઞા તરીકે)

❖ આ કૃદન્ત કોઈ ચોક્કસ કાળના અર્થને સૂચવતું નથી. તેથી જ તેને સામાન્ય કૃદન્ત કહે છે. 'કર' ધાતુ ઉપરથી આટલા સામાન્ય કૃદન્ત બની શકે. કરવું, કરવી, કરવો, કરવા, કરવાં.

## 5. *સંબંધક ભૂતકૃદન્ત*

➢ ધાતુને 'ઈ/ઈને' પ્રત્યય લાગીને સંબંધક ભૂતકૃદંત બને છે. આ કૃદન્ત દ્વારા કોઈ પણ કાળની મુખ્ય ક્રિયાની પૂર્વવર્તી ક્રિયા સૂચવાય છે. મુખ્યત્વે આ કૃદન્ત ક્રિયાવિશેષણની કામગીરી કરે છે. જેમ કે-

- તમે મારે ત્યાં જમીને આવજો. (ક્રિયાવિશેષણ તરીકે)
- આ પીને હું નીકળ્યો છું. (ક્રિયાવિશેષણ તરીકે)

❖ અહીં પ્રથમ ઉદાહરણમાં મુખ્ય ક્રિયા 'આવજો'ની પહેલાંની ક્રિયા 'જમીને' દ્વારા સૂચવાય છે. તેથી 'જમીને' સંબંધક ભૂત કૃદન્ત છે.

| | |
|---|---|
| *વર્તમાન કૃદન્ત* | 'ત' |
| *ભૂત કૃદન્ત* | 'ય' અથવા 'ય+એલ' |
| *ભવિષ્ય કૃદન્ત* | નાર |
| *વિધ્યર્થ અથવા સામાન્ય કૃદન્ત* | 'વ' |
| *સંબંધક ભૂતકૃદન્ત* | 'ઈ/ઈને' |

# વિભક્તિ

➢ વાક્યમાં એક પદને બીજા પદ સાથે જોડવાની કામગીરી કરનાર રૂપોને વિભક્તિ પ્રત્યયથી ઓળખવામાં આવે છે.

➢ વાક્યમાં કર્તા, કર્મ વગેરે જુદા જુદા પ્રકારના સંબંધો દર્શાવવાનું કાર્ય કરે છે. આવા સંબંધો દર્શાવનાર ઘટકોને સંસ્કૃત વ્યાકરણી ભાષામાં ‘વિભક્તિ પ્રત્યયો’થી અને ‘કર્તા’, ‘કર્મ’, ‘કરણ’, ‘સંપ્રદાન’, ‘અપાદાન’, સંબંધક વગેરે જે જુદા જુદા પ્રકારના સંબંધો હોય છે તેને ‘વિભક્તિ સંબંધ’ અથવા તો ‘વિભક્તિઓ’થી ઓળખવામાં આવે છે. ગુજરાતી વ્યાકરણમાં આવા સંબંધ દર્શાવનાર ઘટકો એ,ને,થી,થકી, વડે, માં, ઉપર, નો, ની, નું, તરફથી વગેરેને નામયોગીથી ઓળખવામાં આવે છે.

| ક્રમ | વિભક્તિ | કારક | પ્રત્યય | ઉદાહરણ |
|---|---|---|---|---|
| 1. | પ્રથમ | કર્તા | એ | સામતે કહ્યું |
| 2. | દ્વિતીયા | કર્મ | ને | મન ગમતુ – મનને ગમતુ |
| 3. | તૃતીયા | કરણ | થી,થકી,વડે,દ્વારા | હસ્તલિખિત-હાથ વડે લિખિત |
| 4. | ચતુર્થી | સંપ્રદાન | ને,માટે,ની પ્રત્યે,સારુ | રંગભૂમિ – રંગ માટે ભૂમિ |
| 5. | પંચમી | અપાદાન | થી,માંથી,ઉપરથી,ને લીધે | ભયમુક્તિ – ભયથી મુક્ત |
| 6. | ષષ્ઠી | સંબંધક | નો,ની,નું,ના | નર્મદાકાંઠે – નર્મદાના કાંઠે |
| 7. | સપ્તમી | અધિકરણ | માં,અંદર,બહાર,ઉપર,તરફ | વનવાસ-વનમાં વાસ |
| 8. | અષ્ટમી | સંબોધન | હે ! અરે ! | હે ! રામ |

1. પ્રથમા વિભક્તિ (કર્તા વિભક્તિ) પ્રત્યય : એ,

❖ ક્રિયાનો કરનાર તે કર્તા.

❖ કોઈપણ પદ જ્યારે ક્રિયાના કરનારને દર્શાવે ત્યારે એ કર્તા વિભક્તિ છે એમ કહેવામાં આવે છે.

➢ સામત સફરજન ખાય છે.

➢ સીતા સરસ ગાય છે.

➢ અહીં સામત ખાવાની ક્રિયા કરે છે. તેથી સામત કર્તા છે. સીતા ગાવાની ક્રિયા કરે છે, તેથી સીતા કર્તા છે.

2. દ્વિતીયા વિભક્ત (કર્મ વિભક્તિ) :- પ્રત્યય : ને

➢ કર્તા દ્વારા જે ક્રિયા થાય અથવા કર્તા પોતાની ક્રિયા વડે જે ફળ પ્રાપ્ત કરવા ઈચ્છે તે કર્મ.

➢ ક્રિયાને વિષય કે ક્રિયાનું લક્ષ્ય હોય તે બતાવનાર પદને કર્મ કહેવાય.

➢ કોમલ રસોઈ કરે છે.

➢ રમેશ પુસ્તક વાંચે છે.

➢ અહીં કોમલ કર્તા છે અને રસોઈ કર્મ છે.

➢ રમેશ કર્તા છે અને પુસ્તક કર્મ છે.

3. તૃતીયા વિભક્તિ (કરણ વિભક્તિ) :-
પ્રત્યય : થી, થકી, વડે, દ્વારા

❖ કરણ એટલે સાધન ક્રિયા કરવામાં જેનો ઉપયોગ થાય તે પદ જ્યારે ક્રિયાનું સાધન, રીત કે કારણ દર્શાવે છે, ત્યારે તે કરણ વિભક્તિમાં છે એમ કહેવાય.

➢ દાદા, સાપ કાનથી સાંભળે ?

➢ કોમલે કાંસકીથી વાળ ઓળ્યા.

➢ કોમલે નોટબુક પર પેન્સિલ વડે લીટા કર્યા.

➢ રાજેશ ગણિતના દાખલા મોઢેથી ગણી શકે છે.

➢ દાદાજી લાકડીના ટેકા દ્વારા ચાલે છે.

➢ અહીં કાનથી, કાંસકીથી, પેન્સિલ વડે, મોઢેથી, ટેકા દ્વારા વગેરે આ કરણ વિભક્તિના પદો છે.

4. ચતુર્થી વિભક્તિ (સંપ્રદાન વિભક્તિ) :-
પ્રત્યય : ને, માટે, ની પ્રત્યે. સારું

❖ ક્રિયાનું ફળ જેને પ્રાપ્ત થાય તે સંપ્રદાન.

❖ છોકરાઓ માટે દાદાજી ચોપડી લાવ્યા.

5. પંચમી વિભક્તિ (અપાદાન વિભક્તિ)

પ્રત્યય : થી, માંથી, પાસેથી, ઉપરથી, ને લીધે.

- વાક્યમાં જ્યારે છૂટા પડવાનો ભાવ (અર્થ) પ્રગટ કરવો હોય ત્યારે અપાદાન વિભક્તિ પ્રયોજાય છે.
- ❖ અપાદાન એટલે એકનું બીજાથી છૂટું પડવું તે.
- ઝાડ પરથી ફળ પડ્યું.
- હું અમદાવાદથી સાંજે નીકળ્યો છું.
- ઝાડ પરથી એ પદ ઝાડથી ફળ છૂટું પડે છે તે ભાવ વ્યક્ત કરે છે.
- અમદાવાદથી નીકળ્યો એટલે અમદાવાદથી છૂટા પડવાની ક્રિયા થઈ હોય તેમ દર્શાવે છે.

6. ષષ્ઠી વિભક્તિ (સંબંધ વિભક્તિ)

પ્રત્યય : નો, ની, નું, ના

- ❖ જે નામપદ બીજા નામપદ સાથેનો સંબંધ પ્રગટ કરે તે સંબંધ વિભક્તિમાં છે.
- રાજાની રાણી, રાણા પ્રતાપનો ઘોડો, ઘરનું બારણું, એક રૂપિયાના દસ સિક્કા.
- રાજાની, પ્રતાપનો, ઘરનું, રૂપિયાના દ્વારા સંબંધ વ્યક્ત થાય છે.

7. સપ્તમી વિભક્તિ (અધિકરણ વિભક્તિ)

પ્રત્યય : અંદર, બહાર, ઉપર, નીચે, પાસે, તરફ, સામે, પછી, સુધી

- ❖ ક્રિયાનું સ્થાન કે ક્રિયાનો સમય બતાવનાર પદો અધિકરણ વિભક્તિમાં છે એમ કહેવાય.
- ❖ ક્રિયાના જે આધાર હોય તે અધિકરણ.

- નર્મદાના કાંઠા પર શિવજીનું મંદિર છે.
- કોમલ ઘરમાં છે.
- હું સાત દિવસ સુધી રજા ઉપર છું.
- રમેશનું ઘર મંદિર સામે આવેલ છે.

8. અષ્ટમી વિભક્તિ (સંબોધન)

પ્રત્યય : હે ! અરે

- ❖ વાક્યમાં કોઈને સંબોધન આવ્યું હોય તો એ પા સંબોધન વિભક્તિમાં છે એમ કહેવાય.
- હે ! રામ, હે ! ઈશ્વર.
- બહેન, મારે તમારી ક્ષમા માગવાની છે.
- અહીં હે ! બહેન વગેરે પસ સંબોધન રૂપે પ્રયોજાયાં છે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# સંધિ

સંધિના ત્રણ પ્રકાર છે.

1. સ્વરસંધિ. 2. વ્યંજનસંધિ. 3. વિસર્ગસંધિ

1. સ્વરસંધિ :-

સજાતીય :-

હ્સ્વ કે દીર્ધ અ,ઈ,ઋ પછી તેનો તે હ્સ્વ કે દીર્ધ સ્વર આવે તો બંનેને બદલે તેનો દીર્ધ સ્વર થાય.

- અ+અ=આ સ્થળ + અંત = સ્થાળાંતર
- અ+આ=આ જળ + આશય = જળાશય
- આ+અ=આ વિદ્યા + અભ્યાસ = વિદ્યાભ્યાસ
- ઈ+ઈ=ઈ રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર
- ઇ+ઈ=ઈ કવિ + ઈશ્વર = કવીશ્વર
- ઈ+ઈ=ઈ યોગી + ઈન્દ્ર = યોગીન્દ્ર
- ઈ+ઈ=ઈ નારી + ઈશ્વર = નારીશ્વર
- ઉ+ઉ=ઊ ભાનુ + ઉદય = ભાનૂદય
- ઉ+ઊ=ઊ સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ
- ઊ+ઉ=ઊ વધુ + ઉલ્લાસ = વધૂલ્લાસ
- ઊ+ઊ=ઊ વધૂ + ઊર્મિ = વધૂર્મિ

વિજાતીય :-

અ કે આ પછી હસ્વ કે દીર્શ ઈ,ઉ,ઋ આવે તો સામસામે આવેલા સ્વરો મળી જઈ પછીના સ્વરના ગુણુ સ્વરૂપે મુકાય છે.

- અ+ઇ=એ દેવ + ઈન્દ્ર = દેવેન્દ્ર
- અ+ઈ=એ પરમ + ઈશ્વર = પરમેશ્વર
- આ+ઇ=એ મહા + ઈચ્છા = મહેચ્છા
- આ+ઈ=એ ઉમા + ઈશ = ઉમેશ
- અ+ઉ=ઓ ચંદ્ર + ઉદય = ચંદ્રોદય
- અ+ઊ=ઓ નવ + ઊઢા = નવોઢા
- આ+ઉ=ઓ મહા + ઉદય = મહોદય
- આ+ઊ=ઓ મહા + ઊર્મિ = મહોર્મિ
- અ + ઋ = અર રાજ + ઋષિ = રાજર્ષિ
- આ + ઋ = અર મહા + ઋષિ = મહર્ષિ

- "અ" કે "આ" પછી "એ" કે "ઐ" આવે તો બંને મળેને "ઐ" થાય છે.
- અ+એ=ઐ વિશ્વા + એક્તા = વિશ્વૈકતા
- આ+એ=ઐ સદા + એવા = સદૈવ
- અ+ઐ=ઐ પરમ + ઐશ્વર્ય = પરમૈશ્વર્ય
- આ+ઐ=ઐ મહા + ઐશ્વર્ય = મહૈશ્વર્ય

- "અ" કે "આ" પછી "ઓ" કે "ઔ" આવે તો બંને મળીને "ઔ" થાય છે.
- અ+ઓ=ઔ ઉષ્ણ + ઓદન = ઉષ્ણૌદન
- અ+ઔ=ઔ વન + ઔષધિ = વનૌષધિ
- આ+ઓ=ઔ ગંગા + ઓઘ = ગંગૌઘ
- આ+ઔ=ઔ મહા + ઔષધિ = મહૌષધિ

'ઋ' પછી વિજાતીય સ્વર આવે તો 'ઋ' નો 'ર્' થાય છે

- પિતૃ + આજ્ઞા = પિત્રાજ્ઞા

'ઈ' કે 'ઈ' અ, આ, ઉ, ઊ, ઋ આવે તો નીચે પ્રમાણે ફેરફાર થાય છે.

- ઈ+અ=ય્+અ પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ
- ઈ+એ=ય્+એ પ્રતિ + એક = પ્રત્યેક્ષ
- ઈ+આ=ય્+આ ઈતિ + આદિ = ઈત્યાદિ
- ઈ+ઉ=ય્+ઉ વિ + ઉત્પન્ન = વ્યુત્પન્ન

'ઉ' કે 'ઊ' વિજાતીય સ્વર આવે તો વ્ થાય છે.

- ઉ+અ=વ્+અ સુ + અચ્છ = સ્વચ્છ
- ઉ+આ=વ્+આ ગુરુ + આજ્ઞા = ગુર્વાજ્ઞા

2. વ્યંજનસંધિ :-

- બે વ્યંજનો કે વ્યંજન અને સ્વરનું જોડાણ થાય તેને વ્યંજનસંધિ કહે છે.

1. પદને છેડે મ્ પછી કોઈ વર્ગીય વ્યંજન આવે તો મ્ નો અનુસ્વાદ થાય છે.
   સમ્+કલ્પ=સંકલ્પ
   કિમ્+ચિત=કિંચિત
2. પદને છેડે મ્ પછી અવર્ગીય વ્યંજન ઓ તો (ય્, ર્, લ્,વ્, શ્, ષ્, સ્, હ્) નો અનુસ્વાર થાય છે.
   સમ્+વેદન = સંવેદન
   સમ્+યોગ = સંયોગ
3. પદને છેડે મ્ પછી સ્વર આવે તો તે સ્વર 'મ્'ની સાથે ભળી જાય છે.
   સમ્+ઈક્ષા=સમીક્ષા
   સમ્+ઋદ્ધ=સમૃદ્ધ
4. અનુનાસિક સિવાય કોઈ વર્ગીય વ્યંજન પછી મૃદુ (ઘોષ) વ્યંજન કે સ્વર આવે તો આગલા વ્યંજનની જગ્યાએ તેના જ વર્ગનો ત્રીજો વ્યંજન આવે છે.
   સત્+બુદ્ધિ=સદ્+બુદ્ધિ=સદ્બુદ્ધિ
   ષટ્+આનન=ષડાનન
   ચિત્+આનંદ = ચિદાનંદ

5. રૂપાંતરિત થતા વ્યંજનો.

સ્+ત્ = ષ્, ટ્ સ્ નો ષ ત્ નો ટ્

સ્ ,ત્ = શ્, ચ્ સ્ નો શ્ ત્ નો ચ્

સત્+ચરિત્ર = સચ્ચરિત્ર

ઉત્+ચાર =ઉચ્ચાર

નિશ્+ચિંત = નિશ્ચિત

નિશ્+શ્ચલ = નિશ્ચલ

6. ત્, થ્, દ્, ધ્, પછી જો 'શ્' આવે તો ત્, થ્, દ્, ધ્ નો 'ચ' થાય છે અને 'શ' નો 'છ' થાય છે.

ઉદ્+શ્વાસ = ઉચ્છવાસ

અધ્+શેર =અચ્છેર

ઉદ્+શૃંખલ = ઉચ્છૃંખલ

➢ ક્, ખ્, ગ્, ઘ્, ચ્, છ્, ઝ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, વ્યંજન પછી અનુનાસિક આવે તો તેના વર્ગનો અનુનાસિક મુકાય છે.

ચિત્+મય=ચિન્મય

7. ત્ વર્ગના વ્યંજન પછી લ્ આવે તો ત્ વર્ગના વ્યંજનને બદલે લ્ થાય છે.

તત્+લીન = તલ્લીન

ઉત્+લાસ = ઉલ્લાસ

ઉદ્+લેખ = ઉલ્લેખ

8. 'હ્' ની પહેલા અનનાસિક સિવાય ગમે તે વ્યંજન આવે તો "હ્" નો આગલા વ્યંજનના વર્ગનો ચોથો વ્યંજન થાય. જ્યારે આગલો વ્યંજન પોતાના વર્ગનો ત્રીજો વ્યંજન બને છે.

ઉત્+હા=ઉદ્+ધાર=ઉદ્ધાર

પદ્+હતિ=પદ+ધતિ=પદ્ધતિ

9. સ્ ની પહેલા અ કે આ સિવાયનો કોઈ પણ સ્વર આવે તો 'સ્' નો'ષ્' થાય છે.

વિ+સન = વિષમ

સુ+સુપ્ત = સુષુપ્ત

અભિ+સેક=અભિષેક

10. ઋ, ર્ કષ્ પછી ન આવે તો ન નો ણ્ થાય છે.

નિર્+નય = નિર્ણય

કૃષ્+ના = કૃષ્ણા

ઋ + ન = ઋણ

3. વિસર્ગસંધિ :-

1. વિસર્ગ પહેલા 'અ' અને વિસર્ગની પછી ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો 'ઉ' થાય છે. પછી આગ;આ સ્વરમાં ઉ મળતા બંનેનો 'ઓ' થાય છે.

મન: + રથ = મનોરથ  શિર : +મણિ = શિરોમણિ

મન: + હર = મનોહર  અધ: + ગતિ = અધોગતિ

તેજસ્ +વધ = તેજોવધ  તપ: + ધન = તપોધન

મનસ્+ભાવ=મનોભાવ  છંદ : + બદ્ધ = છંદોબદ્ધ

2. વિસર્ગની પૂર્વ ઇ,ઈ,ઉ, ઊ હોય અને વિસર્ગ પછી સ્વર કે મૃદુ વ્યંજન આવે તો વિસર્ગનો 'ર્' થાય છે.

નિ: + ગમન = નિર્ગમન

નિ: + અર્થક = નિરર્થક

નિ: + ઉપયોગી = નિરુપયોગી

દુ: + ગતિ = દુર્ગતિ

3. વિસર્ગનો 'ર' થયા પછી બીજો 'ર્' આવે તો પહેલો 'ર્' ઊડી જાય છે અને તેના પહેલા હ્રસ્વ હોય તો તે દીર્ઘ બને છે.

➢ નિ : + રવ = નિર્ + રવ = નીરવ

➢ નિ : + રોગી = નિર્ + રોગી = નીરોગી

➢ નિ : + રજ = નિર્ + રજ = નીરજ

➢ નિ : + રસ = નિર્ + રસ = નીરસ

4. વિસર્ગની પછી ત્ કે થ્ આવે તો વિસર્ગનો 'સ્' થાય છે.

➢ નિ : + તેજ = નિસ્ + તેજ = નિસ્તેજ

➢ નિ : + તલ = નિસ્ +તલ = નિસ્તલ

5. વિસર્ગ પછી 'ચ' કે 'છ' આવે તો વિસર્ગનો 'શ' થાય છે.

➢ નિ : + ચલ = નિશ્ + ચલ = નિશ્ચલ

➢ નિ : + ચિંત = નિશ્ + ચિંત = નિશ્ચિત

6. વિસર્ગની પહેલા ઈ કે ઉ હોય અને વિસર્ગ પછી ક્, ખ્, પ્ કે ફ્ આવે તો વિસર્ગનો 'ષ્' થાય છે.

➢ નિસ્ + કામ = નિષ્ +કામ = નિષ્કામ

➢ નિસ્ + પક્ષ = નિષ્ + પક્ષ = નિષ્પક્ષ

7. વિસર્ગની પછી શ, ષ, કે સ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે.

➢ નિ : + શ્વાસ = નિ:શ્વાસ

➢ નિ : + સ્વાર્થ = નિ:સ્વાર્થ

➢ નિ : + શંક = નિ:શંક

8. 'સ્' કે 'ર્' પહેલા અ આવે અને પછી કઠોર વ્યંજન આવે તો 'સ્' કે 'ર્'નો વિસર્ગ થાય છે.

➢ અંતર + કરણ = અંત:કરણ

➢ પ્રાતર્ + કાળ = પ્રાપ્ત:કાળ

➢ અધસ્ + પાત = અધ:પાત

➢ પદના અંતે 'ર' પછી મૃદુ વ્યંજન કે સ્વર આવે તો 'ર્' કાયમ રહે છે.

➢ પુનર્ + જન્મ = પુનર્જન્મ

➢ અંતર્ + ગત = અંતર્ગત

➢ અંતર્ + યામી = અંતર્યામી

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

અ + અ = આ, અ + આ=આ, આ + અ = આ, આ + આ = આ

| | | | | |
|---|---|---|---|---|
| દેવાસુર = દેવ + આસુર | વિદ્યાલય = વિદ્યા + આલય | દેવાલય = દેવ + આલય | ભાવાંજલિ = ભાવ + અંજલિ | ગોળાકાર = ગોળ + આકાર |
| મહાશય = મહા + આશય | ભાષાંતર = ભાષા + અંતર | દેશાંતર = દેશ + અંતર | દેશાભિમાન = દેશ + અભિમાન | સચરાચર = સચર + અચર |
| જળાશય = જળ + આશય | વિદ્યાભ્યાસ = વિદ્યા + અભ્યાસ | હઠાગ્રહ = હઠ + આગ્રહ | સ્વાધ્યાય = સ્વ + અધ્યાય | કુલાંગર = કુલ + અંગાર |
| રૂપાંતર = રૂપ + અંતર | દેવાનંદ = દેવ + આનંદ | શિવાલય = શિવ + આલય | સુરાસુર = સુર + અસુર | અધમાધમ = અધમ + અધમ |
| ભાવાવેશ = ભાવ + આવેશ | શુભાશુભ = શુભ + અશુભ | મહાનલ = મહા + અનલ | સ્વાર્થ = સ્વ + અર્થ | સ્વાનુભવ = સ્વ + અનુભવ |
| વાર્તાલાપ = વાર્તા + આલપ | સાપેક્ષ = સ + અપેક્ષ | સારાસાર = સાર + અસાર | સાર્થક = સ + અર્થક | અનેકાનેક = અનેક + અનેક |
| સાકાર = સ + આકાર | પરમાર્થ = પરમ + અર્થ | સ્વાર્પણ = સ્વ + અર્પણ | વૃદ્ધાશ્રમ = વૃદ્ધ + આશ્રમ | એકાકાર = એક + આકાર |
| વજાસુર = વજ + અસુર | પ્રેમાલાપ = પ્રેમ + આલાપ | શ્રદ્ધાંજલિ = શ્રદ્ધા + અંજલિ | | |

ઈ + ઈ, ઇ + ઇ, ઈ + ઇ, ઇ +ઈ = ઈ

| | | | | |
|---|---|---|---|---|
| હરિ + ઇશ = હરીશ | જ્યોતિ + ઇન્દ્ર = જ્યોતીન્દ્ર | હરિ + ઇચ્છા = હરીચ્છા | દેવી + ઇચ્છા = દેવીચ્છા | કવિ + ઈશ્વર = કવીશ્વર |
| નારી + ઈશ્વર = નારીશ્વર | ગિરિ + ઇશ = ગિરીશ | યોગી + ઇન્દ્ર = યોગીન્દ્ર | શૂલપાણિ + ઇશ્વર = | પરિ + ઇક્ષા = પરીક્ષા |
| કવિ + ઇન્દ્ર = કવીન્દ્ર | લક્ષ્મી + ઇશ્વર = લક્ષ્મીશ્વર | શશી + ઇન્દ્ર = શશીન્દ્ર | શૂલપાણીશ્વર | રજની + ઈન્દુ = રજનીન્દુ |
| કપિ + ઇશ = કપીશ | શ્રી + ઇશ = શ્રીશ | રજની + ઇશ = રજનીશ | રવિ + ઇન્દ્ર = રવીન્દ્ર | |

ઉ + ઉ = ઊ, ઉ + ઊ = ઊ, ઊ + ઊ = ઊ, ઊ + ઉ = ઊ

| | | | | |
|---|---|---|---|---|
| સુ + ઉક્તિ = સૂકિત | ભાનુ + ઉદય = ભાનૂદય | સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ | વધૂ + ઉત્કર્ષ = વધૂત્કર્ષ | ચમૂ + ઉલ્લાસ = ચમૂલ્લાસ |
| વધૂ + ઉલ્લાસ = વધૂલ્લાસ | વધૂ + ઊર્મિ = વધૂર્મિ | ભૂ + ઊર્જિત = ભૂર્જિત | બહુ + ઊર્ધ્વ = હબૂર્ધ્વ | |

અ + ઇ = એ, અ + ઈ = એ, આ + ઇ = એ, આ + ઈ = એ

| | | | | |
|---|---|---|---|---|
| ઉપ + ઇક્ષા = ઉપેક્ષા | દેવ + ઇન્દ્ર = દેવેન્દ્ર | રાજા + ઇધ = રાજેશ | ઉમા + ઇશ = ઉમેશ | યથા + ઇષ્ટ = યથેષ્ટ |
| ધર્મ = ઇન્દ્ર = ધર્મેન્દ્ર | સુર + ઇશ = સુરેશ | રમા + ઇશ = રમેશ | માનવ + ઇન્દ્ર = માનવેન્દ્ર | પરમ + ઇશ્વર = પરમેશ્વર |
| મહા + ઇશ = મહેશ | મહા + ઇન્દ્ર = મહેન્દ્ર | યોગ + ઇશ = યોગેશ | મહા + ઇશ્વર = મહેશ્વર | મહા + ઇચ્છા = પહેચ્છાળ |
| વન + ઇન્દુ = વેનેન્દુ | ઉપ + ઇન્દ્ર = ઉપેન્દ્ર | માનવ + ઇશ = માનવેશ | હિત + ઇચ્છુક = હિતેચ્છુક | |

અ + ઉ = ઓ, અ + ઊ = ઓ, આ + ઉ = ઓ, આ + ઊ = ઓ

| | | | | |
|---|---|---|---|---|
| સૂર્ય + ઉદય = સૂર્યોદય | મહા + ઊર્મિ = મહોર્મિ | વિદ્યા + ઉપાસના = વિદ્યોપાસના | મંગલ + ઉત્સવ = મંગલોત્સવ | ભાગ્ય + ઉદય = ભાગ્યોદય |
| જીર્ણ + ઉદ્ધાર = જીર્ણોદ્ધાર | કલા + ઊર્મિ = કલોર્મિ | મરણ + ઉન્મુખ = મરણોન્મુખ | ચંદ્ર + ઉદય = ચંદ્રોદય | નવ + ઊઢા = નવોઢા |
| પુરુષ + ઉત્તમ = પુરુષોત્તમ | કલ્પના + ઉતેજક = કલ્પનોત્તેજક | પર + ઉપકાર = પરોપકાર | સર્વ + ઉત્તમ = સર્વોત્તમ | વીર + ઉચિત = વીરોચિત |
| મહા + ઉત્સવ = મહોત્સવ | વિદ્યા + ઊર્મિ = વિદ્યોર્મિ | પંચ + ઉપાખ્યાન = પંચોપાખ્યાન | મંત્ર + ઉચ્ચાર = મંત્રોચ્ચાર | મરણ + ઉત્તર = મરણોત્તર |
| આનંદ + ઊર્મિ = આનંદોર્મિ | ઉત્તર + ઉત્તર = ઉત્તરોત્તર | ગંગા + ઉદક = ગંગોદક | શાળા + ઉપયોગી = શાળોપયોગી | અન્ય + ઉક્તિ = અન્યોક્તિ |
| શીત + ઉષ્ણ = શીતોષ્ણ | લગ્ન + ઉત્સવ = લગ્નોત્સવ | સર્વ + ઉદય = સર્વોદય | પ્રણય + ઊર્મિ = પ્રણયોર્મિ | વૃક + ઉદર = વૃકોદર |

અ + ઋ = અર્

| | | | | |
|---|---|---|---|---|
| રાજા + ઋષિ = રાજર્ષિ | દેવ + ઋષિ = દેવર્ષિ | સપ્ત + ઋષિ = સપ્તર્ષિ | મહા + ઋષિ = મહર્ષિ | બ્રહ્મ + ઋષિ = બ્રહ્મર્ષિ |

અ + એ =ઐ, આ + એ = ઐ અ + ઐ = ઐ આ + ઐ = ઐ

| | | | | |
|---|---|---|---|---|
| એક + એક = અકૈક | પુત્ર + એષણા = પુત્રૈષણા | વિશ્વ + એકતા = વિશ્વૈકતા | લોક + એષણા = લોકૈષણા | સદા + એવ = સદૈવ |
| મત + ઐક્ય = મતૈકય | હૃદય + ઐક્ય = હૃદયૈક્ય | મહા + ઐશ્વર્ય = મહૈશ્વર્ય | જનતા + ઐકય = જનતૈકય | તથા + એવ = તથૈવ |
| રસ +ઐકય = રસૈક્ય | દેવ + ઐશ્વર્ય = દેવૈશ્વર્ય | | | |

અ+ઓ=ઔ, આ+ઓ =ઔ, અ+ઔ= ઔ આ+ઔ = ઔ

| | | | | |
|---|---|---|---|---|
| ઉષ્ણ + ઓદન = ઉષ્ણૌદન | મહા + ઔદાર્ય = મહૌદાર્ય | દંત + ઔષ્ઠય = દંતૌષ્ઠય | વન + ઔષધિ = વનૌષધિ | ગંગા + ઓઘ = ગંગૌઘ |

| | | | | |
|---|---|---|---|---|
| મહા + ઔષધિ = મહૌષધિ | મહા + ઓજસ્વી = મહૌજસ્વી | પરમ + ઔત્સુકય = પરમૌત્સુકય | વિદ્યા + ઔત્સુકય = વિદ્યૌત્સુકય | |

ઇ કે ઈ પછી વિજાતીય સ્વર આવે તો ઇ કે ઈ નો ય્ થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ | વિ + ઉત્પન્ન = વ્યુત્પન્ન | વિ + અંગ – વ્યંગ | પ્રતિ + અંગ = પ્રત્યંગ | વિ + અર્થ = વ્યર્થ |
| પરિ + આવરણ = પર્યાવરણ | નિ + ઊન = ન્યૂન | અભિ + ઉદય = અભ્યુદય | પ્રતિ + એક = પ્રત્યેક | વિ + અવહાર = વ્યવહાર |
| પ્રતિ + આઘાત = પ્રત્યાઘાત | પ્રીતિ + અર્થ = પ્રીત્યર્થ | અભિ + આહત = અભ્યાહત | અતિ + આચાર = અત્યાચાર | ઉપરિ+ ઉક્ત = ઉપર્યુક્ત |
| કોટિ + અવધિ = કોટ્યવધિ | પરિ + ઉપાસના = પર્યુપાસના | ઇત + આદિ = ઇત્યાદિ | વિ + ઊહ = વ્યૂહ | વિ + આખ્યા = વ્યાખ્યા |
| અભિ + ઉત્થાન = અભ્યુત્થાન | પરિ + અટન = પર્યટન | પ્રતિ + ઉત્તર = પ્રત્યુત્તર | અભિ + અંતર = અભ્યંતર | પરિ + આલોચના = પર્યાલોચન |

ઉ કે ઊ પછી વિજાતીય સ્વર આવે તો ઉકે ઊ નો વ્ થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| અનુ + એષક = અન્વેષક | પૃથુ + ઈ = પૃથ્વી | સુ + અસ્તિ = સ્વસ્તિ | સુ + અચ્છ = સ્વચ્છ | ગુરુ + આજ્ઞા = ગુર્વાજ્ઞા |
| મનુ + અંતર = મન્વંતર | અનુ + અર્થ = અન્વર્થ | મનુ + આદિ = મન્વાદિ | સુ + અસ્થ = સ્વસ્થ | સુ + અલ્પ = સ્વલ્પ |
| સુ + આગત = સ્વાગત | અનુ + ઇત = અન્વીત | અનુ + એષણ = અન્વેષણ | મધુ + અરિ = મધ્વરિ | |

એ + અ = અય

| | | | | |
|---|---|---|---|---|
| ને + અન = નયન | શે + અન = શયન | | | |

ઐ + અ = આપ

| | | | | |
|---|---|---|---|---|
| ગૈ + અન = ગાયન | ગૈ + અક = ગાયક | નૈ + અક = નાયક | | |

ઓ + અ = અવ

| | | | | |
|---|---|---|---|---|
| પો + અન = પવન | શ્રો + અન = શ્રવણ | હો + અન = હવન | ભો + અન = ભવન | |

ઔ + અ = આવ

| | | | | |
|---|---|---|---|---|
| પૌ + અન = પાવન | પૌ + અક = પાવક | શ્રૌ + અન = શ્રાવણ | નૌ + ઇક = નાવિક | |

## વ્યંજન સંધિ

શબ્દને છેડે મ્ પછી કોઈ વર્ગીય કે વર્ગીય વ્યંજના આવે તો મ્ નો અનુસ્વાર થાય છે

| | | | | |
|---|---|---|---|---|
| સમ્ + હાર = સંહાર | સમ્ + દેશ = સંદેશ | સમ્ + સૃષ્ટિ = સંસૃષ્ટિ | સમ્ + ક્રાન્ત = સંક્રાન્ત | સમ્ + તોષ = સંતોષ |
| સમ્ + હર્તા = સંહર્તા | સમ્ + યોગ = સંયોગ | સમ્ + સાર = સંસાર | સમ્ + તાપ = સંતાપ | સમ્ + લગ્ન = સંલગ્ન |

શબ્દને છેડે મ્ પછી સ્વર આવે તો સ્વર 'મ્' ની સાથે ભળી જાય છે

| | | | | |
|---|---|---|---|---|
| સમ્ + ઇક્ષા = સમીક્ષા | સમ્ + ઋદ્ધ = સમૃદ્ધ | | | |

અઘોષ વ્યંજન પછી સ્વર અથવા અનુનાસિક સિવાયનો ઘોષ વ્યંજન આવે તો અઘોષ વ્યંજના વર્ગનો ત્રીજો વ્યંજન મૂકાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| વાક્ + દાન = વાગ્દાન | તત્ + અપિ = તદપિ | સત્ + આચાર = સદાચાર | સત્ + બુદ્ધિ = સદબુદ્ધિ | ચિત્ + આનંદ = ચિદાનંદ |
| દિક્ + વિજય = દિગ્વિજય | સત્ + ગુણ = સદગુણ | સત્ + ગુરૂ = સદગુરૂ | | |

ઘોષ વ્યંજન પછી અઘોય વ્યંજન આવે તો તે જ વર્ગનો પહેલો અઘોષ વ્યંજન મુકાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| શરદ્ + કાલ = શરત્કાલ | સંપદ્ + તિ = સંપત્તિ | ઉદ્ + કર્મ = સત્કર્મ | વિપદ્ + તિ = વિપત્તિ | ઉદ્ + પત્તિ = અત્પત્તિ |

કોઈપણ વર્ગના પ્રથમ વ્યંજન પછી અનુનાસિક વ્યંજન આવે તોતે વર્ગનો અનુનાસિક મુકાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| વાક્ + મય = વાઙ્મય | જગત્ + નાથ = હગન્નાથ | ષટ્ + માસ = ષણ્માસ | જગત્ + નાયક = જગન્નાયક | તત્ + મય = તન્મય |

| | | | | |
|---|---|---|---|---|
| સત્ + માર્ગ = સન્માર્ગ | સત્ + મતિ = સન્મતિ | | | |
| સ્ ની પહેલાં અ કે આ સિવાયનો કોઈ સ્વર આવતા શ્ નો ષ્ થાય છે | | | | |
| વિ + સમ = વિષમ | સુ + સુપ્ત = સુષુપ્ત | નિ + સ્નાત = નિષ્ણાત | ઉપનિ + સદ = ઉપનિષદ | અભિ + સેક = અભિષેક |
| યુધિ + સ્થિર = યુધિષ્ઠિર | અનુ + સ્થાન = અનુષ્ઠાન | પ્રતિ + સેધ = પ્રતિષેધ | નિ + સિદ્ધિ = નિષિદ્ધ | |
| ત્ કે દ્ પછી લ્, આવે તો ત્યાં લ મુકાય છે. | | | | |
| ઉત્ + લેખ = ઉલ્લેખ | તત્ + લીન = તલ્લીન | ઉત્ + લાસ = ઉલ્લાસ | વિદ્યુત્ + લતા = વિદ્યુલ્લતા | |
| ત્ કે દ્ પછી જ્ આવે ત્યાં જ્ મુકાય છે. | | | | |
| સત્ + જન = સજ્જન | ઉદ્ + જ્વલ = ઉજ્જવલ | ઉત્ + જડ = ઉજ્જડ | | |
| ત્ થ્ દ્ ધ પછી શ્ આવે તો ત્, થ્, દ્, ધ્ નો 'ચ્' થાય છે. અને 'શ્' નો 'છ' થાય છે. | | | | |
| ઉદ્ + સ્વાસ = ઉચ્છ્ વાસ (દ્ નો ચ્ શ્ નો છ્ ) | અધ્ + શેર = અચ્છેર (ધ્ નો ચ્, શ્ નો છ્) | ઉત્ + શિષ્ટ = ઉચ્છિષ્ટ (ત્ નો ચ્, શ્ નો છ્) | ઉદ્ + શૃંખલ = ઉચ્છૃંખલ (દ્ નો ચ્, શ્ નો છ્) | |
| હ્રસ્વ સ્વર પછી છ્ આવે ત્યાં ચ્છ મુકાય છે. | | | | |
| સ્વ + છંદ = સ્વચ્છંદ | માતૃ + છાયા = માતૃચ્છાયા | શિર + છત્ર = શિરચ્છત્ર | પ્ર + છન્ન = પ્રચ્છન્ન | વિ + છેદ = વિચ્છેદ |
| શિર + છેદ = શિરચ્છેદ | પિતૃ + છાયા = પિત્તૃચ્છાયા | તરુ + છાયા = તરુચ્છાયા | પ્રતિ + છાયા = પ્રતિચ્છાયા | પરિ + છેદ = પરિચ્છેદ |
| ઋ , ર્, કે ષ્ પછી ન્ નો ણ્ થાય છે. | | | | |
| તૃષ્ + ના = તૃષ્ણા | પરિ + નિત = પરિણિત | ઋ + ન = ઋણ | પ્ર + નિપાત = પ્રણિપાત | પ્રેક્ષ + અનીય = પ્રેક્ષણીય |
| નિર્ + નય = નિર્ણય | પરિ + નામ = પરિણામ | ભ્રમ્ +અન = ભ્રમણ | આક્રમ્ + અન = આક્રમણ | રમ્ + અન = રમણ |
| પ્ર + અન = પ્રાણ | રામ + અયન = રામાયણ | ભાષ્ + અન = ભાષણ | કૃષ્ + ન = કૃષ્ણ | |
| પદાંત ર્ પછી મૃદું વ્યંજન કે સ્વર આવે તો ર્ કાયમ રહે છે. | | | | |
| પુનર્ + લગ્ન = પુનર્લગ્ન | પુનર્ + મૂલ્યાંકન = પુનર્મૂલ્યાંકન | પુનર્ + જન્મ = પુનર્જન્મ | પુનર્ + વસવાટ = પુનર્વસવાટ | |
| વિસર્ગ સંધિ | | | | |
| વિસર્ગની પૂર્વ 'અ' પછી કોઈ ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો 'ઉ' થાય છે. અ અને ઉ બન્ને સ્વર મળતાં 'ઓ' થાય છે. | | | | |
| મન: + રથ = મનોરથ | અધ: + ગતિ = અધોગતિ | અધ: + ગત = અધોગત | રજ: + નિવૃતિ = રજોનિવૃતિ | |
| રજ: + ગુણ = રજોગુણ | મન: + રાજ્ય = મનોરાજ્ય | અધ: + મુખ – અધોમુખ | સર:/ સરસ્ + વર = સરોવર | |
| વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગ પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો ર થાય છે. | | | | |
| નિ: + અર્થક = નિરર્થક | દુ: + ગતિ = દિર્ગતિ | નિ: + મળ = નિર્મળ | દુ: + ઉપયોગ = દુરુપયોગ | નિ: + ઉત્તર = નિરુત્તર |
| નિ: + દય = નિર્દય | | | | |
| વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગની પછી ર્ આવે તો વિસર્ગનો ર્ થઈ તેનો લોપ થાય છે અને આગળનો સ્વર દીર્ઘ થઈ જાય છે. | | | | |
| નિ: + રવ = નીરવ | નિ: + રોગી = નીરોગી | નિ: + રન્ધ્ર = નીરન્ધ્ર | નિ: + રસ = નીરસ | |
| વિસર્ગ પછી ત્ કે થ્ આવે તો વિસર્ગનો સ્ થાય છે. | | | | |
| દુ: + તર = દુસ્તર | નિ: + તેજ = નિસ્તેજ | દુ: + તાજય = દુસ્તાજ્ય | | |
| વિસર્ગ પછી ચ્ કે છ્ આવે તો વિસર્ગનો શ્ થાય. | | | | |
| નિ: + ચિન્ત = નિશ્ચિંત | નિ: + ચલ = નિશ્ચલ | નિ: + ચેતન = નિશ્ચેતન | અત: + ચક્ષુ = અંતશ્ચક્ષુ | |
| સ્ કે ર્ ની પહેલાં અ આવે તો પછી કઠોર વ્યજંન આવે તો સ્ કે ર્ નો વિસર્ગ થાય છે. | | | | |
| અંતર્ + કરણ = અંત:કરણ | અંતર્ + કેન્દ્ર = અંત:કેન્દ્ર | અધસ્ + પાત = અધ:પાત | અંતર્ + પ્રવાહ = અંત:પ્રવાહ | પુનર્ + કથન = પુન:કથન |

| | | | | |
|---|---|---|---|---|
| અધસ્ + પતન = અધ:પતન | અંતર્ + પ્રેરણા = અંત:પ્રેરણા | અંતર્ + પુર = અંત:પુર | અંતર્ + કોણ = અંત:કોણ | |
| વિસર્ગ પછી ટ્ કે ઠ્, ક્ ખ્ પ્ નો વિસર્ગનો ષ થાય છે | | | | |
| નિ: + કામ = નિષ્કામ | નિ: + કામ = નિષ્કામ | નિ: + કપટ = નિષ્કપટ | દુ: + પરિણામ = દુષ્પરિણામ | નિ: + કંટક = નિષ્કંટક |
| નિ: + કલંક = નિષ્કલંક | નિ: + પક્ષ = નિષ્પક્ષ | નિ: + પ્રાણ = નિષ્પ્રાણ | દુ: + ટ = દુષ્ટ | નિ: પાપ = નિષ્પાપ |
| નિ: + કારણ = નિષ્કારણ | નિ: + કંપ = નિષ્કંપ | નિ: + પ્રયોજન = નિષ્પ્રયોજન | | |
| વિસર્ગ પછી શ્, ષ કે સ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે. | | | | |
| નિ: + શંક = નિ:શંક | દુ: + સાહસ = દુ:સાહસ | નિ: + સ્વાર્થ = નિ:સ્વાર્થ | દુ: + સાધ્ય = દુ:સાધ્ય | નિ: + શુલ્ક = નિ:શુલ્ક |
| નિ: + સંતાન = નિ:સંતાન | નિ: + સ્તબ્ધ = નિ:સ્તબ્ધ | નિ: + સંદેહ = નિ:સંદેહ | દુ: + સ્થિતિ = દુ:સ્થિતિ | |
| દુ: + સ્વપ્ન = દુ:સ્વપ્ન | નિ: + શેષ = નિ:શેષ | નિ: + શ્વાસ = નિ:શ્વાસ | નિ: + સીમ = નિ:સીમ | |

| *નીચેના શબ્દોની સંધિ યાદ રાખો* | | | |
|---|---|---|---|
| વિદ્યા + ઉત્તજેક = વિદ્યોતેજક | ઉદ્ + જવલ = ઉજ્જવલ | મરણ + ઉન્મુખ = મરણોન્મુખ | અન્ +અપ+ ઇક્ષા = અનપેક્ષા |
| ઉદ્ + શ્વાસ = ઉચ્છવાસ | દુસ્ + જન = દુર્જન | છંદ: + બદ્ધ = છંદોબદ્ધ | દિક્ + અંબર = દિગ્બંર |
| અતિ + અંત = અત્યંત | જગત્ + જનની = જગજજનની | નિસ્ + આશા = નિરાશા | સુ + અચ્છ = સ્વચ્છ |
| 690. | વાર્તાલાપ | વાર્તાનો આલાપ | તત્પુરુષ |
| 691. | તંદુરસ્તી | તનની દુરસ્તી | તત્પુરુષ |
| 692. | નૂરજહાં | જહાંનું નૂર | તત્પુરુષ |
| 693. | શાહજાદો | શાહનો જાદો | તત્પુરુષ |
| 694. | અહમદાબાદ | અહમદનું નગર | તત્પુરુષ |
| 695. | ઔરંગાબાદ | ઔરંગઝેબનું નગર | તત્પુરુષ |
| 696. | મહેમદાવાદ | મહેમુદનું નગર | તત્પુરુષ |
| 697. | તત્પુરુષ | તેનો પુરુષ | તત્પુરુષ |
| 698. | ગુલજાર | ગુલની વાડી | તત્પુરુષ |
| 699. | શાહઆલમ | આલમનો શાહ | તત્પુરુષ |
| 700. | રાજહંસ | હંસોનો રાજા | તત્પુરુષ |
| 701. | હુકમનામું | હુકમનો પત્ર | તત્પુરુષ |
| 702. | કૃષ્ણાવતાર | કૃષ્ણનો અવતાર | તત્પુરુષ |
| 703. | પાર્થસારથિ | પાર્થનો સારથિ | તત્પુરુષ |
| 704. | નૃપતિ | નૃ (લોકો)નો પતિ (રાજા) | તત્પુરુષ |
| 705. | ગોકુળ | ગો (ગાયો)નું (કુળ) ટોળું | તત્પુરુષ |
| 706. | બજારભાવ | બજારનો ભાવ | તત્પુરુષ |
| 707. | વૃક્ષારોપણ | વૃક્ષનું રોપણ | તત્પુરુષ |
| 708. | સેનાનાયક | સેનાનો નાયક | તત્પુરુષ |
| 709. | આત્મકથા | આત્મની કથા | તત્પુરુષ |
| 710. | આપબળ | પોતાનું બળ | તત્પુરુષ |
| 711. | હિંદુસ્તાન | હિંદુઓનું સ્થાન | તત્પુરુષ |
| 712. | વાતાવરણ | વાત (હવા)નું આવરણ | તત્પુરુષ |
| 713. | બુદ્ધિવર્ધક | બુદ્ધિનિ વર્ધક | તત્પુરુષ |
| 714. | પ્રમાણભાન | વાચસ્ (વાણી)નો પતિ | તત્પુરુષ |
| 715. | અટકસ્થાન | અટકવાનું સ્થાન | તત્પુરુષ |
| 716. | કીર્તિગાથા | કીર્તિની ગાથા | તત્પુરુષ |
| 717. | યશગાથા | યશની ગાથા | તત્પુરુષ |
| 718. | રાજદરબાર | રાજાનો દરબાર | તત્પુરુષ |

| | | | |
|---|---|---|---|
| 719. | રાષ્ટ્રપ્રેમ | રાષ્ટ્રનો પ્રેમ | તત્પુરુષ |
| 720. | દેશદાઝ | દેશની દાઝ | તત્પુરુષ |
| 721. | આપબુદ્ધિ | પોતાની બુદ્ધિ | તત્પુરુષ |
| 722. | હાથ ચાલાકી | હાથની ચાલાકી | તત્પુરુષ |
| 723. | આંખ મીંચામણાં - | આંખના મીચામણાં | તત્પુરુષ |
| 724. | ઈન્દ્રધનુષ | ઈન્દ્રનું ધનુષ | તત્પુરુષ |
| 725. | ગૃહવ્યવસ્થા | ગૃહની વ્યવસ્થા | તત્પુરુષ |
| 726. | વિદ્યાર્થી પ્રિય | વિદ્યાર્થીઓના પ્રિય | તત્પુરુષ |
| 727. | લોકપ્રિય | લોકોના પ્રિય | તત્પુરુષ |
| 728. | અરુણોદય | અરુણોનો ઉદય | તત્પુરુષ |
| 729. | પાદપ્રહાર | પાદ (પગ)નો પ્રહાર | તત્પુરુષ |
| 730. | મકાનભાડું | મકાનનું ભાડું | તત્પુરુષ |
| 731. | કલાપારખું | કલાનો પારખું | તત્પુરુષ |
| 732. | પ્રભુપ્રાર્થના | પ્રભુની પ્રાર્થના | તત્પુરુષ |
| 733. | અન્નદાતા | અન્નના દાતા | તત્પુરુષ |
| 734. | પિતૃભક્ત | પિતૃનો ભક્ત | તત્પુરુષ |
| 735. | પ્રભુભક્ત | પ્રભુનો ભક્ત | તત્પુરુષ |
| 736. | દેવભક્ત | દેવનો ભક્ત | તત્પુરુષ |
| 737. | માતૃભક્ત | માતાનો ભક્ત | તત્પુરુષ |
| 738. | માડીજાયો | માડીનો જાયો (પુત્ર) | તત્પુરુષ |
| 739. | સૂર્યતેજ | સૂર્યનું તેજ | તત્પુરુષ |
| 740. | આંબાવાડિયું | આંબાનું વાડિયું | તત્પુરુષ |
| 741. | ગિરિશૃંગ | ગિરિ (પર્વત)નું શૃંગ | તત્પુરુષ |
| 742. | વજ્રપાત | વજ્રનો પ્રહાર (પાત) | તત્પુરુષ |
| 743. | સર્પદંશ | સર્પનો દંશ | તત્પુરુષ |
| 744. | સંસારસેવક | સંસારનો સેવક | તત્પુરુષ |
| 745. | નિત્યનિયમ | નિત્યનો નિયમ | તત્પુરુષ |
| 746. | નિત્યક્રમ | નિત્યનો ક્રમ | તત્પુરુષ |
| 747. | માનવજાત | માનવીની જાત | તત્પુરુષ |
| 748. | ચરણરજ | ચરણની રજ | તત્પુરુષ |
| 749. | ગદાપ્રહાર | ગદાનો પ્રહાર | તત્પુરુષ |
| 750. | પૃથ્વીવલ્લભ | પૃથ્વીનો વલ્લભ (માલિક) | તત્પુરુષ |
| 751. | આત્મહત્યા | આત્મની હત્યા | તત્પુરુષ |
| 752. | જલસમૃદ્ધિ | જળની સમૃદ્ધિ | તત્પુરુષ |
| 753. | બ્રહ્મનાદ | બ્રહ્મનો નાદ | તત્પુરુષ |
| 754. | મનખાદેહ | મનખાનો દેહ | તત્પુરુષ |
| 755. | ખાતાવહી | ખાતાની વહી | તત્પુરુષ |
| 756. | આબરૂ | મોઢાનું તેજ | તત્પુરુષ |
| 757. | કાવ્યસંગ્રહ | કાવ્યનો સંગ્રહ | તત્પુરુષ |
| 758. | નવલિકાસંગ્રહ | નવલિકાનો સંગ્રહ | તત્પુરુષ |
| 759. | વાર્તાસંગ્રહ | વાર્તાનો સંગ્રહ | તત્પુરુષ |
| 760. | ખીણપ્રદેશ | ખીણનો પ્રદેશ | તત્પુરુષ |
| 761. | જનવૃંદ | જનનું વૃંદ | તત્પુરુષ |
| 762. | પ્રાગડવેળા | પ્રાગડની વેળા | તત્પુરુષ |
| 763. | લગ્નજીવન | લગ્નનું જીવન | તત્પુરુષ |
| 764. | હૃદયનાથ | હૃદયના નાથ | તત્પુરુષ |
| 765. | રાજમુગટ | રાજાનો મુગટ | તત્પુરુષ |
| 766. | રાજમહેલ | રાજાનો મહેલ | તત્પુરુષ |
| 767. | રાજાજ્ઞા | રાજાની આજ્ઞા | તત્પુરુષ |
| 768. | કન્યાદાન | કન્યાનું દાન | તત્પુરુષ |
| 769. | પંખીટહુકા | પંખીના ટહુકા | તત્પુરુષ |
| 770. | મોરપિંચ્છ | મોરના પિચ્છ | તત્પુરુષ |
| 771. | પુત્રજન્મ | પુત્રનો જન્મ | તત્પુરુષ |
| 772. | કન્યશાળા | કન્યાઓની શાળા | તત્પુરુષ |
| 773. | રાજહત્યા | રાજાની હત્યા | તત્પુરુષ |
| 774. | પુણ્યપ્રભાવ | પુણ્યનો પ્રભાવ | તત્પુરુષ |
| 775. | વૃંદાવન | વૃંદોનું વન | તત્પુરુષ |
| 776. | પ્રભુભક્તિ | પ્રભુની ભક્તિ | તત્પુરુષ |
| 777. | ચરણરજ | ચરણની રજ | તત્પુરુષ |
| 778. | તુલસીદલ | તુલસીના દલ (પાંદડા) | તત્પુરુષ |
| 779. | પેટગુજારો | પેટ ગુજારો | તત્પુરુષ |
| 780. | ઘરવ્યવહાર | ઘરનો વ્યવહાર | તત્પુરુષ |
| 781. | મિલમજૂર | મિલનો મજૂર | તત્પુરુષ |
| 782. | વાણિજ્ય વિદ્યા | વાણિજ્યની વિદ્યા | તત્પુરુષ |
| 783. | વિદ્યાભ્યાસ | વિદ્યાનો અભ્યાસ | તત્પુરુષ |
| 784. | સત્યાગ્રહ | સત્યનો આગ્રહ | તત્પુરુષ |
| 785. | કટિલંક | કટિનો લંક (વળાંક) | તત્પુરુષ |
| 786. | નટવર | નટોમાં શ્રેષ્ઠ (વર) | તત્પુરુષ |
| 787. | કવિવર | કવિઓમાં શ્રેષ્ઠ | તત્પુરુષ |
| 788. | ઘોડેસવાર | ઘોડા ઉપર સવાર | તત્પુરુષ |
| 789. | વિદ્યાર્થીપ્રિય | વિદ્યાર્થીઓમાં પ્રિય | તત્પુરુષ |
| 790. | લોકપ્રિય | લોકોમાં પ્રિય | તત્પુરુષ |
| 791. | એકાંતવાસ | એકાંતમાં વાસ | તત્પુરુષ |
| 792. | મોહાંધ | મોહમાં અંધ | તત્પુરુષ |
| 793. | વનવાસ | વનમાં વાસ | તત્પુરુષ |
| 794. | કાર્યદક્ષ | કાર્યમાં દક્ષ | તત્પુરુષ |
| 795. | વિચારમગ્ન | વિચારોમાં મગ્ન | તત્પુરુષ |
| 796. | અરણ્યવાસ | અરણ્યમાં વાસ | તત્પુરુષ |
| 797. | કાર્યકુશળ | કાર્યમાં કુશળ | તત્પુરુષ |
| 798. | ધર્મશ્રદ્ધા | ધર્મમાં શ્રદ્ધા | તત્પુરુષ |
| 799. | ધર્મનિષ્ઠા | ધર્મમાં નિષ્ઠા | તત્પુરુષ |
| 800. | જગવિખ્યાત | જગમાં વિખ્યાત | તત્પુરુષ |
| 801. | બાળવત્સલ | બાળકો ઉપર વત્સલ | તત્પુરુષ |
| 802. | નૌકાવિહાર | નૌકામાં વિહાર | તત્પુરુષ |
| 803. | સાસરવાસ | સાસરામાં વાસ | તત્પુરુષ |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | | |
|---|---|---|---|
| 804. | પ્રભુનિષ્ઠા | પ્રભુમાં નિષ્ઠા | તત્પુરુષ |
| 805. | નભોવિહાર | નભમાં વિહાર | તત્પુરુષ |
| 806. | મુનિવર | મુનિઓમાં વર | તત્પુરુષ |
| 807. | વહુઘેલો | વહૂ પ્રત્યે ઘેલો | તત્પુરુષ |
| 808. | દેશડંકો | દેશમાં ડંકો | તત્પુરુષ |
| 809. | શાસ્ત્રનિપુણ | શાસ્ત્રમાં નુપુણ | તત્પુરુષ |
| 810. | રણવીર | રણમાં વીર | તત્પુરુષ |
| 811. | જળક્રિયા | જળમાં ક્રિયા | તત્પુરુષ |
| 812. | કાનભંભેરણી | કાનમાં ભંભેરણી | તત્પુરુષ |
| 813. | આનંદમગ્ન | આનંદમાં મગ્ન | તત્પુરુષ |
| 814. | રસમગ્ન | રસમાં મગ્ન | તત્પુરુષ |
| 815. | દિગ્વિજય | દિગમાં વિજય (દિશાઓમાં) | તત્પુરુષ |
| 816. | આપવીતી | આપ પર વીતી | તત્પુરુષ |
| 817. | મનમોજી | મનમાં મોજી | તત્પુરુષ |
| 818. | દીનદયાળું | દીન (ગરીબ) ઉપર દયાળું | તત્પુરુષ |
| 819. | આ વર્ષ | વર્ષ સુધી | અવ્યયીભાવ |
| 820. | આજીવન | જીવન સુધી | અવ્યયીભાવ |
| 821. | બાલવૃદ્ધ | બાળકથી માંડી વૃદ્ધ સુધી | અવ્યયીભાવ |
| 822. | આમરણ | મરણ સુધી | અવ્યયીભાવ |
| 823. | ખંડેખંડ | દરેક ખંડ | અવ્યયીભાવ |
| 824. | ખૂણેખૂણો | દરેક ખૂણો | અવ્યયીભાવ |
| 825. | ગામેગામ | દરેક ગામ | અવ્યયીભાવ |
| 826. | દેશેદેશ | દરેક દેશ | અવ્યયીભાવ |
| 827. | પરીક્ષ | આંખોથી દૂર | અવ્યયીભાવ |
| 828. | પરોક્ષ | અક્ષિથી દૂર | અવ્યયીભાવ |
| 829. | પળે પળ | દરેક પળ | અવ્યયીભાવ |
| 830. | પ્રતિદિન | દરેક દિવસ | અવ્યયીભાવ |
| 831. | પ્રતિવર્ષ | દરેક વર્ષ | અવ્યયીભાવ |
| 832. | પ્રત્યક્ષ | આંખની સામે | અવ્યયીભાવ |
| 833. | પ્રત્યેક | દર એક | અવ્યયીભાવ |
| 834. | ભવોભવ | પ્રત્યેક ભવ | અવ્યયીભાવ |
| 835. | યથામતિ | મતિ પ્રમાણે | અવ્યયીભાવ |
| 836. | યથાયોગ્ય | યોગ્ય હોય તેમ | અવ્યયીભાવ |
| 837. | યથાયોગ્ય | હોય તે પ્રમાણે | અવ્યયીભાવ |
| 838. | યથાર્થ | અર્થ પ્રમાણે | અવ્યયીભાવ |
| 839. | યથાવિધિ | વિધિ પ્રમાણે | અવ્યયીભાવ |
| 840. | યથાશક્તિ | શક્તિ પ્રમાણે | અવ્યયીભાવ |
| 841. | યથેચ્છે | ઈચ્છા પ્રમાણે | અવ્યયીભાવ |
| 842. | યાવજ જીવન | જીવન ચાલે ત્યાં સુધી | અવ્યયીભાવ |
| 843. | રોમે રોમ | દરેક રોમ | અવ્યયીભાવ |
| 844. | સત્વર | ત્વરા સહિત | અવ્યયીભાવ |
| 845. | અકલપેટું | જે એકલું પેટ ભરે છે તેવું | બહુવ્રીહિ |
| 846. | અખૂટ | જે ખૂટે નહિં તેવું છે તે | બહુવ્રીહિ |
| 847. | અગમપંથી | જેનો પંથ અગમ છે તે | બહુવ્રીહિ |
| 848. | અગમબુદ્ધિ | જેની બુદ્ધિ આગળ છે તે | બહુવ્રીહિ |
| 849. | અચલ | જે ચલિત થતો નથી તે (હિમાલય) | બહુવ્રીહિ |
| 850. | અણદીઠ | ન દીઠેલું છે તે | બહુવ્રીહિ |
| 851. | અણનમ | જે નમતો નથી તે | બહુવ્રીહિ |
| 852. | અદ્વિતીય | જેનું કોઈ દ્વિતીય નથી તે | બહુવ્રીહિ |
| 853. | અનંત | જેનો અંત નથી તે | બહુવ્રીહિ |
| 854. | અનુપમ | જેની ઉપમા નથી તે | બહુવ્રીહિ |
| 855. | અબળા | જેનામાં બળ નથી તે | બહુવ્રીહિ |
| 856. | અભય | જેને ભય નથી તે | બહુવ્રીહિ |
| 857. | અમૂલ્ય | જે અમૂલ છે તે | બહુવ્રીહિ |
| 858. | અહિંસા | જેમાં હિંસા નથી તે | બહુવ્રીહિ |
| 859. | આપાદ મસ્તક | જે પગથી માથા સુધી સુડોળ છે તે | બહુવ્રીહિ |
| 860. | એકધારું | જે એકસરખું છે તેવું | બહુવ્રીહિ |
| 861. | એકમત | જેમનો મત એકસરખો છે તે | બહુવ્રીહિ |
| 862. | કપિધ્ધજ | કપિ છે ધ્વજમાં જેના એવા | બહુવ્રીહિ |
| 863. | કમનસીબ | જેનું નસીબ ખરાબ છે તે | બહુવ્રીહિ |
| 864. | કમળનયન | કમળ સમાન છે નયન જેનાં એવો | બહુવ્રીહિ |
| 865. | કાળમુખું | જેનું મુખ કાળ જેવું છે તે | બહુવ્રીહિ |
| 866. | કાળમુખો | કાળ જેવું જેનું મુખ છે તે | બહુવ્રીહિ |
| 867. | કુકર્મ | કુ (ખરાબ) છે કર્મ જેનું તે | બહુવ્રીહિ |
| 868. | કૃતાર્થ | જેનો અર્થ કૃત (સંપૂર્ણ) છે તે | બહુવ્રીહિ |
| 869. | કેડભાંગલું | જેની કેડ ભાંગી છે તે | બહુવ્રીહિ |
| 870. | કેસરઘોળ્યા | જેને કેસર ઘોળ્યા છે તે | બહુવ્રીહિ |
| 871. | ખુશમિજાજ | જેનો મિજાજ આનંદી છે તે | બહુવ્રીહિ |
| 872. | ગોળાકાર | ગોળ છે આકાર જેનો તે | બહુવ્રીહિ |
| 873. | ગૌમુખી | જે ગાયના મુખ વાળી છે તે | બહુવ્રીહિ |
| 874. | ગૌરવરણું | જેનો વર્ણ ગૌર છે તે | બહુવ્રીહિ |
| 875. | ચક્રપાણિ | ચક્ર છે પાણિ (હાથ)માં જેના એવા (વિષ્ણુ) | બહુવ્રીહિ |
| 876. | ચતુર્ભુજ | ચાર ભુજા છે જેને તે, ચાર છે ભુજાઓ જેની તે | બહુવ્રીહિ |
| 877. | ચતુર્મુખ | જેને ચાર મુખ છે તે | બહુવ્રીહિ |
| 878. | ચંદ્રાકૃતિ | ચંદ્રના જેવી જેની આકૃતિ છે તે | બહુવ્રીહિ |
| 879. | ચોખંડું | જેમાં ચાર ખંડ છે તેવું | બહુવ્રીહિ |
| 880. | ચોપગું | જેને ચાર પગ છે તે | બહુવ્રીહિ |
| 881. | જગપ્રેમ | જે સમગ્ર જગતને પ્રેમ કરે છે તે | બહુવ્રીહિ |
| 882. | તપોધન | તપ છે ધન જેનું તે | બહુવ્રીહિ |
| 883. | ત્રિકાળજ્ઞાની | જેને ત્રણેય કાળનું જ્ઞાન છે તે | બહુવ્રીહિ |
| 884. | ત્રિશૂળપાણિ | ત્રિશૂલ છે જેના હાથમાં તે | બહુવ્રીહિ |

| | | | |
|---|---|---|---|
| 885. | દશાનન | જેને દશ આનન છે તે | બહુવ્રીહિ |
| 886. | દામોદર | દામ (દોરડું) છે ઉદર પર જેના તે | બહુવ્રીહિ |
| 887. | દુર્ગુણી | દુષ્ટ છે ગુણ જેનો એવો | બહુવ્રીહિ |
| 888. | ધૂમકેતુ | ધૂમ (ધૂમાડો) એ જ જેનો કેતુ (વાવટો) છે તે | બહુવ્રીહિ |
| 889. | ન બાપો | જેનો પિતા નથી તે | બહુવ્રીહિ |
| 890. | નફકરો | નથી ફિકર જેને તે | બહુવ્રીહિ |
| 891. | નમાયાં | જેને માતા નથી તેવા | બહુવ્રીહિ |
| 892. | નમાયો | નથી માતા જેની તે | બહુવ્રીહિ |
| 893. | નવરંગી | નવ રંગ જેને છે તે | બહુવ્રીહિ |
| 894. | નવસરો | જેમાં નવ સેર છે તેવો | બહુવ્રીહિ |
| 895. | નાઉમેદ | નથી ઉમેદ જેનામાં તે | બહુવ્રીહિ |
| 896. | નાખુશ | નથી ખુશ જે તે | બહુવ્રીહિ |
| 897. | નામર્દ | જે મર્દ નથી તે | બહુવ્રીહિ |
| 898. | નિઃસ્વાર્થ | જેમાંથી સ્વાર્થ જતો રહ્યો છે તે | બહુવ્રીહિ |
| 899. | નિરક્ષર | નથી અક્ષરનું જ્ઞાન જેને તે | બહુવ્રીહિ |
| 900. | નિરપેક્ષ | જેને અપેક્ષા નથી તે | બહુવ્રીહિ |
| 901. | નિરંકુશ | જેમાં અંકુશ નથી તે | બહુવ્રીહિ |
| 902. | નિરાધાર | જેને કોઈ આધાર નથી તે | બહુવ્રીહિ |
| 903. | નિરુદ્યમી | નથી ઉદ્યમ જેનામાં તે | બહુવ્રીહિ |
| 904. | નિર્દય | જેમાંથી દયા જતી રહી છે તે | બહુવ્રીહિ |
| 905. | નિર્દોષ | નથી દોષ જેનામાં તે | બહુવ્રીહિ |
| 906. | નિર્ધન | નિગત (જતું રહેલુ) છે જેના એવા | બહુવ્રીહિ |
| 907. | નિર્મળ | નિર્ગત છે મળ જેમાંથી તે | બહુવ્રીહિ |
| 908. | નિષ્પક્ષ | જેનો કોઈ પક્ષ નથી તે | બહુવ્રીહિ |
| 909. | નીડર | જેમાંથી ડર ચાલ્યો ગયો છે તે | બહુવ્રીહિ |
| 910. | નીલકંઠ | જેનું કંઠ નીલા રંગનું છે તે | બહુવ્રીહિ |
| 911. | નીલાંબર | નીલા રંગનું અંબર | બહુવ્રીહિ |
| 912. | પદ્મનાભ | પદ્મ છે નાભિમાં જેની તે | બહુવ્રીહિ |
| 913. | પંચરંગી | જેના પાંચ રંગ છે તે | બહુવ્રીહિ |
| 914. | પાદત્રાણ | પગને અંદર રાખવામાં આવે છે તે સાધન | બહુવ્રીહિ |
| 915. | પિનાકપાણિ | પિનાક જેના હાથમાં છે તે | બહુવ્રીહિ |
| 916. | પીતાંબર | પીળું વસ્ત્ર જેનું છે તે | બહુવ્રીહિ |
| 917. | પુણ્યસ્લોક | જેનું સ્મરણ કરવાથી પુણ્ય મળે છે તે | બહુવ્રીહિ |
| 918. | પ્રજ્ઞાચક્ષુ | જેની બુદ્ધિરૂપી આંખો છે તે | બહુવ્રીહિ |
| 919. | પ્રતાપી | જેનો વિશેષ તાપ છે તે | બહુવ્રીહિ |
| 920. | બડભાગી | જેનું નસીબ મોટું છે તે | બહુવ્રીહિ |
| 921. | બહુવ્રીહિ | બહુ છે વ્રીહિ (ડાંગર) જેની પાસે તે | બહુવ્રીહિ |
| 922. | બેપગું | જેને બે પગ છે તેવું | બહુવ્રીહિ |
| 923. | બેફિકર | જતી રહી છે ફિકર જેમાંથી તે | બહુવ્રીહિ |
| 924. | બેહોશ | જેના હોશ ઉડી ગયા છે તે | બહુવ્રીહિ |
| 925. | ભારેપગી | જેના પગ ભારે છે તે | બહુવ્રીહિ |
| 926. | મહાબાહુ | જેના બાહુ મોટા છે તેવા | બહુવ્રીહિ |
| 927. | માથાફરેલ | જેનું માથું ફરેલ છે તે | બહુવ્રીહિ |
| 928. | મીઠાબોલો | જેના બોલ મીઠા છે તે | બહુવ્રીહિ |
| 929. | મૂશળધાર | જેની ધાર મૂશળ જેવી છે તે | બહુવ્રીહિ |
| 930. | મૃગનયની | જેના નયન હરણી જેવા છે તે | બહુવ્રીહિ |
| 931. | રક્તવર્ણી | જે લાલ રંગની છે તે | બહુવ્રીહિ |
| 932. | રાણીછાપ | જેના પર રાણીની છાપ છે તે | બહુવ્રીહિ |
| 933. | લોહપુરુષ | લોખંડ જેવું જેનું મનોબળ છે તે | બહુવ્રીહિ |
| 934. | વિધર્મી | જેનો બીજો ધર્મ છે તે | બહુવ્રીહિ |
| 935. | વિધિનિર્મિત | વિધિ વડે જે નિમાયેલું છે તે | બહુવ્રીહિ |
| 936. | વિફળ | જેમાં ફળ નથી તે | બહુવ્રીહિ |
| 937. | વિમુખ | જેનું મુખ અવળું થયું છેતે | બહુવ્રીહિ |
| 938. | વીણાપાણિ | વીણા છે પાણિમાં જેના તે | બહુવ્રીહિ |
| 939. | વીસનહોરી | જેને વીસ નહોર છે તેવું | બહુવ્રીહિ |
| 940. | વ્યર્થ | જે નકામું છે તે | બહુવ્રીહિ |
| 941. | વ્રજહદયી | વ્રજ જેવું જેનું હદય છે તે | બહુવ્રીહિ |
| 942. | શતરંગી | જેના શત (સો) રંગ છે તે | બહુવ્રીહિ |
| 943. | શાંતિપ્રિય | જેને શાંતિ પ્રિય છે તે | બહુવ્રીહિ |
| 944. | સકર્મક | સાથે છે કર્મ જેની એવું | બહુવ્રીહિ |
| 945. | સગોત્ર | સમાન છે ગોત્ર જેનું તે | બહુવ્રીહિ |
| 946. | સપત્નીક | સાથે છે પત્ની જેની તે | બહુવ્રીહિ |
| 947. | સવર્ણ | જેનો વર્ણ સરખો છે તે | બહુવ્રીહિ |
| 948. | સવિનય | વિનય છે જેની સાથે તે | બહુવ્રીહિ |
| 949. | સહકુટુંબ | કુટુંબ છે જેની સાથે તે | બહુવ્રીહિ |
| 950. | સહવાસી | સહ વાસ છે તે | બહુવ્રીહિ |
| 951. | સહૃદયી | જેનાં હૃદય સરખાં છે તે | બહુવ્રીહિ |
| 952. | સહોદર | સમાન છે ઉદર જેના તે | બહુવ્રીહિ |
| 953. | સાક્ષાર | અક્ષર સહિત જે છે તે | બહુવ્રીહિ |
| 954. | હતભગી | હત ભાગી છે તે | બહુવ્રીહિ |
| 955. | હૈયાસૂનું | જેનું હૈયું સૂનું છે તેવું | બહુવ્રીહિ |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# અલંકાર

- ‘અલંકાર’નો સામાન્ય અર્થ શણગાર / આભૂષણ એવો થાય છે.
- અલંકાર અલમ્ + કાર એમ બે પદોના યોગથી બનેલો શબ્દ સમાસ છે.
- મૂળ સંસ્કૃત શબ્દ અલમ્ + કૃ = અલમ એટલે પર્યાપ્ત અને કાર એટલે કરનાર એટલે કે, જે પછી કશું જ ઉમેરવાનું બાકી ન રહે તેવી પૂર્ણત લાવે તે અલંકાર.
- અલંકાર દ્વારા અસાધારણ લાગણીને ટૂંકાણમાં, સચોટ રીતે રજુ કરી શકાય છે.
- ભાષામાં વાણીની સજાવટ કરવાવાળા શોભાવાળા રૂપને ‘અલંકાર’ કહે છે.
- અલંકારના બે પ્રકાર છે. (૧) શબ્દાલંકાર (૨) અર્થાલંકાર

1. શબ્દાલંકાર :-
   (૧) વર્ણાનુપ્રાસ કે વર્ણસગાઈ
   (૨) શબ્દાનુપ્રાસ (યમક)
   (3) પ્રાસ સાકંળી/આંતરપ્રાસ
   (૪) અંત્યાનું પ્રાસ/પ્રાસાનું પ્રાસ

2. અર્થાલંકાર :-
   (૧) ઉપમા
   (૨) રૂપક
   (3) ઉત્પ્રેક્ષા
   (૪) વ્યતિરેક
   (૫) અનન્વય
   (૬) શ્લેષ
   (૭) વ્યાજસ્તુતિ
   (૮) સજીવારોપણ
   (૯) દ્દષ્ટાંત
   (૧૦) અતિશયોક્તિ
   (૧૧) અર્થાન્તરન્યાસ
   (૧૨) વિરોધાભાસ
   (૧૩) અપહનુતિ
   (૧૪) અન્યોક્તિ
   (૧૫) સ્વભાવોક્તિ.

- શબ્દાલંકાર :-
- જે અલંકાર દ્વારા કેવળ શબ્દને જ ચમત્કૃતિ ભર્યા કે આકર્ષક બનાવવામાં આવે તેને શબ્દાલંકાર કહે છે.

1. વર્ણાનું પ્રાસ કે વર્ણસગાઇ :-
- વાક્યમાં કે પંક્તિમાં એકનો એક વર્ણ (અક્ષર) શબ્દના આરંભે બે કે તેથી વધારે વખત આવે ત્યારે વર્ણાનુંપ્રાસ વર્ણાનુંપ્રાસ કે વર્ણસગાઈ અલંકાર બને છે.
- કામિની કોકીલા કેલિ કૂંજન કએ.
- લેશ ન લીધો લલિત ઉરનો લ્હાવ જો !
- કાળા કરમનો કાળો મોહન, કાળુ એનું કામ !
- નટવર નિરખ્યા નેન ! તેં, સુખ આવ્યું, તુ જ ભાગ.
- કાકાએ કાકીને કહ્યું કે કાચના કબાટમાંથી કાચી કેરીનું કચુમ્બર કાઢી લાવ.

2. શબ્દાનુપ્રાસ (યમક):-
- એકનો એક અક્ષર સમૂહ બીજી વખય આવતો હોય અને બંને જગ્યાએ તેના જુદા જુદા અર્થ થતા હોય ત્યારે શબ્દનુપ્રાસ (યમક) અલંકાર બને છે.
- દીવાનથી દરબારમાં, દીવા નથી છે અંધારું ઘોર.
- અખાડામાં જવાના મે ઘણી વાર અખાડા કર્યા છે.
- માયાની છાયામાંથી કાયાને મુક્ત કરવા ગોવિંદરાયજી માયા કરો.
- હળવે હળવે હળવે હરજી મારૂએ મંદિરે આવો રે !
- રે હસી હસીને રડી, ચડી પડી પડી તુ બાકી.
- આશ્ચર્ય છે તું જગતનું, જે જગતમાં તાજ, ને છે તાજ જેવા કૈંક કે, તુ તો પરંતુ તાજનોય તાજ છે, એ તાજની બેતાજ તુ મુમતાઝ છે.

3. પ્રાસ સાંકળી / આંતરપ્રાસ :-

- પહેલા ચરણના છેલ્લા શબ્દ અને બીજા ચરણના પહેલા શબ્દ વચ્ચે પ્રાસ રચાય ત્યારે પ્રાસ સાંકળી કે આંતરપ્રાસ અલંકાર બને છે.
- હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર રે,
- ઘરે પધાર્યા હરિગુણ ગાતા, વાતા તાલને શંખ મૃદંગ
- ગોપીનાથ, ગોવિંદ, ગોપાળ અનાથવંધ દીનદયાળ,
  સેવકની લેજો સંભાળ, મોસાળું કરજો તત્કાળ.
- ભયની કાયાને ભુજા નથી, નથી વળી સંશયને પાંખ.
- બાપુજી મંદિરે આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છય.
- પ્રેમ પદારથ અમે પામીએ, વામીએ જન્મ મરણ જંજાળ.

4. અંત્યાનુપ્રાસ / પ્રાસનુંપ્રાસ :-

- જ્યારે પંક્તિના અંતે પ્રાસ મળે તેને અંત્યાનુંપ્રાસ અલંકાર બને છે.
  કોઈ પંક્તિમાં મધ્યમાં પ્રાસ મળે ત્યારે પ્રાસનું પ્રાસ અલંકાર બને છે.
- જો જો રે મોટાના બોલ, ઉજ્જડ ખેડે બાજ્યો ઢોલ.
- જેની જશોદા માવલડી, ચરાવે ગોકુળ ગાવલડી.
- જામી ગઈ તરત ઘોર, કરાત વાત,
  લાગી બધે પ્રસરવા પુર માંહિ વાત.
- પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યું કહેતા વાત.
- થોડી પુંજી, દેખાવે મૂજી, સ્વભાવે રમૂજી, ધંધે પંતુજી
- પર્વતને નામે પથ્થર, દરિયાને નામે પાણી,
  ઈર્શાદ આપણે તો, ઈશ્વરને નામે વાણી.

## અર્થાલંકાર :-

- જે અલંકાર દ્વારા અર્થને ચમત્કૃતિ ભર્યા કે આકર્ષક બનાવવામાં આવે તેને અર્થાલંકાર કહે છે.
- એક શબ્દને સ્થાને જ અર્થચમત્કૃતિ ધરાવતો બીજા શબ્દ મુકવાથી યથાવત રહે છે તેને અર્થાલંકાર કહે છે.
- શબ્દના અર્થને આધારે અલંકારની ચમત્કૃતિ સધાય ત્યારે અર્થાલંકાર બને છે.

1. ઉપમા :-

❖ બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે કોઈ એક ખાસ ગુણ અંગે સરખામણી કરવામાં આવે અથવા ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરવામાં આવે ત્યારે ઉપમા અલંકાર બને છે.

❖ ઉપમા સુચક શબ્દો :- જેવું, જેવો, જેવી, સરખો, સમાન, જેમ, સમોવડું, પેઠે, શી, માફક, તુલ્ય, સમુ વગેરે.

- હાથ કઠણ લાકડા જેવા છે.
- સિતાનું મુખ ચંદ્ર જેવું છે.
- બળતા અંગાર સમી આંખો તેણે સ્થિર કરી.
- નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી.
- અનિલ શી ઝટ ઊપડી ઘોડી.

2. રૂપક :-

- ઉપમેય અને ઉપમાનને એકરૂપ એકરૂપ બતાવવામાં આવ્યા હોય એટલે કે બંનેની વચ્ચે સાધારાન ધર્મ જેવું હોતું નથી ત્યારે રૂપક અલંકાર બને છે.
- બપોર એ મોટું શિકારી કૂતરું છે.
- વદન સુધાકરને રહું નિહાળી.
- છકડો પાણી પંથો ઘોડો થઈ ગયો.
- અમે રે સૂકા રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર.
- તટના શાંત એકાંત વાળીને બેઠી સોડિયું,
  વિધવા, સમાજના જીર્ણ વૃક્ષનું શુષ્ક છોડિયું.
- જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
  મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.
- તે રાજા સિંહ છે.
- આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે.

3. ઉત્પ્રેક્ષા :-

- ઉપમેય જાણે ઉપમાન હોય તેવો તર્ક-સંભાવના કરવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.
- એક વસ્તુ બીજી વસ્તુ હોવાની કલ્પના કરવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.
  સંભાવના સૂચક શબ્દો :- જાણે, રખે, શકે, શું, વગેરે
- પાર્વતીનું મુખ જાણે પૂનમનો ચંદ્ર !
- હૈયું જાણે હિમાલય.
- વાદળની વેલ્યને ફૂટલાં રે ફૂલડા જાણે અનંગનો બાગ.
- પ્રિયજનની પગલીઓ જાણે વનફૂલની ઢગલીઓ.
- હોડી જાણે આરબ ઘોડી.

4. વ્યતિરેક :-

- ઉપમેયને ઉપમાન કરતા ચઢિયાતું બતાવવામાં આવે ત્યારે વ્યક્તિરેક અલંકાર બને છે.
  વ્યતિરેક એટલે શ્રેષ્ઠતા.
- રમેશની વાણી તો અમૃત થીયે મીઠી છે.
- કમળ થકી કોમળું રે બહેની ! અંગ છે એનું
- તું ચંદ્રથી ચારુ સુહાસિની હે !
- વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીના મેઘ બારે માસ રે,
- જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.
- મીઠું તો મોંઘુ મોતી થકી, ને સોંઘામાં સોંઘુ સદા.

5. અનન્વય :-
➢ ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવે ત્યારે અનન્વય અલંકાર બને છે.

➢ મા તે મા
➢ ગાંધીજી એટલે ગાંધીજી
➢ હિમાલય તે હિમાલય
➢ ગિરનાર તો ગિરનાર
➢ નર્મદા તો નર્મદા
➢ રાજા એટલે રાજા

6. શ્લેષ:-
➢ એક જ શબ્દના બે અર્થ થાય ત્યારે સ્લેષ અલંકાર બને છે.

➢ તમે પસંદ કરેલું પાત્ર પાણી વિનાનું છે. (પાત્ર = વ્યક્તિ, વાસણ) (પાણી = જળ, તાકાત)
➢ જવાની તો જવાની (જવાની = યૌવન, જવાનું)
➢ રવિને પોતાનો તડકો ન ગમે તો ક્યાં જાય ? (રવિ = સૂર્ય, રવિ = વ્યક્તિનું નામ)
➢ દીવા નથી દરબારમાં છે અંધારું ઘોર
(દીવાન થી = દીવડા, દીપક – દીવાન = જ્ઞાની, તત્વજ્ઞ)
➢ હું માનવી માનવ થાઉં તો ઘણું.

7. વ્યાજસ્તુતિ :-
➢ નિંદા દ્વારા વખાણ અને વખાણ દ્વારા નિંદાના રૂપમાં હોય ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર બને છે.

➢ શું તમારી બહાદુરી ! ઉંદર જોઈને નાઠા.
➢ વેવાઈનું રૂપ જુઓ રે બાઈ ! કંદર્પ સરીખો લાગે રે.
➢ ચોરની સંગે શીખી તું ચોરવા હો વાંસલડી !
વ્હાલે માખણ ચોર્યું ને તે મન રે હો વાંસલડી !
➢ ગાંધીજી હિંસા અને અસત્યના કટ્ટર વેરી હતા.

8. સજીવારોપણ :-
➢ જ્યારે નિર્જીવમાં સજીવનું આરોપણ કરવામાં આવે છે ત્યારે સજીવારોપણ અલંકાર બને છે.
➢ માનવ સ્વભાવનું આરોપણ નિર્જીવ પદાર્થોમાં થાય ત્યારે સજીવારોપણ અલંકાર બને છે.

➢ દૂરના ડુંગરો સાદ કરીને બોલતા નથી.
➢ કિરણ તણી કોમળ અંગુલુયે રમ્ય રચી રંગોળી.
➢ ઘડિયાળના કાંટા ઉપર હાંફ્યા કરે સમય.
➢ સુરની છાયા હેઠળ કરે ગોઠડી તડકાના ચાંદરણા.
➢ સડક પણ પડખું ફરીને સૂઈ ગઈ.
➢ પથ્થર થરથર ધ્રુજે.
➢ રાતોરાત વનપટ પડખું બદલી નાંખે છે.
➢ સૂરજ વાદળાની પાછળ સંતાકૂકડી રમવા લાગ્યો.
➢ વૃક્ષો ડોલતાં ડોલતાં માથું હલાવી નકારે.

9. દૃષ્ટાંત
➢ એક વસ્તુની બીજી વસ્તુ સાથે બિંબ-પ્રતિબિંબથી આબેહૂબ તુલના કરવામાં આવે છે. એક વાક્યની વિગતોનું પ્રતિબિંબ બીજા વાક્યમાં પડે છે.
➢ વડ તેવા ટેટા ને બાપ જેવા બેટા.
➢ ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ,
ભરતી એની ઓટ છે ઓટ પછી જુવાળ.
➢ નમતાથી સૌ કો રીઝે, નમતાને બહુમાન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.
➢ ઉધમ તો સૌ આદરે પામે કર્મ પ્રમાણ,
કર્મીને હીરા-મોતી જડે, અકર્મીને પહાણ.

10. અતિશયોક્તિ :-
➢ ઉપમેય ઉપમાનમાં સમાઈ જાય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.
➢ જ્યારે ઉપમેયનો ઉલ્લેખ જ કરવામાં ન આવે અને ઉપમાન જ ઉપમેય હોય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.
➢ આકાશ ધરા ત્યાં કંપ્યા, ડોલ્યા, ડોલ્યા ચૌદ બ્રહ્માંડ.
➢ ધ્રુજે ધ્રુવ ને મેરુ ડગિયો, ખળભળિયાં પાતાળ.
➢ તે તો ચંદ્ર છે.
➢ અમે ખોબો ભરીને એટલુ હસ્યાં કે, કૂવો ભરીને રોઈ પડ્યા.
➢ રમેશની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા.

11. અર્થાન્તરન્યાસ :-
➢ જ્યારે કોઈ સામાન્ય હકીકતનું વિશેષ હકીકતથી સમર્થન કરવામાં આવે ત્યારે અર્થાન્તરન્યાસ અલંકાર બને છે.
➢ પ્રભુથી સહુ કાંઈ થાય છે, અમથી થાય ન કંઈ,
રાઈનો પર્વત કરે, પર્વત બાગની માંહી.
➢ ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપી અર્થ નવ સરે,
મત્સ્યભોગી બગલો, મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.
➢ અસલી વસ્તુને કેવળ હોય છે વળગાડ કષ્ટોનું,
કદી નકલી ગુલાબોમાં અમે કાંટા નથી જોયા.

12. વિરોધાભાસ :-
➢ દેખીતી રીતે સત્ય ન લાગે પણ શબ્દોમાં કોઈ રીતે કોઈ સત્ય છુપાયેલું હોય તેવી વાત વિરોધભાસી રીતે રજૂ કરવામાં આવે ત્યારે આ અલંકાર બને છે.
➢ હે સિંધૂ ! તુ ખારો છે, છતાં અમીરસ ભર્યો છે.
➢ જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી.
➢ તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં.
➢ મને એ સમજાતું નથી કે આવું શાને થાય છે.
➢ ફૂલડાં ડૂબી જાય છે ને પથ્થર તરી જાય છે.

13. અપહનુતિ :-
➢ જ્યારે ઉપમેયનો નિષેધ કર્યા પછી ઉપમાનનું અંદર આરોપણ થાય ત્યારે અપગનુતિ અલંકાર બને છે.
➢ ન હોય એ અભ્ર, એ તો ગરવો ગિરનાર છે.
➢ શિક્ષકને મન શાળા એ શાળા નહિં પણ સ્વર્ગ છે.
➢ ન રાજગાદી, પંથ કંટકોનો
➢ આ ન શહેર, માત્ર ધુમના ધૂવાં.
➢ ન શહેર આ, વિરાટ કો વ્યાથ.

14. અન્યોક્તિ :-
➢ મુખ્ય મુદ્દા કે વાતને છુપાવી રાખી આડકતરી વાત કરવામાં આવે અને આડકતરી વાત દ્વારા જ મુખ્ય વાતનો બોધ કરાય ત્યારે અન્યોક્તિ અલંકાર બને છે.

- તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિં.
- ઘુવડ સો વર્ષ જીવે પણ એને દિવસની ગમ ન પડે.
- ભુખે મરે પણ સિંહ ઘાસ ન ખાય.

**15.** સ્વભાવોક્તિ :-

- જ્યારે કોઈ વસ્તુનું પ્રાકૃતિક દશ્યનું, સ્થળનું કે માનવવર્તનનું વાસ્તવિક કે આબેહૂબ વર્ણન કરવામાં આવે ત્યારે સ્વભાવોક્તિ અલંકાર બને છે.
- ઊંચે બધા શિખર શ્વેત થયાં જણાય,
  નીચે નદી વહનમાં તરુઓ તણાય.
- પાડે તાળી, વગાડે ગાલ, આંતરી વળે ઉચ્છખલ બાળ.

## A. શબ્દાલંકાર :-

| અલંકાર | મુખ્ય ઓળખ | ઉદાહરણ |
|---|---|---|
| વર્ણાનુપ્રાસ / વર્ણસગાઇ અલંકાર | એકનો એક વર્ણ પુનરાવર્તન પામે. | માણસાનો મુખી માર્યો મિરખાનજીએ. |
| શબ્દાનુંપ્રાસ / યમક અલંકાર | પંક્તિ/વાક્યમાં એકસરખા ઉચ્ચારવાળા શબ્દો | ગાયક ન લાયક તુ ફોગટ ફૂલાણો છે. |
| પ્રાંસસાંકળી / આંતરપ્રાસ અલંકાર | પ્રથમ ચરણના છેલ્લા શબ્દ અને બીજા ચરણના પ્રથમ શબ્દ વચ્ચે પ્રાસ રચાય છે. | મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ. |
| અંત્યાનુપ્રાસ / પ્રાસાનુપ્રાસ અલંકાર | બે પંક્તિઓના અંતે સમાન ઉચ્ચારવાળા શબ્દો. | તમને મળવાનું છે એવું મન<br>કે મળવાને એક કરુ ધરતી-ગગન. |

B. અર્થાલંકાર :-

| અલંકાર | મુખ્ય ઓળખ | ઉદાહરણ |
|---|---|---|
| ઉપમા અલંકાર | ઉપમેયની ઉપમાન સાથે સરખામણી<br>જેવું, જેવી, જેવો, સમાન, સરખો, શો, જેમ, સમોવડું, પેઠે, શી, સદેશ, તુલ્ય, સમું | દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે. |
| ઉત્પ્રેક્ષા અલંકાર | ઉપમેય જાણે ઉપમાન હોય, તેવો તર્ક હોય.<br>જાણે, રખે, શકે, શું. | દમયંતીનું મુખ જાણે પૂનમનો ચંદ્ર. |
| રૂપક અલંકાર | ઉપમેય અને ઉપમાનને એકરૂપ બતાવાવમાં આવ્યા હોય, અર્થાત્ બંને વચ્ચે સાધારણ ધર્મ જેવું કઈ નહિં. | બપોર એ મોટું શિકારી કૂતરું છે. |
| અનન્વય અલંકાર | ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવી હોય. | મા તે મા |
| શ્લેષ અલંકાર | આપેલા વાક્યમાં એક જ શબ્દના બે અથવા વધારે અર્થથાય ત્યારે શ્લેષ અલંકાર બને છે. | રવિને પોતનો તડકો ન ગમે તો ક્યાં જાય ?<br>આ રમણીનો રાગ કોને મુગ્ધ ન કરે ? |
| વ્યાહસ્તુતિ અલંકાર | જ્યારે વાક્યમાં નિંદા દ્વારા વખાણ કરવામાં આવ્યા હોય ત્યારે. | શું તમારી બહાદૂરી ! ઉંદર જોઈને નાઠા. |
| વ્યતિરેક અલંકાર | જ્યારે ઉપમેય < ઉપમાન ઉપમેયને ઉપમાન કરતાં ચઢિયાતું બતાવવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે. | સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણમાત્ર.<br>વરસે ઘડીક વ્યોમ વાદળી બારેમાસ રે, |
| સજીવારોપણ અલંકાર | નિર્જીવમાં સજીવનું આરોપણ અથવા નિર્જીવમાં માનવ સ્વભાવનું આરોપણ. | રામને સીતાજી માટે વિલાપ કરતા જોઈને પથ્થરો પણ રડી ઉઠ્યા. |
| અતિશયોક્તિ અલંકાર | વાસ્તવિક્તાની હદ વટાવીને જ્યારે અશક્ય વસ્તુની રજૂઆત કરવામાં આવે. અથવા ઉપમાન એ ઉમેયને ગળી જાય.<br>ઉપમાન < ઉપમેય | ખોબો ભરીને અમે એટલું હસ્યા કૂવો ભરીને રોઈ પડ્યા. |
| દષ્ટાંત અલંકાર | એક પંક્તિને સમજાવવા મોટી બીજી પંક્તિમાં દષ્ટાંત અર્થાત્ ઉદાહરણ આપવામાં આવે. | મા વિના સૂનો સંસાર, ગોળ વિના મોળો કંસાર. |
| સ્વભાવિક્તિ અલંકાર | વસ્તુ જેવી હોય તેવું જ વાસ્તવિક ચિત્ર આપ્યું હોય તે અલંકારાને સ્વભાવિક્તિ કહે છે. | ઊંચે બધા શિખર શ્વેત થયા જણાય, નીચે નદી વહનમાં તરુઓ તણાય. |
| અર્થાન્તરન્યાસ અલંકાર | જ્યારે કોઈ સામાન્ય હકીકતનું વિશેષ હકીકતનું હકીકતથી સમર્થન કરવામાં આવે છે ત્યારે અર્થાન્તરન્યાસ અલંકાર. | સૂતેલા સિંહના મુખે પ્રવેશે મૃહ ના કદી. |
| અન્યોક્તિ અલંકાર | મૂખ્ય મુદ્દાને છૂપાવીને આડકતરી વાત દ્વારા મુખ્ય મુદ્દાને રજૂ કરવામાં આવે ત્યારે અન્યોક્તિ અલંકાર બને છે. | ઉજ્જડગામમાં એરંડો પ્રધાન. |
| અપહ્નુતિ અલંકાર | ઉપમેયનો નિષેધ અર્થાત્ નકાર કર્યા પછી ઉપમાનનું આરોપણ થાય ત્યારે અપહ્નુતિ અલંકાર બને છે. | જે પોષતું તે મારતું એવો ક્રમ દીસે કુદરતી. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# છંદ

- કવિતામાં માધુર્ય સર્જવા માટે દરેક પંક્તિમાં અક્ષરોની ચોક્કસ પ્રકારની ગોઠવણી કરવામાં આવે તેને છંદ તરીકે ઓળખવામાં આવે છે.
- સંસ્કૃતમાં છંદોને વૃત અને જાતિ એવા બે પ્રકારમાં વહેંચવામાં આવે છે. ગુજરાતીમાં વૃત ને અક્ષર મેળ છંદ અને જાતિ ને માત્રામેળ છંદ તરીકે ઓળખવામાં આવે છે.
- માધુર્ય સર્જવા માટે પંક્તિમાં અક્ષરોની ચોક્કસ પ્રકારની ગોઠવણી એટલે છંદ.
- છંદોનું બંધારણ સમજવા માટે લઘુ, ગુરૂ, માત્રા, યતિ વગેરે સમજવા જરૂરી છે.
- છંદના બે પ્રકાર છે. (૧) અક્ષરમેળ છંદ (૨) માત્રામેળ છંદ

❖ લઘુઅક્ષર :-

- છંદ શાસ્ત્રમાં 'હસ્વ' ને લઘુ કહે છે.
- ઉદાહરણ :- અ.ઈ.ઉ, ક, કિ, કુ, કૃ, વગેરે લઘુ (U) કહેવાય છે.
- અક્ષરમેળ છંદમાં લઘુની નિશાની 'U' છે.
- માત્રામેળ છંદમાં લઘુની નિશાની '૧' છે.

❖ ગુરૂઅક્ષર :-

- છંદ શાસ્ત્રમાં 'દીર્ઘ' ને ગુરૂ કહે છે.
- ઉદાહરણ :- અ, આ, ઈ, ઊ, ઐ, ઓ, ઔ, આ સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનો ને લાગ્યા હોય તે વ્યંજનોને ગુરૂઅક્ષર કહેવાય છે.
- ગુરૂઅક્ષર :- કા, કે, કી, કૂ, કો, ગુરૂ અક્ષર કહેવાય.
- અક્ષર મેળ છંદમાં ગુરૂની નિશાની '-' છે.
- અક્ષરમેળ છંદમાં ગુરૂની નિશાની '૨' છે.
- કોઈપણ અક્ષર પર અનુસ્વાર અથવા અનુનાસિક હોય ત્યારે તે અક્ષર ગુરૂ ગણાય છે.
- દા.ત. :- વસુંધરા, પંકજ, ગંગા વગેરે.
- વસુંધરા શબ્દમાં બીજો અક્ષર અનુસ્વાર છે. તેથી તે લઘુ હોવા છતાં ગુરૂ બને છે.
- જે અક્ષર તીવ્ર અનુસ્વાર ધરાવતો હોય તે હસ્વ અક્ષર લઘુ હોવા છતાં ગુરૂ ગણાય છે.
- લઘુ અક્ષર પછી સંયુક્ત (જોડાક્ષર) અક્ષર આવે તો લઘુને ગુરૂ ગણાય છે. અર્થાત્ જોડાક્ષરનો આગળનો અક્ષર લઘુ હોવા છતાં ગુરૂ બને છે.
- ઉદાહરણ :- નિષ્ફળ.
- નિ – લઘુ અક્ષર છે. પરંતુ 'ષ્ફ' જોડાક્ષર હોવાથી તેનો આગળનો અક્ષર 'નિ' ગુરૂ અક્ષર બને છે.

❖ યતિ :-

- છંદની પંક્તિ ગાતા અમુક અંતરે સહેજ અટકવું પડે છે. તે અટકસ્થાનને યતિ કહેવાય છે.
- છંદમાં રચાયેલી પદ્યપંક્તિ વાંચતા ચોક્કસ વર્ણસંખ્યા કે માત્રાની વચ્ચે થોડો સમય સ્વાભાવિક વિરામ લઈએ તે ક્રિયાને 'યતિ' કહે છે.

❖ યતિભંગ :-

- છંદના બંધારણમાં જ્યાં યતિ આવતો હોય ત્યાં યતિ શબ્દો પુરો થવો જોઈએ. અમુક પંક્તિઓમાં 'યતિ' ને કારણે શબ્દને તોડીને ઉચ્ચારવો પડે છે. આમ થાય ત્યારે 'યતિભંગ' થયો છે એમ કહેવાય.
- ઉદાહરણ :- ને બીડેલા / કમલ મહી / બંધાઈ સૌન્દર્ય ઘેલો.
- ઉપરોક્ત પંક્તિમાં 'બં' પાસે યતિ સ્થાન હોવાથી શબ્દને તોડીને 'બં' પાસે થોડું અટકીને ઉચ્ચાર કરવો પડે છે.

❖ તાલ :-

- છંદમાં અમુક અમુક અંતરે ભાર મુકાય છે તેને 'તાલ' કહે છે.
- વર્ણ લઘુ હોય તો એક તાલ અને વર્ણ ગુરૂ હોય તો બે તાલ ગણાય.

❖ ચરણ અથવા પાદ :-

- છંદની પુરેપુરા માપવાળી એક લીટીને 'ચરણ' કે 'પાદ' કહે છે.
- ચરણ સામાન્ય રીતે એક અલગ પંક્તિ રૂપે લખાય છે.
- ઉદાહરણ :- દીપકના બે દીકરા (ચરણ-૧), કાજળને અજવાશ (ચરણ-૨) પંક્તિ -૧, એક કપૂત કાળું કરે (ચરણ-૩), બીજો દિયે પ્રકાશ (ચરણ-૪) પંક્તિ-૨.

❖ શ્રુતિભંગ :-

- એક ગુરૂ અક્ષરને સ્થાને બે લઘુ અક્ષર આવે તેને શ્રુતિભંગ કહે છે.

❖ કડી કે સ્લોક :-

- ચાર ચરણ કે પાદની એક કડી કે સ્લોક બને છે. આ નિયમ ન જળવાય તો સ્લોકભંગ થયો ગણાય છે.

❖ ગણરચના :-

➢ ત્રણ અક્ષરોના જુથને 'ગણ' કહેવામાં આવે છે.

➢ સુત્ર :- ય મા તા રા જ ભા ન સ લ ગા

| ક્રમ | ગણ | લઘુગુરૂ બંધારણ | ઉદા. | ચિહ્ન | અક્ષર (લઘુ – ગુરૂ) |
|---|---|---|---|---|---|
| 1. | ય | યમાતા | યશોદા | U _ _ | લઘુ – ગુરૂ - ગુરૂ |
| 2. | મા | માતારા | આકાંક્ષા | _ _ _ | ગુરૂ – ગુરૂ – ગુરૂ |
| 3. | તા | તારાજ | આકાશ | _ _ U | ગુરૂ – ગુરૂ – લઘુ |
| 4. | રા | રાજભા | માનવી | _ U _ | ગુરૂ – લઘુ – ગુરૂ |
| 5. | જ | જભાન | સંદેવ | U_U | લઘુ – ગુરૂ – લઘુ |
| 6. | ભા | ભાનસ | વૈભવ | _ UU | ગુરૂ – લઘુ – લઘુ |
| 7. | ન | નસલ | જમણ | UUU | લઘુ – લઘુ – લઘુ |
| 8. | સ | સલગા | વલભો | UU - | લઘુ – લઘુ – ગુરૂ |
| 9. | લ | લઘું | __ | U | લઘુ |
| 10. | ગા | ગુરૂં | __ | _ | ગુરૂ |

| અક્ષરમેળ | | | |
|---|---|---|---|
| છંદનું નામ | અક્ષર | બંધારણ | યતિ |
| ઈન્દ્ર વજ્રા | 11 | ત ત જ ગા ગા | |
| ઉપેન્દ્ર વજ્રા | 11 | જ ત જ ગા ગા | |
| ઉપજાતિ | 11 | | |
| ભુજંગી | 12 | ય ય ય ય | |
| તોટક / તુટક | 12 | સ સ સ સ | |
| વંશસ્થ | 12 | જ ત જ ર | |
| વસંતતિલકા | 14 | ત ભ જ જ ગા ગા | 8 માં અક્ષરે |
| માલિની | 15 | ન ન મ ય ય | 8 માં અક્ષરે |
| મંદાક્રાન્તા મ | 17 (1 2 3) - - - | મ ભ ન ત ત ગા ગા | 4 અને 10માં અક્ષરે |
| શિખરણી શિ | 17 (4 5 6) - - - | ય મ ન સ ભ લ ગા | 6 માં અક્ષરે |
| હરિણી હા | 17 (7 8 9) - - - | ન સ મ ર સ લ ગા | 6 અને 10 માં અક્ષરે |
| પૃથ્વી પૃથ્વી | 17 ઉપરની જોડ ન હોય | જ સ જ સ ય લ ગા | 8 માં અક્ષરે |
| શાર્દૂલવિક્રીડિત | 19 | મ સ જ સ ત ત ગા | 12 માં અક્ષરે |
| સ્ત્રગ્ધરા | 21 | મ ર ભ ન ય ય ય | 7 અને 14 માં અક્ષરે |
| મનહર | 31 (16+15) | | |
| અનુષ્ટુપ | 32 (16+16) (5 6 7) U - - | | |

| માત્રામેળ | | | |
|---|---|---|---|
| છંદનું નામ | માત્રા | ચરણ | |
| ચોપાઈ | 15 | 4 | |
| દોહરા | 24 | 4 | |
| હરિગીત | 28 | | 16 |
| સવૈયા | 31 / 32 | 4 | 16 |
| ઝૂલણા | 37 | | 10, 20 અને 30 |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

1. ઈન્દ્રવજા :-
- અક્ષર :- ૧૧
- બંધારણ :- ત ત જ ગા ગા
- યતિ :- ૫ અને ૧૧ અક્ષરે
- ઉદાહરણ :-

| _ _ U | _ _ U | U _ U | _ _ |
|---|---|---|---|
| ડી બી જ | ઈનેધ | ન અંધ | કારે |
| ત | ત | જ | ગા ગા |

- શીતે ધ્રુજી સૃષ્ટિ સમસ્ત ત્યારે
- સંસાર ને સાગર ને કિનારે
- ઈલા દિવાળી દિવડા કરીશું
- કીધો હતો સાસરવાસ કાલે

2. ઉપેન્દ્રવજા :-
- અક્ષર :- ૧૧
- બંધારણ :- જ ત જ ગા ગા
- યતિ :- ૫ અને ૧૧માં અક્ષરે
- ઉદાહરણ :-

| U_U | _ _ U | U _ U | _ _ |
|---|---|---|---|
| અપૂર્વ | બે આપ | ણ અગ્નિ | હોત્રી |
| જ | ત | જ | ગા ગા |

- સદા વળી જીવન નીતિ ધારો
- સમષ્ટિના સત્યનું હું ય રશ્મિ
- દયા હતીના, નહિ કોઈ શાસ્ત્ર

3. ઉપજાતિ :- ૧૧
- ઉદાહરણ :-
- જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ – ઈન્દ્રવજા
  બને રહ્યો તે જ સમાધિયોગ – ઉપેન્દ્રવજા
- સીતા સમાણી સતી કોણ ચાલી ? – ઈન્દ્રવજા
  પતિ પ્રતિજ્ઞાય સદા પ્રમાણી – ઉપેન્દ્રવજા

4. ભુજંગી :-
- અક્ષર :- ૧૨
- બંધારણ :- ય ય ય ય
- યતિ :- ૬ – ૬ અક્ષરે
- ઉદાહરણ :-

| U_ _ | U _ _ | U _ _ | U _ _ |
|---|---|---|---|
| સૂરાલ | ય સ જ | વો અહીં | કે ગમે |
| ય | ય | ય | ય |

- ઘણું ખાધુ પીધું ઘણા ભોગ કીધા
- ઘણા રાયરાણા જિતી દંડ લીધા
- પુરી એક અંધેરિ ને ગુંડારાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા
- ભણાવી ગણાવી કીધો ભાગ્યશાળી, તથા તુચ્છ જેવી બૂરી ટેવ ટાળે
- ગયો ગુર્જરી ભૂમિનો આજ હીરો

5. તોટક :-
- અક્ષર :- ૧૨
- બંધારણ :- સ સ સ સ
- યતિ :- ૩,૬,૯ અને ૧૨ માં અક્ષરે
- ઉદાહરણ :-

| U U _ | U U _ | U U _ | U U _ |
|---|---|---|---|
| પ્ર ભી જી | વ ન દે | હ જુ જી | વ ન દે |
| સ | સ | સ | સ |

- રસગું જગનો ઠવિયો કરતાં,
  ઉરથી ઉરમેં વાવીને વસતાં.
- વનકંટકથી તન રક્ત ઝરે,
  પણ તોય ન અશ્રુ કદાપિ ખરે.
- શિરમાં ઉરમાં મુખમાં, કરમાં,
  વિભુ વાસ વસો મુજ અંતરમાં.
- મુજ દેહ વિષે, વળ ઈ આત્મ વિષે
  જડ ચેતનમાં પ્રભુ વાસ વસે.

6. વસંતતિલકા :-
- અક્ષર : ૧૪
- બંધારણ : ત ભ જ જ ગા ગા
- યતિ :- ૮માં અક્ષરે અને ચરણના અંતે.
- ઉદાહરણ :-

| _ _ U | _ UU | U-U | U-U | _ _ |
|---|---|---|---|---|
| વિશ્વંભ | રીઅખિ | લવિશ્વ | તણીજ | નેતા |
| ત | ભ | જ | જ | ગા ગા |

- સૂતો રવિ અલધિં માંહિ લયાઈ રાતો
- શબ્દો વિના ભટકતો રહું અર્થ જેવો
- અશ્રુ હતું હૃદયમાં, નયણે ન આવ્યું
- ત્યાં ધૂળ દૂર નજરે ઉડતી પડે છે.

7. માલિની :-
- અક્ષર :- ૧૫
- બંધારણ :- ન ન મ ય ય
- યતિ :- ૮માં અક્ષરે
- ઉદાહરણ :-

| UUU | UUU | _ _ _ | U _ _ | U _ _ |
|---|---|---|---|---|
| સબળ | હૃદય | ઈચ્છેયા | પિને પ્રે | મ પા વા |
| ન | ન | મ | ય | ય |

- ભવતું ! ભવતું ! દેવી વિશ્વ છોને વિસારે
- પણ સુરગણ તારી નિત્ય કીર્તિ ઉચારે
- નયન પર છવાતાં અશ્રુનું એક બિન્દુ

8. મંદાક્રાંતા :-
- અક્ષર :- ૧૭
- બંધારણ :- મ ભ ન ત ત ગા ગા
- યતિ :- ૪ અને ૧૦ અક્ષરે

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

- ઉદાહરણ :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| _ _ _ | _ U U | U U U | _ _ U | _ _ U | _ _ |
| રે પંખી | ડા સખ | થી ચણ | જો ગીત | વા કાંઈ | ગાજો |
| મ | ભ | ન | ત | ત | ગા ગા |

- હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
- બેસી ખાટે પિયર ઘરમાં જિંદગી જોઈ સારી.
- સૂંકાં પર્ણો વન ગજવતાં શાંત લીલાં સદાયે.
- હા ! પસ્તાવો વિપુર ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
- ધીમે ધીમે શિથિલ કર ને, નેત્રની પાસ રાખી.
- છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી.
- ઝાંખાભૂ રાંગિરિ ઉપર નાં એક થી એક સૃંગ.
- બેઠી ખાટે ફરિવળિ બધે મેડિયો ઓરડામાં.
- તારા લાગે ધધિર, વીજળી પૂછવા દે જ ક્યાં ?
- હૈયાં વાસો નહિં શું વસતા કૈં હશે સ્નેહભીના ?

**9. શિખરિણી :-**

- અક્ષર :- ૧૭
- બંધારણ :- ય મ ન સ ભ લ ગા
- યતિ :- ૬ અને ૧૨ અક્ષરે
- ઉદાહરણ :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| U _ _ | _ _ _ | U U U | U U _ | _ U U | U _ |
| અસત્યો | માંહેથી | પ્રભુપ | રમસ | ત્યેતુલ | ઈજા |
| ય | મ | ન | સ | ભ | લ ગા |

- હજી તારી કાયા, મુજ નયન સામે ઝળહળે.
- વહી ચાલી સંધ્યા, ગગન મહિ ના કો ધન દીસે
- પરોઢે આવેલા, સપન સમ આવ્યા પિયુ તમે.
- પ્રભો અંતર્યામી, જીવન જીવના દીન શરણા.
- વહી ચાલી સંધ્યા, ગગન મહી ના કો ધન દીસે.
- કદી મારી પાસે, વન વન તણાં હોત કુસૂમો
- ઠરી મારી આંખો, કબીરવડ તુને નિરખીને.
- હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગના.
- મને એ ચક્ષુમાં, પ્રભુ ! જગત તીર્થોત્તમ મળ્યું.
- ફર્યોતા રી સાથે, પ્રિયત મસખે, સૌમ્યવ યના.
- પિતા માતા બંધુ અનુપમ સખા હિતકરણા.

**10. હરિણી :-**

- અક્ષર :- ૧૭
- બંધારણ :- ન સ મ ર સ લ ગા
- યતિ :- ૬ અને ૧૦ અક્ષરે
- ઉદાહરણ :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| UUU | UU_ | _ _ _ | _ U _ | UU _ | U _ |
| પવન | ઝડપે | પાણીડા | લ્યાંનદી | મલકી | પડી |
| ન | સ | મ | ર | સ | લ ગા |

- મુખ મરકતું માનું જેના સ્વરે ઘર ગુંજતું.
- શરદ રજની ધીરે ધીરે ગળાઈ ચળાઈને.
- દિન દિન જતાં માસો વીત્યા અને વરસો વહ્યા.
- તિમિર ટપકે પર્ણે પર્ણે ભીનું વન આ બધું.

**11. પૃથ્વી :-**

- અક્ષર :- ૧૭
- બંધારણ :- જ સ જ સ ય લ ગા
- યતિ :- ૮ અક્ષરે
- ઉદાહરણ :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| U _ U | U U _ | U_U | UU_ | U _ _ | U _ |
| ભમોભ | રતખં | ડમાંસ | કળભો | મખૂંદી | વળ્યા |
| જ | સ | જ | સ | ય | લ ગા |

- મને શિશુ તણે ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી.
- છતાંય દિલ તો ચહેતન યુવાનની તાજગી.
- પ્રિય તુજ લટે ઘરું ધવલ સ્વચ્છ આ મોગરો.
- મને શિશુ તણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી.
- ઘણુંક ઘણું ભાગવું, ઘણ ઉઠાવ મારી ભુજા !
- નહીં નિકટ એથિ પર્સહક આ સમે માહરો.
- ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, એ ભુજા !
- નસીબ વિફરે, લિયે નયન લોક આડા કરી,
- બુરા દુખદ હાલને સહિ રહૂં ક્યેમ એકલો.

**12. શાર્દૂલવિક્રીડિત :-**

- અક્ષર :- ૧૯
- બંધારણ :- મ સ જ સ ત ત ગા
- યતિ :- ૧૨ અક્ષરે
- ઉદાહરણ :-

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| _ _ _ | UU _ | U _ U | U U_ | _ _ U | _ _ U | _ |
| ના મારે | તુજ ભે | ટ બક્ષિ | સ ન વા | તારીકૃ | પાજોઈ | એ |
| મ | સ | જ | સ | ત | ત | ગા |

- ઊગે છે નભ સૂર્ય ગાઢ જગના અંધારને ભેદવા.
- ભૂરું છે નભ સ્વચ્છ દીસતિ એકે નથી વાદળી
- રાજાના દરબારમાં રસિક ડી મે બીન છેડી અને
- આંસુના પડદા વતી નયન તો મારાં થયા આંધળાં
- ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં ભૂલોની જ પરંપરા જગત આ, એવું દીસે છે પિતા
- મીઠો છે રસ ભાઈ ! શેરડી તણો એવું દયાથી કહી
- પુત્રો પાનખરે ખરી જયમ પડે તે રીત દાદાતણાં
- વેઠે અઠઠ વનવાસના વિકટ હા ! કષ્ટો શરીરે અતિ,
  ને હું મહેલ વિષે વસું સુખ થકી, એ યોગ્ય ભાસે નહિં.

**13. સ્ત્રગ્ધરા :-**

- અક્ષર :- ૨૧
- બંધારણ :- મ ર ભ ન ય ય ય
- યતિ :- ૭, ૧૪ અને ૨૧ અક્ષરે
- ઉદાહરણ :-

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| _ _ _ | _U_ | _ UU | UUU | U_ _ | U _ _ | U _ _ |
| ધીમેધી | મેછટા | થીકુસુ | મરજ | લઈડો | લતોવા | યુવાયે |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

- ઊઠી વ્હેલાં પ્રભાતે ઝટ ઘર વખરી ગોઠવે વાળિ ઝાડી.
- ફુંગોળી ફીણળૂ ચેઘસ મસઘ સતાચં ડમોજા ચણાવે
- રે આ સાફલ્યચણું યુગયુગ પલટે તોય પાછું ન આવે.
- વેણીમાં ગૂંથવાં'તા કુસુમ નહી રહ્યા અર્પવા અંજલીથી
- રે આ સાફલ્યટાણું યુગયુગ પલટે તોય પાછું ન આવે.

**14.** મનહર :-
- અક્ષર :- ૩૧ (૧૬ + ૧૫)
- બંધારણ :- બે પંક્તિઓ પ્રથમ પંક્તિમાં-૧૬, બીજી પંક્તિમાં-૧૫ અક્ષર.
- યતિ :- ૮, ૧૬ અને ૨૪ અક્ષરે
- ઉદાહરણ :-
- ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળા ભૂંડા – ૧૬
  ભૂતળમાં પશુઓને પક્ષીઓ અપાર છે – ૧૫
- પોલું છે તે બોલ્યું તેમા કરી તેશી કારીગરી ? – ૧૬
  સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે – ૧૫
- કહે દલપતરામ રાજ અધિરાજ સુણો – ૧૬
  રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું – ૧૫
- નાગરવેલીના જેવી નાજુકડી નારવાંકી – ૧૬
  વાંકો એનો અંબોડો ને વાંકા એના વેણ છે – ૧૫
- સાંભળી શિયાળ બોલ્યું દોખે દલપતરામ,
  અન્યનું તો એક વાંકુ આપના અઢાર છે.

**15.** અનુષ્ટુપ :-
- અક્ષર :- ૧૬ + ૧૬
- બંધારણ :- ૧૬ અક્ષરના બે ચરણ અને ૮ , ૮ ના ૪ ચરણ.
- યતિ :-
- દરેક ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠો ગુરૂ.
- પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરૂ.
- બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષઅ લઘુ.
- ઉદાહરણ :- છા યા તો વ ડ લા જે વી, ભા વ તો ન દ ના સ મ
  ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
- દે વો ના ધા મ ના જે વું, હૈ ડું જા ણે હિ મા લ ય
  ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
- રહી જગ ફરી પાછો, છુટો થાય શરીરથી
  પ્રિયે ! સ્પર્શ કરૂં શું હું ?, અધિકાર જરા નથી.
- સ્નેહગર્વ નથી જેને, સ્નેહશોક ન એ ધરે,
  તૂટતા આભને ઝીલી, લેવાની શક્તિ એ ઉરે.
- વસે શું વિદ્યમાં આવી, સત્ય ધર્મ પ્રસારતી,
  અમોલ માનવી સત્તા, સર્વલોક પ્રતારતી.
- જાણે બધું તથાપિ કૈ, કહેવાની રજા નહીં
  શમાવી ન શકે તેથી, મુંઝાય મનની મહી.

❖ માત્રામેળ છંદ :-

- માત્રામેળ છંદ અક્ષરોની નહીં, પરંતુ માત્રાની ગણતરી કરવામાં અવે છે. લઘુ (U)ની ૧ માત્રા અને ગુરુ (-) ની ૨ માત્રા ગણાય છે.
- (૧) દોહરો (૨) ચોપાઈ (૩) સવૈયા (૪) હરિગીત (૫) ઝૂલણાં (૬) સોરઠા

**1.** દોહરો (દુહો) :-
- અક્ષર :- ૨૪
- ચરણ :- ૪
- યતિ :- ૧૩મી માત્રાએ
- બંધારણ :- ૧ અને ૩ ચરણમાં – ૧૩ માત્રા ૨ અને ૪ ચરણમાં – ૧૧ માત્રા
- છેલ્લા બે અક્ષર અનુક્રમે ગુરુ અને લઘુ

- દીપકના બે દિકરા, કાજળ ને અજવાશ
  ૨૧૧૨ ૨ ૨૧૨ ૨૧૧ ૨ ૧૧૨૨
- એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ
  ૨૧ ૧૨૧ ૨૧ ૧૨ ૨૨ ૧૨ ૧૨૧
- ભણતાં પંડિત નીપજે, લખતાં લહીયો થાય
  ચાર ચાર ગઉ ચાલતાં, લાંબો પંથ કંપાય
- ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
  ગુણ તારા નિત ગાઈએ, થાય અમારા કામ
- નમતાથી સૌ કો રીઝે, નમતાને બહુમાન
  સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન
- કરતો જાળ કરોળિયો, ભોય પડી પછડાય
  વણ તૂટેલ તાંતણે, ઉપર ચડવા જાય

**2.** ચોપાઇ :-
- અક્ષર :- ૧૫ + ૧૫ = ૩૦
- ચરણ :- ૪
- યતિ :- ૧૫મી માત્રા પછી
- બંધારણ :- દરેક ચરણમાં ૧૫ માત્રા છેલ્લા બે અક્ષર અનુક્રમે ગુરુ અને લઘુ.

- લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય
  ૨૨ ૨૨ ૨૨ ૨૧ ૧૨ ૧૨ ૨ ૨૨ ૨૧
- તે માટે તક જોઈ તમામ, શક્તિ વિચારી કરીએ કામ
  ૨ ૨૨ ૧૧ ૨૧ ૧૨૧ ૧૧ ૧૨૨ ૧૨૨ ૨ ૧
- પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યુ કહેતાં વાત
- જો જોરે મોટાના બોલ, ઊજડ ખેડે બાજ્યું ઢોલ
- એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂંજે દેવ
  પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન
- કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય,
  ચાર પગોને આંચળ ચાર, પૂંછડાથી ઉડાડે માંખ



ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

3. સવૈયા
- અક્ષર :- ૩૧ અથવા ૩૨
- ચરણ :- ૪
- યતિ :- ૧૬મી માત્રા પછી
- બંધારણ :- ચરણના અંતે ગુરૂ – લઘુ આવશ્યક છે. છેલ્લો અક્ષર ગુરૂ હોય તો ૩૨ માત્રા થાય.

- ઝેર ગયા ને વેર ગયા, વળી કાળા કેર ગયા કરનાર – ૩૧ માત્રા
  ૨૧ ૧૨ ૨ ૨૧ ૧૨ ૨૨ ૨૨ ૨૧ ૧૨ ૧૧૨૧
- અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ ?
  કાળ તણી ધરતીમાં ખોદી કોણ કોણ રહ્યું જીવનના કૂંપ ?
- પુષ્પ તણી પાંદડીએ બેસી કરતું કોણ ચિરંતન હાસ ?
  પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુભિત પુલકતિ મુખરિસ શ્વાસ ?
- આ સૂની સૂની રાત મહીં કોઈ ઢોલક હજી બજાવે છે,
  ને ઉજ્જડતાના ફળિયામાં એ સૂતાં પ્રેત જગાવે છે.
- અલક મલક આ તરતો તડકો ચો તરફથી આયોજી,
  ગોરીના બે ગાલમહીં એ તસતસતો પથરાયોજી.

4. હરિગીત :-
- અક્ષર :- ૨૮
- ચરણ :- ૪
- યતિ :- ૧૬ મી માત્રા પછી (છેલ્લો અક્ષર ગુરૂ હોય છે)

- જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી ?
- જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
- ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિં
- આ પ્રેમ સંસારી તણો, તુજ તેજ જેવો છે નકી.
- આ મોક્ષથી મોંઘુ અને સાકર થકી વધતું ગળ્યું,
  તુજ બાણમાં સંપાતથી પંચતવ આ સમયે મળ્યું

5. ઝૂલણાં :-
- અક્ષર :- ૩૭
- ચરણ :- ૪
- યતિ :- ૧૦, ૨૦ અને ૩૦ માત્રાએ
- ઉદાહરણ :-
- જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા,
  તુજ વિના ધેનમાં કોણ જાશે ?
- નિરખને ગગનમાં કોન ઘૂમી રહ્યો
  તેજ હું તેજ હું શબ્દ બોલે.
- કામિની કોકિલા કેલિ કૂંજન કરે
  સાગરે ભાસતી ભવ્ય ભારતી
- જાગીને જોઉં તો જગત દીસે નહીં
  ઊંઘમાં અટપટા ભોગ ભાસે.
- પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર
  તત્વનું ટૂંપણું તુચ્છ લાગે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## સમાનાર્થી શબ્દો :

| | | |
|---|---|---|
| 1. | અક્કલ | બુદ્ધિ, મતિ, પ્રજ્ઞા, મેધા, ધી |
| 2. | અક્ષત | અખંડ, સુરક્ષિત |
| 3. | અખિલ | સમગ્ર, સઘળું, સમસ્ત, સકલ, સર્વ, આખું, પૂરું |
| 4. | અગમ્ય | ગૂઢ, ગેબી, રહસ્યમય, ભેદી |
| 5. | અગ્નિ | આગ, પાવક, અનલ, દેવતા, હુતાસન, વહ્નિ |
| 6. | અચરજ | નવાઈ, હેરત, વિસ્મય, અચંબો, આશ્ચર્ય |
| 7. | અચાનક | ઓચિંતું, અણધાર્યું, એકાએક, એકદમ |
| 8. | અજ | બકરો |
| 9. | અજપાળ | ભરવાડ |
| 10. | અજલ | સૂકું |
| 11. | અજંપો | અશાંતિ |
| 12. | અજાઝુડ | અડાબીડ, ગીચ, ગાઢ |
| 13. | અજાયબી | આશ્ચર્ય |
| 14. | અજ્ઞ | અજાણ, અનભિજ્ઞ |
| 15. | અટળક | અનુમાન, ધારણા |
| 16. | અટાર | ધૂળ |
| 17. | અટીકટી | કટ્ટી |
| 18. | અડગ | દ્રઢ, મજબૂત |
| 19. | અણછ | કંટાળો |
| 20. | અણસણ | ઉપવાસ |
| 21. | અણા | મોટાભાઈ |
| 22. | અતલ | તળિયું |
| 23. | અતિ | ઘણું |
| 24. | અતિથિ | મહેમાન, પરોણો, અભ્યાગત |
| 25. | અતીત | ભૂતકાળ |
| 26. | અદીઠો | ન જોયેલો |
| 27. | અધમ | નીચ, હલકું |
| 28. | અધિકાર | અમલ, સતા, હક્ક |
| 29. | અધીન | વશ, તાબેદાર, |
| 30. | અધ્યયન | અભ્યાસ, ભણતર |
| 31. | અનગળ | પુષ્કળ |
| 32. | અનન્ય | અજોડ,બેનમુન, અનેરું, અસાધરણ |
| 33. | અનભે | નિર્ભય |
| 34. | અનર્ગળ | અપાર, પુષ્પક, અનરાધાર અપરંપાર |
| 35. | અનહદ | અસીમ, અપાર |
| 36. | અનાદર | અવજ્ઞા, અવહેલના, અપમાન, અવમાનના, તિરસ્કાર, |
| 37. | અનાયાસ | સહજ, સુગમ |
| 38. | અનાર્ય | અસભ્ય |
| 39. | અનિલ | વાયુ, પવન, સમીર, વાયરો, મારુત, વાત, વા |
| 40. | અનુકંપા | દયા, કરુણા, અનુગ્રહ, મહેરબાની, |
| 41. | અનુકંપા | દયા, કરુણા |
| 42. | અનુગ્રહ | કૃપા, ઉપકાર, મહેરબાની |
| 43. | અનુપમ | અપૂર્વ, અનન્ય, અનોખું, બેનમૂન, અજોડ, વિલક્ષણ, અસાધારણ, અનેરું |
| 44. | અનુસ્યુત | સંકલિત, જોડાયેલું |
| 45. | અફસોસ | પસ્તાવો |
| 46. | અભિજાત | ખાનદાન, કુળવાન |
| 47. | અભિમાન | અહંકાર, ગર્વ, ઘમડ, અહં, દર્પ |
| 48. | અભ્ર | મેઘ, વાદળ |
| 49. | અમાનુષી | ક્રૂર, ઘાતકી, નિર્દય, નિષ્ઠુર, |
| 50. | અમી | અમૃત, પીયૂષ, સુધા |
| 51. | અમૃત | પીયુષ, સુધા |
| 52. | અય્યાસી | એશઆરામી |
| 53. | અરજ | વિનંતી, પ્રાર્થના, વિનવણી, વિજ્ઞપ્તિ, અનુનય |
| 54. | અર્જુન | કિરીટી, પાર્થ |
| 55. | અલ્પ | થોડું, નજીવું, જરાક, સહેજ, ક્ષુલ્લક, જરા |
| 56. | અવકાશ | સમય |
| 57. | અવની | ક્ષતિ, ધરા, પૃથ્વી, ધરતી, ધરણી, ભોમ, મહી, વસુધા, વસુમતી, વિશ્વંભરા |
| 58. | અવર | બીજું, અન્ય |
| 59. | અવસાન | મૃત્યુ, નિધન, મરણ, મોત, અંતકાળ, દેહાંત, કાળધર્મ |
| 60. | અવાજ | ધ્વનિ, નાદ, ઘોષ, ઘાંટો, સાદ, રવ, સ્વર, પોકાર,બૂમ |
| 61. | અવાક | મૌન |
| 62. | અશય | અશક્ત, અસમર્થ |
| 63. | અશરફી | સોનામહોર, ગીની |
| 64. | અશ્વ | ઘોડો, હય, તુરંગ, વાજી, સૈંધવ, |
| 65. | અસીમ | અમાપ, પુષ્કળ, અઢળક |
| 66. | અસૂયા | ઈર્ષ્યા |
| 67. | અહોનિશ | દિનરાત, હંમેશા |
| 68. | અંજલી | ખોબો, ખોબલો, પોશ |
| 69. | અંતેવાસી | શિષ્ય |
| 70. | અંધકાર | તિમિર, અંધારું, તમસ, તમ, તામિસ, ધ્વાન્ત |
| 71. | અંબાર | ભંડાર, કોષ, કોઠાર, ઢગલો |
| 72. | આકાશ | આભ, નભ, ગગન, વ્યોમ, આસમાન, અંબર, ખ, અભ્ર, |
| 73. | આક્કા | મોટીબહેન |
| 74. | આચાર | વર્તન |
| 75. | આતશ | અગ્નિ |
| 76. | આત્મશ્લાઘા | સ્વપ્રશંસા |
| 77. | આનંદ | ઉલ્લાસ, હર્ષ, ઉમંગ, હોંશ, ખુશી |
| 78. | આબ | પાણી, વારિ |
| 79. | આભૂષણ | આભરણ, અલંકાર, ભૂષણ, દાગીનો, ઘરેણું |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 80. | આમંત્રણ | નિમંત્રણ |
| 81. | આરોપ | તહોમત, આળ. આક્ષેપ |
| 82. | આર્ત | દુખી |
| 83. | આલુંદ્બલું | આંટાફેરા, સેવાચાકરી |
| 84. | આવક | ઉપજ, મળતર, નિપજ, પેદાશ |
| 85. | આવરદા | આયુષ્ય |
| 86. | આવિર્ભાવ | આવિષ્કાર, પ્રાગટ્ય |
| 87. | આશા | ઈચ્છા, કામના, અભિલાષા, મનોરથ, વાંછા, સ્પૃહા, એષણા, આરત, મનીષા, |
| 88. | આસવ | અર્ક, રસ, સત્વ, અરક |
| 89. | આળસું | એદી |
| 90. | આંખ | નેત્ર, નયન, ચક્ષુ, લોચન, નેણ, અક્ષ, દગ, ઈશ, અક્ષિ |
| 91. | આંચલ | પાલવ |
| 92. | ઈચ્છા | અભિલાષા, કામના |
| 93. | ઈનકાર | નામંજૂરી, અસ્વીકાર, નિષેધ, મના, |
| 94. | ઈન્દ્ર | પુરંદર, સુરપતિ, દેવરાજ, શચિપતિ, શચીશ, |
| 95. | ઈલ્કાબ | ખિતાબ |
| 96. | ઈશ | પરમાત્મા |
| 97. | ઈષ્ટ | ઈચ્છિત, મનગમતું, પ્રિય |
| 98. | ઈંગિત | સૂચન, ઈશારો |
| 99. | ઈંતેજાર | આતુર, અધીરું |
| 100. | ઉગમ | મૂળ |
| 101. | ઉછંગ | ખોળો, ગોદ |
| 102. | ઉજમ | હિરા |
| 103. | ઉજ્જડ | નિર્જન, વેરાન |
| 104. | ઉજ્જવળ | ઊજળું દેદીપ્યમાન |
| 105. | ઉત્કર્ષ | ઉન્નતિ, ચડતી |
| 106. | ઉત્કૃષ્ટ | શ્રેષ્ઠ, ઉત્તમ |
| 107. | ઉત્તાપ | સંતાપ |
| 108. | ઉદક | નીર, જળ, પાણી |
| 109. | ઉદય | ઉત્થાન |
| 110. | ઉદાહરણ | દષ્ટાંત |
| 111. | ઉદ્વેગ | વ્યાકુળતા, ગભરાટ |
| 112. | ઉન્નતિ | વિકાસ, ઉત્કર્ષ, અભ્યુદય, ચડતી, ઉત્થાન, પ્રગતિ |
| 113. | ઉપકાર | પાડ, એહસાન, કૃતજ્ઞતા, ઉપકૃતિ, આભાર |
| 114. | ઉપવસ્ત્ર | ઉત્તરીય |
| 115. | ઉલ્લસ | આનંદ |
| 116. | ઊણપ | અદ્ભરય, ખામી |
| 117. | એખલાસ | દોસ્તી |
| 118. | એતબાર | વિશ્વાસ, શ્રધ્ધા |
| 119. | એશીયાળી | લાચાર, પરવશ, દીન |
| 120. | ઐશ્વર્ય | શોભા, સમૃદ્ધિ |
| 121. | ઓરતા | અભિલાષા |
| 122. | ઓસડ | દવા, ઔષધ |
| 123. | ઓળો | છાયા, પડછાયો |
| 124. | ઔષધિ | દવા |
| 125. | કઢંગું | બેડોળ, કદરૂપું |
| 126. | કદરૂપો | બેડોળ |
| 127. | કપરું | અઘરું, કઠિન, મુશ્કેલ |
| 128. | કબૂલ | મંજુર, માન્ય, સ્વીકાર્ય, સ્વીકૃત, |
| 129. | કમળ | સરોજ, પંકજ, ઉત્પલ, અંબુજ, અરવિંદ, રાજીવ, શતદલ, નલિન, સરસિજ, વારિજ, |
| 130. | કમળ | પદ્મ, સરોજ |
| 131. | કમળ | પંકજ |
| 132. | કરતાલ | કાંસીજોડા, ઝાંઝ |
| 133. | કરાડ | ભેખડ |
| 134. | કરાડ | ભેખડ |
| 135. | કરાલ | ભયંકર |
| 136. | કર્મ | કાર્ય, ક્રિયા, પ્રવૃત્તિ, કામ, |
| 137. | કંગાલ | પામર, તુચ્છ |
| 138. | કંચન | કનક, સોનું, કુંદન |
| 139. | કંચન | સોનું, હેમ |
| 140. | કંઠ | ગળુ, ડોક, ગ્રીવા |
| 141. | કંઠ | સૂર, અવાજ |
| 142. | કાક | કાગડો |
| 143. | કાગડો | કાક, વાયસ |
| 144. | કાપડ | વસ્ત્ર, વસન, અંબર, ચીર, કપડું |
| 145. | કાબુ | અંકુશ, સત્તા |
| 146. | કામદાર | મજુર, શ્રમજીવી, શ્રમિક, મજદૂર |
| 147. | કામદેવ | મદન, માર, કંદર્પ, મન્મથ, પુષ્પધન્વા, અનંગ, પંચશર, રતિપતિ, કુસુમાયુધ |
| 148. | કામદેવ | અનંગ, મદન |
| 149. | કામના | મનોરથ, અભિલાષા, આકાંક્ષા, અપેક્ષા, એષણા, લિપ્સા, વાંછના, |
| 150. | કાયમ | સનાતન, શાશ્વત, ધ્રુવ, નિત્ય, |
| 151. | કાળ | સમય, વખત, જમાનો, વેળા |
| 152. | કાળજી | ચીવડ, તકેદારી, સાવચેતી, સંભાળ |
| 153. | કાળું | કૃષ્ણ, શ્યામ, શ્યામલ, શામળું |
| 154. | કિનારો | કાંઠો, આરો, ઘાટ, તીર, ઓવારો, તટ, તીર્થ, પાર |
| 155. | કિરણ | રશ્મિ, અંશુ, મરીચિ |
| 156. | કિરણ | અંશુ, રશ્મિ |
| 157. | કિર્તિ | ખ્યાતિ, નામના, યશ, આબરૂ, પ્રતિષ્ઠા, |
| 158. | કિલ્લો | દુર્ગ, કોટ |
| 159. | કિલ્લોલ | આનંદ |
| 160. | કુતૂહલ | જિજ્ઞાસા, ઉત્કંઠા, ઈન્તેજારી, તાલાવેલી, અચરજ, આશ્ચર્ય |
| 161. | કુદરતી | પ્રાકૃતિક, સહજ, નૈસર્ગિક, |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 162. | કુહર | ગુફા |
| 163. | કૂથલી | નિંદા |
| 164. | કૂંચી | ચાવી, કુંચિકા |
| 165. | કૃષ્ણ | મુરારિ, ગિરિધર |
| 41. | ટચલી આંગળી પાસેની આંગળી | અનામિકા |
| 42. | મટકું માર્યા વગર | અનિમેષ |
| 43. | શબ્દ દ્વારા જે વ્યક્ત થઈ ન શકે | અનિર્વચનીય |
| 44. | ટાળી ન શકાય તેવું | અનિવાર્ય |
| 45. | અનુકરણ કરવા યોગ્ય | અનુકરણીય |
| 46. | પાછળ આવનારું | અનુગામી |
| 47. | પાછાથી જન્મેલ (નાનોભાઈ) | અનુજ |
| 48. | નાકથી બોલાતો (વર્ણ) | અનુનાસિક |
| 49. | કોઈની સાથે સરખાવી ન શકાય તેવું | અનુપમ |
| 50. | કોઈની સાથે સરખાવી શકાય નહિ તેવું | અનુપમ |
| 51. | જેની ઉપેક્ષા ન કરવી ઘટે કે ન કરાય તેવું | અનુપ્રેક્ષ્ય |
| 52. | તર્ક દ્વારા કોઈ વસ્તુનો નિર્ણય કરવો તે | અનુમાન |
| 53. | તર્ક દ્વારા કોઈ વસ્તુનો નિર્ણય કરવો તે | અનુમાન |
| 54. | જેનું ચિત્ત અન્ય વિચારોમાં રોકાયેલું હોય | અન્યમનસ્ક |
| 55. | નહિ પદ્ય, નહિ ગદ્ય | અપદ્યાગદ્ય |
| 56. | બપોર પછીનો સમય | અપરાહ્ન |
| 57. | જેની આરપાર જોઈ ન શકાય તેવું | અપારદર્શક |
| 58. | જેની આશા રખવામાં ન આવે | અપ્રત્યાશિત |
| 59. | સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જતી સ્ત્રી | અભિસારિકા |
| 60. | પહેલાં કદી ન બન્યું હોય તેવું | અભૂતપૂર્વ |
| 61. | પહેલાં કદી ન બન્યું હોય તેવું | અભૂતપૂર્વ |
| 62. | ભેદી ન શકાય તેવું | અભેદ્ય |
| 63. | અમલદારોના અભિપ્રાય અનુસાર અને તેમનો એકહથ્થુ સત્તાનો વહીવટ | અમલદારશાહી |
| 64. | અમીરોના અથવા સામંતોની મદદથી ચાલતો વહીવટ | અમીરશાહી, સામંતશાહી |
| 65. | અમૃત જેવી મીઠી નજર | અમીદૃષ્ટિ |
| 66. | કિંમત ન કરી શકાય તેવું | અમૂલ્ય અમૂલખ, |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| | | અણમોલ |
| 67. | જંગલમાં વસનાર લોકો | અરણ્યક |
| 68. | ઘણો પોકાર હોવા છતાં કોઈ ન સાંભળે તેવું | અરણ્યરુદન |
| 69. | કોઈનીય મદદ વિના આડેધડે ચાલતો વહીવટ | અરાજકતા |
| 70. | કરમથી ઉપરના ભાગનું ચિત્ર | અરુણચિત્ર |
| 71. | દેખાતું બંધ થઈ જવું તે | અદૃશ્ય |
| 72. | અધકચરા જ્ઞાનવાળો | અર્ધદગ્ધ |
| 73. | છ મહિને પ્રગટ થતું પત્ર | અર્ધવાર્ષિક |
| 74. | અઠવાડિયે બે વાર પ્રગટ થતું પત્ર | અર્ધસાપ્તાહિક |
| 75. | આ લોકમાં મળે નહિતેવું | અલૌકિક |
| 76. | બહુ ઓછું બોલનાર | અલ્પભાષી, મિતભાષી |
| 77. | દેખીતા અર્થથી અવળો જ અર્થ સૂચવતી વાણી | અવળવાણી |
| 78. | જેનો નાશ ન થાય તેવું | અવિનાશી |
| 79. | શેષ રખ્યા વિના ભગાય નહિ તેવું | અવિભાજ્ય |
| 80. | પૈસા લીધા સિવાય કામ કરનાર | અવેતનિક |
| 81. | કરી શકાય નહિ તેવું | અશક્ય |
| 82. | સહન ન કરી શકનાર | અસહિષ્ણુ |
| 83. | સહન ન કરી શકાય તેવું | અસહ્ય |
| 84. | મેળે બેસે નહિ તેવું | અસંગત |
| 85. | કદી પણ ન બની શકે તેવું | અસંભવિત,અશક્ય |
| 86. | જે રોગનો કોઈ ઈલાજ ન હોય | અસાધ્ય |
| 87. | છૂટું ફેંકવાનું હથિયાર | અસ્ત્ર |
| 88. | જેન સ્પર્શ કરવાને લાયક ન હોય | અસ્પર્શ્ય |
| 89. | કોઈ કાર્યનું વિગતે વર્ણન | અહેવાલ |
| 90. | હાથીને કાબૂમાં રાખવા વપરાતું સાધન | અંકુશ |
| 91. | ઈંડામાંથી ઉત્પન્ન થનારું | અંડજ |
| 92. | અંતરમાં રહેલું જાણનાર | અંતરજામી, અંતર્યામી |
| 93. | પાસે રહેનારું | અંતેવાસી |
| 94. | આવક તથા ખર્ચનો અડસટ્ટો | અંદાજપત્ર |
| 95. | સમજ્યા વગર ખોટી આસ્થા હોવી તે | અંધશ્રદ્ધા |
| 96. | સાવ અસંભવિત વાત | આકાશકુસુમવત |
| 97. | જાંઘ સુધી જેના લાંબા હાથ હોય | આજાનબાહુ |
| 98. | જીવન સુધીનું | આજીવન |
| 99. | હીંસક તોડફોડથી ભય ફેલાવનાર | આતંકવાદી |
| 100. | પોતાના હાથે જ લખાયેલું પોતાનું વૃત્તાંત | આત્મકથા |

| | | |
|---|---|---|
| 101. | પોતાની જ હત્યા (વિનાશ) કરનાર | આત્મઘાતી |
| 102. | પોતાનીજાત પર આધારિત | આત્મનિર્ભર |
| 103. | પોતાની જાતની છેતરપિંડી | આત્મવંચના |
| 104. | પોતાનાં વખાણ પોતે જ કરવાંતે | આત્મશ્લાઘા |
| 105. | પોતાની જાત ઉપર કાબૂ રાખે તેવું | આત્મસંયમી |
| 106. | પોતાની જાત ઉપર આધાર રાખનારું | આપકર્મી |
| 107. | બાળકથી માંડીને વૃદ્ધ સુધી | આબાલવૃદ્ધ |
| 108. | આંખ આગળ ખડું થઈ જાય તેવું | આબેહૂબ, હૂબહૂ |
| 109. | જેના પર તહોમત મૂકાયું હોય તે | આરોપી, પ્રતિવાદી |
| 110. | દરેક વસ્તુમાં સારું પરિણામ જોનાર | આશાવાદી |
| 111. | વનમાં ઋષિમુનિઓનું નિવાસસ્થાન | આશ્રમ |
| 112. | આશરો આપનાર | આશ્રયદાતા |
| 113. | નવાઈથી મુગ્ધ થયેલું | આશ્ચર્યમુગ્ધ |
| 114. | ઈશ્વરમાં અને પરલોકમાં માનનાર | આસ્તિક |
| 115. | સર્વ રાષ્ટ્રોને કે તેમના સંબંધને લગતું | આંતરરાષ્ટ્રીય |
| 116. | જડમૂળથી ઊખેડી નાખનાર | ઉચ્છેદક |
| 117. | આધાર વગરની તરંગી વાત | ઉટંગ |
| 118. | નજર ચૂકવી પારકી વસ્તુ ઉઠાવનાર | ઉઠાવગીર |
| 119. | જોઈએ તે કરતાં વધુ ખર્ચ કરનાર | ઉડાઉ |
| 120. | પતિને મલવાને અત્યંત આતુર સ્ત્રી | ઉત્કંઠિતા, વિરહોત્કંઠા |
| 121. | જેની પાછળ સૂર્યચંદ્રાદિ ઊગે છે એવો કલ્પિત પર્વત | ઉદયાચળ |
| 122. | પહાડની તળેટિની સમભૂમિ | ઉપત્પકા |
| 123. | લેખકે ધારણ કરેલું બીજું નામ | ઉપનામ, તખલ્લુસ |
| 124. | ઉપર જણાવ્યા મુજબ | ઉપર્યુક્ત |
| 125. | નિરાંતે નહિ બેઠેલું | ઉભડક, અધૂકડું |
| 126. | ઊંચે જવાની ક્રીયા | ઊર્ધ્વગમન |
| 127. | સત્યને ટકાવી રાખનાર દેવી | ઋતુંભરા |
| 128. | જાદુ-ટોણા કરનાર | ઐન્દ્રજાલિક |
| 129. | એકબીજામાં ભળી ગયેલ | ઓતપ્રોત |
| 130. | આ એ જ વ્યક્તિ છે તેવું પ્રમાણપત્ર | ઓળખપત્ર |
| 131. | આંખના ખૂણામાંથી જોવાની મોહક રીત | કટાક્ષ |
| 132. | ગરમી-ઠંડી બતાવતા પૃથ્વીના પટ્ટા | કટિબંધ |
| 133. | શબને ઓઢાડવાનું લૂગડું | કફન |
| 134. | કમળ જેવી આંખોવાળી | કમલાક્ષી |
| 135. | જોઈએ એટલું જ વાપરનાર | કરકસરિયું |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 136. | પતિ સામે કલહ કરી રૂસણું લઈ બેઠેલી સ્ત્રી | કલહાંતરિતા |
| 137. | જેની કલ્પના પણ ન કરી શકાય | કલ્પનાતીત |
| 138. | ઈચ્છા અનુસાર સઘળું આપનાર વૃક્ષ | કલ્પવૃક્ષ |
| 139. | પાણીમાં ઘોળેલું અફીણ | કસુંબો |
| 140. | કહ્યા પ્રમાણે કરે તેવું | કહ્યાગરું |
| 141. | શુભ સમાચારનો પત્ર | કંકોતરી, કંકુમપત્રિકા |
| 142. | જોઈતે તે કરતાં ઓછું વાપરનાર | કંજૂસ |
| 143. | એક જ વાર ફળનારી સ્ત્રી | કાકવંધ્યા |
| 144. | કાગળ વેચનાર વેપારી | કાગદી |
| 145. | પશુપંખીની ભાષા સમજવાની વિદ્યા | કાગવિદ્યા |
| 146. | મરણ પાછળ રોવું-કૂટવું તે | કાણ |
| 147. | સોંપાયેલું કામ બરાબર ન કરનાર | કામચોર |
| 148. | મોહક તેજની ભૂરકી | કામણ, મોહિની |
| 149. | ઈચ્છેલું આપનારી ગાય | કામધેનુ |
| 150. | વૃદ્ધને યુવાન બનાવનરી આયુર્વેદિક પ્રક્રિયા | કાયાકલ્પ |
| 151. | જે કલ્પનામાં જ અનુભવી શકાય તે | કાલ્પનિક |
| 152. | અશુભ સમાચારનો પત્ર | કાળોતરી |
| 153. | પાણી લઈ જવાને બનાવેલી નીક | કાંસ |
| 154. | શું કરવું તે સૂઝે નહિ તેવી અવસ્થા | કિંકતવ્યમૂઢ |
| 155. | ઊંચા કુળમાં જન્મેલો | કુલીન |
| 156. | ખુબ તીવ્ર બુદ્ધિવાળો | કુશાગ્રબુદ્ધ |
| 157. | પહેલી વાર પરણનાર ઉમેદવાર | કુંવારો |
| 158. | ખૂબ સંકુચિત દૃષ્ટિવાળુ | કૂપમંડૂક |
| 159. | જહાજનો સઢ બાંધવા માટેનો વચ્ચેનો મુખ્ય થાંભલો | કૂવાથંભ |
| 160. | ઉપકાર પર અપકાર કરનાર | કૃતઘ્ન, નિમક હરામ, લૂણહરામ |
| 161. | કરેલા ઉપકારને જાણનાર | કૃતજ્ઞ |
| 162. | કરેલો ઉપકાર ન ભૂલનારું | કૃતજ્ઞ, નિમકહલાલ |
| 163. | જેણે નિશ્ર્વય કર્યો છે તે | કૃતનિશ્ર્વયી |
| 164. | અધિકાર આગળ રજૂ કરવામાં આવતી હકીકત | કેફિયત, બયાન |
| 165. | મધુર ગાઈ શકે તેવે | કોકિલકંઠી |
| 166. | કૂવામાંથી પાણી કાઢવાનું ચામડાનું સાધન | કોસ |
| 167. | જરાવારમાં નાશ પામે તેવું | ક્ષણભંગુર |
| 168. | આકાશ અને પૃથવી જ્યાં મળતાં દેખાય છે તે | ક્ષિતિજ |
| | રેખા | |
| 169. | ખજાનાની સંપત્તિ સાચવનાર | ખજાનચી |
| 170. | છાપાંને ખબર મોકલનાર | ખબરપત્રી, સંવાદદાત, વૃત્તાંતનિવેદક |
| 171. | ચોમાસુ પાક | ખરીફ |
| 172. | પતિ સપત્નીને ત્યાં જતાં મનમાં બળતી સ્ત્રી | ખંડિતા |
| 173. | સ્મારક તરીકે ઊભો કરેલો પથ્થર | ખાંભી, પાળિયો |
| 174. | જમીન ઉપર, થઈને જતો માર્ગ | ખુશકી |
| 175. | આકાશમાં ફરનાર | ખેચર |
| 176. | આકાશને સ્પર્શે તેવું ઊંચું | ગગનચુંબી |
| 177. | હાથીના જેવી ચાલ ચાલનારી | ગજગામિની |
| 178. | જન્મથી જ પૈસાદાર | ગર્ભશ્રીમંત |
| 179. | ભારત બહાર સંસ્થાનોમાં લઈ જવાતા મજૂરોનું કરારપત્ર | ગિરમીટ |
| 180. | શેર-કસબામાં ભરાતું બજાર | ગુજરી |
| 181. | ગુણ આપે (કરીઆપે) તેવું | ગુણકારી |
| 182. | છૂપા વેશે ફરાનાર રાજ્યનો કર્મચારી | ગુપ્તચર |
| 183. | વેપારીએ રાખેલ વાણોતર | ગુમાસ્તો |
| 184. | હું ચઢિયાતો છું એવો મનોભાવ | ગુરુતાગ્રંથિ |
| 185. | કયદાથી મના કરેલું | ગેરકાયદે |
| 186. | ગાયોના ચાલવાથી ઊડતી ધૂળ | ગોરજ |
| 187. | ગામનો વહીવટ કરનારી સંસ્થા | ગ્રામપંચાયત |
| 188. | ચેતન અને જડ | ચરાચર |
| 189. | ચંદ્ર જેવા સુંદર મુખવાળી | ચંદ્રમુખી |
| 190. | ચંપાના ફૂલના રંગની | ચંપકવરણી |
| 191. | દરિયાઈ લૂંટારો | ચાંચિયો |
| 192. | લાંબા સમય સુધી યાદ રહે તેવું | ચિરસ્મરણીય |
| 193. | પહેલી જ બાળકના વાળ ઉતરાવવાની ક્રિયા | ચૌલકર્મ |
| 194. | ઓળારૂપે આલેખાયેલું ચિત્ર | છાયાચિત્ર |
| 195. | અન્યના દોષ શોધવાનું વલણ | છિદ્રાન્વેષીપણું |
| 196. | ઓજારને ધાર કાઢવા માટે વપરાતો પથ્થર | છીપર |
| 197. | વધારે પડતા મોજશોખ કરનાર | છેલબટાઉ |
| 198. | જગતનું નિયંત્રણ કરનાર | જગતનિયંતા |
| 199. | ખાધેલું પચાવનારો જઠરનો અગ્નિ | જઠરાગ્નિ |
| 200. | બાઘા જેવું | જડભરત |
| 201. | જગતનું મૂળ ચેતન નહિ પણ જડ છે એવો વાદ | જડવાદ |
| 202. | લોકો દ્વારા ચાલતી વાત | જનશ્રુતિ |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 203. | ઓઝલમાં રહેતો સ્ત્રીવર્ગ | જનાનો |
| 204. | મહાન વ્યક્તિનો જન્મદિવસ | જયંતી |
| 205. | કસબનું ભરતવાળું | જરકસી |
| 206. | જળમાં ફરનાર | જળચર |
| 207. | મૂલ્ય આપ્યા વિના જોવા લીધેલો માલ | જાંગડ |
| 208. | મૂલ્યા આપ્યા કે સોદો કર્યો વિના જોવા-દેખાડવા લીધેલું | જાંગડ |
| 209. | જૂનાં બાંધકામોનું સમારકામ | જીર્ણોદ્ધાર |
| 210. | હાથે લખેલું જીવનનું વૃત્તાત | જીવનકથા |
| 211. | પવનનો કે પવન સાથે પડતાં વરસાદનો સુસવાટ | ઝંઝા |
| 212. | ગામને પાદર ભરવાડોનું ઘેટાંબકરાં રાખવાનું ઠેકાણું | ઝોકડું |
| 213. | વહાણનો મુખ્ય ખલાસી | ટંડેલ |
| 214. | ધાતુને ગરમ કરી બીબામાં ઢાળવાની ક્રીયા | ઢાળો |
| 215. | મજબૂત કે ટકાઉ નહીં તેવું | તકલાદી |
| 216. | આવેલી તકનો ઉપયોગ કરી સ્વાર્થ સાધનાર | તકસાધુ |
| 217. | તાકીદની સખત ઉઘરાણી | તકાજો |
| 218. | સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં આવતાં નાણાં | તગાવી |
| 219. | જળ ઉપર થઈને જતો માર્ગ | તરી |
| 220. | અણીના વખતે | તાકડે |
| 221. | પ્રથમ નજરે થતો પ્રેમ | તારામૈત્રક |
| 222. | સંકટ સમયે તાલી પાડી વેગળો રહે તેવો મિત્ર | તાલીમિત્ર |
| 223. | સંકટ સમયે દૂર રહેનાર મિત્ર | તાળીમિત્ર |
| 224. | શિવનું ભયંકર નૃત્ય | તાંડવનૃત્ય |
| 225. | કોઈ પવિત્ર કે યાત્રાની જગા | તીર્થ |
| 226. | જૈન ધર્મનો પ્રવર્તક | તીર્થંકર |
| 227. | પતિએ ત્યજી દીધેલી સ્ત્રી | ત્યક્તા |
| 228. | સાચવી રાખવા સોંપેલી વસ્તુ | થાપણ |
| 229. | ઘઉં વગેરેના ભરડેલા કકડા કે તેની વાની | થૂલી |
| 230. | લોટને ચાળવાથી નીકળતો ભૂકો | થૂલું |
| 231. | ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણને અપાતું દાન | દક્ષિણા |
| 232. | દહીં વલોવવાની ક્રીયા | દધિમંથન |
| 233. | ઉદાર દિલ રાખવું તે | દરિયાવદિલી, |
| 234. | જંગલમાં બળતી આગ | દવ |
| 235. | મુખ પરંપરાથી ચાલતી આવતી વાર્તા | દંતકથા |
| 236. | પતિ-પત્નીનું લગ્નજીવન | દામ્પત્ય |
| 237. | બધી દિશામાં વિજયને વરેલું | દિગ્વિજયી |
| 238. | ચારે બાજુથી વિજય મેળવનાર | દિગ્વિજયી |
| 239. | દિવસનો કાર્યક્રમ | દિનચર્યા |
| 240. | કાર્ય કરવાની દિશા ન સૂઝે તેવું | દિમૂઢ |
| 241. | દીવાવાળો બાંધેલો મિનારો | દીવાદાંડી |
| 242. | મુશ્કેલીથી મેળવી શકાય તેવું | દુષ્પ્રાપ્ય |
| 243. | ભાવિનો વિચાર પ્રથમથી કરી શકે તે | દૂરંદેશી, દીર્ઘદર્શી |
| 244. | દરરોજ છપાતું વર્તમાનપત્ર | દૈનિક |
| 245. | બે જણ વચ્ચેનું યુદ્ધ | દ્વંદ્વયુદ્ધ |
| 246. | જેની ત્રણ બાજુ પાણી હોય તેવી જમીન | દ્વિપકલ્પ |
| 247. | જીવાત્મા અને પરમાત્મા જુદા છે એવો વાદ | દ્વૈતવાદ |
| 248. | નખથી તે ઠેઠ શિખા સુધી | નખશિખ |
| 249. | ચડતા લોહીનું | નવલોહિયું |
| 250. | નવી પરણેલી સ્ત્રી | નવોઢા |
| 251. | ખરાબ રીતે જાણીતો | નામચીન |
| 252. | જેનું નામ માત્ર બાકી રહ્યું છે તે | નામશેષ |
| 253. | બે જણને લડાવી મારવાનું કામ | નારદવેડા |
| 254. | જગતમાં ઈશ્વર છે જ નહિ એમ માનનાર | નાસ્તિક |
| 255. | રોગના મૂળકારણની તપાસ | નિદાન |
| 256. | જરા પણ વાંચતાં-લખતાં આવદતું ન હોય | નિરક્ષર |
| 257. | અર્થ વગરનું | નિરર્થક |
| 258. | દરેક વસ્તુમાં ખોટું પરિણામ જોનાર | નિરાશાવાદી |
| 259. | અસ્થિરતામાંથી નિવેડો લાવે તેવું | નિર્ણયાત્મક |
| 260. | જેણે વસવાટ ગુમાવેલ છે તે | નિર્વાસિત |
| 261. | કોઈપણ કામના વગરનું | નિષ્કામ |
| 262. | રંગભૂમિનો પડદો કે પાછળનો ભાગ | નેપથ્ય |
| 263. | ખાસ માનીતો મુખ્ય શિષ્ય | પટ્ટશિષ્ય |
| 264. | આંખને છાવરી લેતું પડ | પડળ |
| 265. | સ્થાન પરથી હટાવી દીધેલ વ્યક્તિ | પદચ્યુત |
| 266. | સ્થાન પરથી હટાવી દિધેલ વ્યક્તિ | પદચ્યુત |
| 267. | સમાન અર્થવાળો અન્ય ભાષાનો શબ્દ | પયાય |
| 268. | પારકા પર જીવનારું | પરજીવી, પરાવલંબી |
| 269. | અનિચ્છા અને વીરોધની ઉપરવટ થઈને | પરાણે |
| 270. | લાગતા-વળગતાની જાણ માટે ફેરવાતો પત્ર | પરિપત્ર |
| 271. | કોઈપણ વિજ્ઞાનની સાંકેતિક ભાષા | પરિભાષા |
| 272. | જે હંમેશાં બદલાતું રહે છે | પરિવર્તનશીલ |
| 273. | પંચ સમક્ષ કરેલી તપાસણીની નોંધ | પંચનામું |
| 274. | પંદર દિવસે પ્રગટ થતું પત્ર | પાક્ષિક |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 275. | કવિતાનાં ખૂટતાં પદ યોજવાં તે | પાદપૂર્તિ |
| 276. | ખ્રિસ્તી ધર્મનો ઉપદેશક | પાદરી |
| 277. | પ્રણામ કરવાની વિધિ | પાયલાગણ |
| 278. | એકની એક વાત વારંવાર કરવી | પિષ્ટપેષણ |
| 279. | લાંબો અને વિશાળ અનુભવ ધરાવનાર | પીઢ |
| 280. | મરઘીનું બચ્ચું | પીલું |
| 281. | પાપ કે અન્યાય સામે ઉત્પન્ન થતો ક્રોધ | પુણ્યપ્રકોપ |
| 282. | જેનું નામ લેવું પવિત્ર છે તે | પુણ્યશ્લોક |
| 283. | વારંવાર કહેવાયેલી વાત | પુનરુક્તિ |
| 284. | પ્રાચીન ઈતિહાસનો જાણકાર | પુરાતત્વવેત્તા |
| 285. | મહેનતમાં માની તે ઉપર આધાર રાખનાર | પુરુપાર્થવાદી |
| 286. | પહેલાં થઈ ગયેલું | પુરોગામી |
| 287. | પહેલાં થઈ ગયેલું | પુરોગામી |
| 288. | બપોરે પહેલાંનો સમય | પૂર્વાહ્ન |
| 289. | પીવાને યોગ્ય | પેય |
| 290. | આશરો કે ઉત્તેજન આપનાર | પોશિંટો |
| 291. | જ્ઞાનરૂપ નેત્રવાળી વ્યક્તિ | પ્રજ્ઞાચક્ષુ |
| 292. | વળતો અવાજ | પ્રતિધ્વનિ |
| 293. | ભરણપોષણ મેળવવા દેવ આગળ અનશન કરે ધરણું લઈને સૂવું તે | પ્રતિશયન |
| 294. | ત્રણ કલાકનો સમયગાળો | પ્રહર |
| 295. | નસીબ ઉપર આધાર રાખનાર | પ્રારબ્ધવાદી |
| 296. | જોવામાં પ્રિય લાગે તેવું | પ્રિયદર્શી |
| 297. | જોનાર માણસો | પ્રેક્ષકગણ |
| 298. | જેની પત્ની પરગામ ગઈ હોય તેવો પુરુષ | પ્રોષિતપત્નીક |
| 299. | જેનો પતિપરદેશ ગયો હોય તેવી સ્ત્રી | પ્રોષિતભર્તૃકા |
| 300. | મોટી ઉંમરનાને અપાતું શિક્ષણ | પ્રૌઢશિક્ષણ |
| 301. | સ્વાર્થ સાધવા સાધુતાનો ઢોંગ કરનાર | બગભગત |
| 302. | બે બળવાન રાજ્યો વચ્ચેનું નાનું તટસ્થ રાજ્ય | બરફ રાજ્ય |
| 303. | જેઘણાં રૂપ લે છે તે | બહુરૂપી |
| 304. | હવા-અજવાળા વગરનું | બંધિયાર |
| 305. | બાપની કમાણી ઉપર આધાર રાખનારું | બાપકર્મી |
| 306. | જેનો કોઈ વંશવારસ ન કોય તેવા | બિનવારસી |
| 307. | કોઈ પણ સંપ્રદાયોના ભેદભાવ વિનાનું | બિનસાંપ્રદાયિક |
| 308. | બીજી વાર પરણનાર | બીજવર |
| 309. | દાઢી અને ગાલ ઉપર આવી રહે તેમ માથે કપડ઼ બાંધવું તે | બુકાની |
| 310. | બુદ્ધિનો ઉપયોગ કરી જીવનાર | બુદ્ધિજીવી |
| 311. | પરિણીત જીવનથી જે દૂર રહેનાર | બ્રહ્મચારી |
| 312. | ખેતરમાં ભાથું લઈને જનારી ખેડૂત સ્ત્રી | ભથવારી |
| 313. | ભવિષ્યની આગાહી કરનારી વાણી | ભવિષ્યવાણી |
| 314. | વપરાશની ચીજોના સરકારે બાંધેલા ભાવ | ભાવનિયમ |
| 315. | શબ્દશ: નહિ પણ મૂળના ભાવવાળો અનુવાદ | ભાવાનુવાદ |
| 316. | પૃથ્વીના પેટાળનું જ્ઞાન ધરાવનાર | ભૂગર્ભવેત્તા |
| 317. | પૃથ્વી (જમીન) ઉપર ફરનાર | ભૂચર |
| 318. | દરિયાની અંદર ગયેલો જમીનનો ફાંટો | ભૂશિર |
| 319. | મદિરા જેવી કોહક આંખોવાળી | મદિરક્ષી |
| 320. | દિવસનો મધ્ય ભાગ | મધ્યાહ્ન |
| 321. | મનને હરી લે તેવું | મનોહર |
| 322. | દરિયામાંથી મોતી કાઢનાર | મરજીવા |
| 323. | જીવ પર આવી ગયેલું | મરણિયું |
| 324. | મર્મને જાણનાર | મરમી, મર્મજ્ઞ |
| 325. | પાણી વગરની રેતાળ જગ્યા | મરુભૂમિ |
| 326. | હ્દયનો કોમળ ભાગ | મર્મસ્થળ |
| 327. | કોઈને ગણકાર્યા વગર જિંદગી પસાર કરનાર | મસ્ત |
| 328. | તાંબાપિત્તળની ગાગર ઉપર હાથ ઠોકી કથા કરનાર | માણભટ |
| 329. | ઘેર ઘેર ભીખ માગવી તે | માધુકરી |
| 330. | પગાર લીધા વિના સેવા ખાતર કામ કરનાર | માનાર્હ |
| 331. | માપ બાંધીને કરાતી વ્યવસ્થા | માપબંધી |
| 332. | મહિને પ્રગટ થતું પત્ર | માસિક |
| 333. | લગ્નવિધિ કરવાનો મંડપ | માંહ્યરું |
| 334. | નિયમિતપણે પ્રમાણસર ભોજન કરનાર | મિતાહારી |
| 335. | મીનના જેવાં નેત્રોવાલી | મીનાક્ષી |
| 336. | ખડખડાટ હસવું તે | મુક્તહાસ્ય |
| 337. | પોતાના તરફથી કામ કરવાની સત્તા આપનારો પત્ર | મુખત્યારનામું |
| 338. | રાજ્યની ખટપટોમાં રચ્યોપચ્યો રહેનાર | મુત્સદી |
| 339. | છપાઈને બહાર પડતું | મુદ્રિત |
| 340. | કવિઓનું સંમેલન | મુશાયરો |
| 341. | બનાવટી દેખાતું જળ | મૃગજળ |
| 342. | લગભગ મરી ગયેલું | મૃતપ્રાય |
| 343. | કબર ઉપર મૂકેલું લખાણ | મૃત્યુલેખ |
| 344. | જન્મ અને મરણમાંથી છૂટકારો | મોક્ષ |
| 345. | મુર નામના એક રાક્ષસને હણનાર | મોરારિ |
| 346. | ઈસ્લામનો ઉપદેશ કરનાર | મૌલવી |
| 347. | બની શકે ત્યાં સુધી | યથાસંભવ |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 348. | અંદર અંદરની લડાઈ અને કતલ | યાદવાસ્થળી |
| 349. | સૂર્ય-ચંદ્ર હોય ત્યાં સુધી | યાવચ્ચંદ્રદિવાકરૌ |
| 350. | દુનિયાને ઉન્નતિનો નવો માર્ગ બતાવનાર મહાપુરુષ | યુગપુરુષ |
| 351. | લોહીથી ખરડાયેલું | રક્તરંજિત |
| 352. | પચીસ વર્ષ પૂરાં થયે ઊજવાતો ઉત્સવ | રજતમહોત્સવ |
| 353. | રણમાં આવેલો લીલોતરીવાળો પ્રદેશ | રણદ્વીપ |
| 354. | શિયાળુ પાક | રવી |
| 355. | નાટક ભજવવા માટેનું સ્થાન | રંગમંચ, રંગભૂમિ |
| 356. | રાજાની મદદથી ચાલતો વહીવટ | રાજાશાહી |
| 357. | સચોટ અસર ઉપજાવે તેવું | રામબાણ |
| 358. | સચોટ અસર ઉપજાવે તેવું | રામબાણ |
| 359. | આખા દેશ માટેની ભાષા | રાષ્ટ્રીભાષા |
| 360. | પ્રજાની માલિકીનું કરવું તે | રાષ્ટ્રીયકરણ |
| 361. | રૂઢિને ચુસ્તપણે વળગી રહેનાર | રૂઢિચુસ્ત |
| 362. | જેની નીચે લીટી દોરી હોય તેવું લખાણ | રેખાંકિત |
| 363. | બપોરનું ભોજન | રોઢો |
| 364. | શરીર ઉપરનાં રૂવાં ઊભાં થવાં તે | રોમાંચ |
| 365. | હું ઊતતરતો છું એવો મનોભાવ | લઘુતાગ્રંથિ |
| 366. | જેની પ્રતિષ્ઠા જામેલી છે તેવું | લબ્ધપ્રતિષ્ઠ |
| 367. | ઝઘડાની પતાવટ માટે બંને પક્ષે સ્વીકારેલ નિષ્પક્ષ વ્યક્તિ | લવાદ |
| 368. | લાભ કરે આપે તેવું | લાભદાયી |
| 369. | ઉત્પન્નમાંથી સરકારને આપવાનો ભાગ | લેવી |
| 370. | લોકોના મત અને અભિપ્રાયથી ચાલતો વહીવટ | લોકશાહી |
| 371. | લોકોમાં કીર્તી મેળવવાની ઈચ્છા | લોકૈષણ |
| 372. | ભાષણ આપનાર | વક્તા |
| 373. | અમૃત સમાન વચનો | વચનાંમૃત |
| 374. | સમુદ્રમાં રહેલો અગ્નિ | વડનાવલ, વડવાગ્નિ |
| 375. | બળદોની પીઠ ઉપર માલ ભરી દેશ-પરદેશ લઈ જનાર વેપારી | વણજારો |
| 376. | પચાસ વર્ષ પૂરાં કરી એકાવનમા વર્ષમાં પ્રવેશવું તે | વનપ્રવેશ |
| 377. | જાતિની ભેળસેળ | વર્ણસંકરતા |
| 378. | મરણ વખતનું ખતપત્ર | વસિયતનામું |
| 379. | અસ્ખલિત વહેતી વાણી | વાગ્ધારા |
| 380. | ભોજન પછી ડાબે પડખું સૂવું તે | વામકૂક્ષિ |
| 381. | પ્રેમના આગમનની રાહ જોઈ વસ્ત્રાભૂષણ પહેરી ઘર સજાવી તૈયાર થયેલી સ્ત્રી | વાસરશય્યા |
| 382. | જેનું આચરણ વ્યવહારમાં થઈ શકે તે | વાસ્તવિક |
| 383. | રાત્રિને સમય ભોજન | વાળુ |
| 384. | જેનો પતિ મરી ગયો છે તેવી સ્ત્રી | વિધવા |
| 385. | નિયમ તેમજ કાયદા અનુસાર | વિધિવત્ |
| 386. | એક વસ્તુ અપી બીજી વસ્તુ લેવી તે | વિનિમય |
| 387. | પ્રીતમે સંકેત ન સાચવ્યાથી નિરાશ થયેલી સ્ત્રી | વિપ્રલબ્ધા |
| 388. | બાગી શકાય તેવું | વિભાજ્ય |
| 389. | પત્ની મરી ગઈ છે તે પુરુષ | વિરુધ |
| 390. | સારા-નરસાને પારખનારી શક્તિ | વિવેકબુદ્ધિ |
| 391. | કોઈ વિષયનું વિશેષ જ્ઞાન ધરાવનાર | વિશેષજ્ઞ |
| 392. | વિષય-વાસના અથવા કુટેવોમાં ફસાયેલો | વિષયાસકત |
| 393. | જેના હાથમાં વીણા છે તે | વીણાપાણિ |
| 394. | બનાવની હકિકતનો યથાતથ ખ્યાલ | વૃત્તાંત |
| 395. | નદીની કાંકરાવાળી જાડી રેતી | વેકરો |
| 396. | ચોપડીઓમાં જ મસ્ત રહેનાર | વેદિયું |
| 397. | આકાશી પદાર્થોનું નિરીક્ષણ કરનારી સંસ્થા | વેધશાળા |
| 398. | આકાશી પદાર્થોનું નિરીક્ષણ કરનાર શાળા | વેધશાળા |
| 399. | ઉંમરલાયક થયેલ વ્યક્તિ | વ્યસ્ક |
| 400. | દેખીતી સ્તુતિ મારફર નિંદા કરવી તે | વ્યાજસ્તુતિ |
| 401. | દેખીતી નિંદા મારફત સ્તુતિ કરવી તે | વ્યાજોક્તિ |
| 402. | સો વર્ષ પૂરાં થવાં તે | શતાબ્દી |
| 403. | સો વર્ષ પૂર થયે ઊજવાતો ઉત્સવ | શતાબ્દી ઉત્સવ |
| 404. | માત્ર શબ્દ (અવાજ) ને આધારે ધાર્યું બાણ મારનાર | શબ્દવેધી |
| 405. | શબ્દોના વધુ પડતા ઉપયોગવાળું | શબ્દાળ |
| 406. | શરણે. આવેલો | શરણાગત |
| 407. | ધીરધારનો ધંધો કરનાર | શરાફ |
| 408. | હાથથી પકડીને મારવાનું હથિયાર | શસ્ત્ર |
| 409. | શસ્ત્રો રાખવાનું સ્થળ | શસ્ત્રાગાર |
| 410. | ધર્મ કે દેશને ખાતર પોતાનું બલિદાન દેનાર | શહીદ |
| 411. | વિષ્ણુના પ્રતીક તરીકે પૂજાતો કાળો લીસો ગોળ પથ્થર | શાલિગ્રામ |
| 412. | સવારનો નાસ્તો | શિરામણ |
| 413. | પથ્થર ઉપર કોતરેલો લેખ | શિલાલેખ |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 414. | વગર તૈયારીએ કવિતા રચનાર | શીઘ્રકવિ |
| 415. | હવાઈ કિલ્લા બાંધનાર | શેખચલ્લી |
| 416. | પોતાના ધણીની બીજી પત્ની | શોક, સપત્ની |
| 417. | મહેનત કરીને જીવનાર | શ્રમજીવી |
| 418. | શ્રીમંતોની મદદથી ચાલતો વહીવટ | શ્રીમંતશાહી |
| 419. | સાંભળનાર માણસો | શ્રોતાગણ |
| 420. | સાઠ વર્ષ પૂરાં થવાં તે | ષષ્ટિપૂર્તિ |
| 421. | આગળ જણાવેલું | સદર, સદરહુ, પૂર્વોક્ત |
| 422. | પાણીનાં મોજાં જેવી ચંચળ વૃત્તિવાળો | સપ્તરંગી |
| 423. | એક સમયમાં થઈ ગયેલું | સમકાલીન |
| 424. | સરખી ઉંમરનું | સમવયસ્ક |
| 425. | સરખે ભાગે ગરમ અને ઠંડું | સમશીતોષ્ણ |
| 426. | કેવળ એક જ સત્તાધીશ દ્વારા પોતાની ઈચ્છાનુસાર તથા પ્રજાના અભિપ્રાયની અવગણના કરી ચાલતો વહીવટ | સરમુખત્યારશાહી |
| 427. | આખા વર્ષના હિસાબનું તારણ | સરવૈયું |
| 428. | હજારો ધારાઓથી યુક્ત | સહસ્રધારા |
| 429. | હજાર હાથ જેને છે તે | સહસ્રબાહુ |
| 430. | સાથે અભ્યાસ કરતા | સહાધ્યાયી |
| 431. | આવવા જવા પર પ્રતિબંધ | સંચારબંધી |
| 432. | વાર્ષિક મરણતિથિ | સંવત્સરી |
| 433. | જેમાં નિરંતર શંકાઓ જ રહેલી છે તે | સંશયાત્મા |
| 434. | ગુનામાં મદદ કરનાર | સાગરીત |
| 435. | દર અઠવાડિયા પ્રગટ થતું પત્ર | સાપ્તાહિક |
| 436. | સમયે સમયે પ્રગટ થતું પત્ર | સામયિક |
| 437. | જેમાં બધા પ્રકારનો મેળ હોય | સામંજસ્ય |
| 438. | બે મોટા સમુદ્રને જોડનારી ખાડી | સામુદ્રધુની |
| 439. | લગ્ન કે એવા શુભપ્રસંગે સ્વજનોને સામે લેવા જવું તે | સામૈયું |
| 440. | દર વર્ષ આપતી રકમ | સાલીયાણું |
| 441. | આગળ વધતાં પહેલાં પાછળનું જોઈ લેવું તે | સિંહાવલોકન |
| 442. | પચાસ વર્ષ પૂરાં થયે ઊજવાતો ઉત્સવ | સુવર્ણમહોત્સવ |
| 443. | વસ્તુ સાથે નિસ્બત ધરાવે તેવું | સુસંગત |
| 444. | સગાસંબંધીમાં જન્મ અને મરણ વગેરેથી પાળવામાં આવતી આભડછેટ | સૂતક |
| 445. | જેનો પતિ જીવે છે તેવી સ્ત્રી | સોહાગણ, સૌભાગ્યવતી, સધવા |
| 446. | યાદગીરી માટે પ્રતીકાત્મક બાંધકામ | સ્મારક |
| 447. | સ્ત્રીઓ પ્રત્યેની માનવૃત્તિ | સ્ત્રીદાક્ષિણ્ય |
| 448. | પોતાને જ ઉદેશીને બોલાયેલી ઉક્તિ | સ્વગતોક્તિ |
| 449. | જાતે રાંધી ખાનાર | સ્વયંપાકી |
| 450. | પોતાની મેળે પ્રગટ થનાર | સ્વયંભૂ |
| 451. | પોતાની મેળે પતિ પસંદ કરવો તે | સ્વયંવર |
| 452. | પોતાની મેળે સેવા આપવા તત્પર | સ્વયંસેવક |
| 453. | પતિને સ્વાધીન રાખનારી સ્ત્રી | સ્વાધીનપતિકા |
| 454. | પોતાની જાતને અર્પણ કરવું તે | સ્વાર્પણ |
| 455. | કોઈની પણ મદદ ન લેતે | સ્વાશ્રયી, સ્વાવલંબી |
| 456. | મરજી મુજબ ફરવું તે | સ્વૈરવિહાર |
| 457. | પોતાની ઈચ્છા મુજબ આચરણ કરનાર | સ્વૈરવિહારી |
| 458. | સમુદ્રમાં ઊઠતું ઝંઝાવાતી તોફાન | હરિકેન |
| 459. | હરણ જેવાં નેત્રોવાળી | હરિણાક્ષી, મૃગાક્ષી, મૃગનયની |
| 460. | મીઠાઈ બનાવવાનું કામ કરનાર | હલવાઈ |
| 461. | હવામાં થઈને જતો માર્ગ | હવાઈ |
| 462. | યંત્ર વગર હાથથી ચાલતો ઉદ્યોગ | હસ્તઉદ્યોગ |
| 463. | બીજાના કાર્યમાં દખલ કરવી | હસ્તક્ષેપ |
| 464. | હાથથી લખેલું લખાણ | હસ્તપ્રત |
| 465. | હંસના જેવી ચાલ ચાલનારી | હંસગામિની |
| 466. | સાથે જોડવા પાડેલી મોટી બૂમ | હાકલ |
| 467. | બોલાવવા માટે પાડેલી મોટી બૂમ | હાકલ |
| 468. | સાંભળતાંવેત જવાબ આપે તેવું | હાજરજવાબી |
| 469. | સાઠ વર્ષ પૂરા થયે ઊજવાતો ઉત્સવ | હીરક(મણિ) મહોત્સવ |
| 470. | યજ્ઞમાં હોમ કરતાં બાકી રહેલો પ્રસાદીરૂપ પદાર્થ | હુતશેષ |
| 471. | હ્રદયને ચીરી નાખે તેવું | હ્રદયવિદારક |

## કહેવતો :

| | | |
|---|---|---|
| 1. | અક્કરમીનો પડિયો કાણો | કમનસીબ ગમે તેટલા પ્રયત્નો કરે, પણ સિદ્ધિ ન મળે. |
| 2. | અતિ લોભ તે પાપનું મૂળ | સર્વ અનિષ્ટોનું મૂળ લોભ છે. |
| 3. | અધૂરો ઘડો છલકાય | અલ્પજ્ઞાની જ વિદ્વત્તાનો ડોળ કરે. |
| 4. | આડી રાત તેની શી વાત | ભવિષ્યના પરિણામ વિષે અગાઉથી અનુમાન અયોગ્ય છે. |
| 5. | આડે લાકડે આડો વાઢ | ખરાબ માણસો સાથે ખરાબ જ વર્તાવ હોવો ઘટે. |
| 6. | આપ ભલા તો જગ ભલા | ભલા સાથે સૌ ભલું |
| 7. | આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ | જાતમહેનત સર્વશ્રેષ્ઠ છે. |
| 8. | આભ ફાટે ત્યારે થીંગડું દેવું | ખૂબ મૂશ્કેલીઓ આવી પડવી જેનુ6 નિવારન અશક્ય હોવું. |
| 9. | આંગળીથી નખ વેગળાં | પારકાં પોતાનાં ન બને. |
| 10. | ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન | બહુ સારી વસ્તુ ન મળે ત્યાં ઓછી ખરાબ પણ સારી ગણાય. |
| 11. | ઉતાવળે આબાં ના પાકે | ઉતાવળ કરવાથી સારૂં થાય નહીં. |
| 12. | ઊજળું તેટલું દૂધ નહિ | બાહ્ય દેખાવથી છેતરાવું નહિ. |
| 13. | ઊલમાંથી ચૂલમાં પડવું | મુશ્કેલી દૂર કરવા જતાં વધારે મોટી મુશ્કેલીમાં મૂકાવુ. |
| 14. | ઊંટે કર્યા ઢેકા તો માણસો કર્યા કાઠા | એક જણ મુશ્કેલી ઊભી કરે તો બીજો માણસ તેનો ઉપાય શોધી કાઢે. |
| 15. | એક કાંકરે બે પક્ષી મારવાં | એક પ્રયાસે બે કાર્યો સિદ્ધ થવાં |
| 16. | એક પંથ દો કાજ | એક કામ કરતાં બે બાજુનો લાભ થવો. |
| 17. | એક મ્યાનમાં બે તલવાર ન સમાય | બંને સમર્થો એક જ સ્થાને ન રહી શકે. |
| 18. | કજિયાનું મૂળ હાંસી ને રોગનું મૂળ ખાંસી | મશ્કરીમાંથી કજિયો થાય ને ઉધરસમાંથી રોગ થાય. |
| 19. | કજિયાનું મોં કાળું | કંકાસથી દૂર રહેવું સારું. |
| 20. | કમાઉ દીકરો કુટુંબને વહાલો | જે વ્યક્તિ ઉદ્યમ કરી ધન મેળવે છે તે સૌને પ્રિય થઈ પડે છે. |
| 21. | કયાં રાજા ભોજ ને કયા ગાંગો તેલી | બન્નેના ગુણો વચ્ચે સહેજ પણ સરખામણી ન થઈ શકે. |
| 22. | કરણી તેવી પાર ઉતરણી | કરે તેવું પામે ને વાવે તેવું લણે. |
| 23. | કાગનું બેસવું ને ડાળનું પડવું | આકસ્મિક સંજોગોનું પરિણામ. |
| 24. | કામ જાય ને કહેણી રહે | અવસર પ્રમાણે ન વર્તતાં પાછળથી કાયમ સાંભળવાનું થાય. |
| 25. | કૂવામાં હોય તો હવાડામાં આવે | ઘરમાં હોય તો બહાર આવે. |
| 26. | કોલસાની દલાલીમાં હાથ કાળા | દુર્જન સાથે કામ કરવાથી કલંક લાગે છે. |
| 27. | ખાલી ચણો વાગે ઘણો | અલ્પજ્ઞાની જ વિદ્વતાનો ડોળ કરે છે. |
| 28. | ખાળે ડૂચા ને દરવાજા મોકળા | એક પૈસાની ચિંગુસાઈ કરવી ને રૂપિયો વાપરતાં સહેજ પણ ન અચકાવું. |
| 29. | ખોટો રૂપિયો વધારે ચળકે | ઓછો જ્ઞાની ભારે જ્ઞાની હોવાનો દેખાવ કરે |
| 30. | ગાજ્યા મેહ વરસે નહિ | બોલે તે કંઈ ન કરે. |
| 31. | ગામને મોંએ ગરણું ન દેવાય | લોકજીભ તો ગમે તે બોલે. |
| 32. | ઘરના છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો | પોતાનાંને ભૂખે મારવાં ને પારકાંને પોષવાં. |

| | | |
|---|---|---|
| 33. | ધાણીનો બળદ ઠેરનો ઠેર | પ્રગતિ કર્યા વિના, હતાં ત્યાં ને ત્યાં. |
| 34. | ચમડી તૂટે પણ દમડી ન છૂટે | દુ:ખ સહન કરે પણ ધન ન વાપરે. |
| 35. | ચળકે તેટલું સોનું નહિ | બાહ્ય દેખાવથી છેતરાવું નહિ. |
| 36. | ચાલતા બળદને આળ ખોસવી | કામ કરતા માણસને ખોટી સતામણી કરવી. |
| 37. | ચોર કોટવાળને દંડે | શઠ (હરામી) માણસ ન્યાયની વાત કરે. |
| 38. | ચોરની મા કોઠીમાં મોં ઘાલી હરે | પોતની ભૂલ સમજાતાં મનોમન પશ્ચાતાપ અનુભવવો. |
| 39. | જર, જમીન ને જોરુ, ત્રણે કજિયાના છોરું | ઝવેરાત, જમીન ને પત્ની માટે જગતમાં મોટા સંઘર્ષ થાય છે. |
| 40. | જાગ્યા ત્યાંથી સવાર | દોષ સમજાય કે તરત છોડવો. |
| 41. | જીવતો નર ભદ્રા પામે | જીવતો માણસ ગમે ત્યારે પ્રગતિ કરે. |
| 42. | જે ગામ જવું નહિ તેની શી વાત ? | જે કામ ન કરવું તેની શી કથા ? |
| 43. | જેણે મૂકી લાજ તેનું નાનું સરખુ રાજ | લાજશરમ છોડનારનું કોઈ નામ ન લે. |
| 44. | જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ | જેવા પોતે તેવા બીજા |
| 45. | દગો કોઈનો સગો નહિ | કપટ કરનારને નુકસાન થયા વિના રહેતો નથી. |
| 46. | દીકરીને ગાય દોરે ત્યાં જાય | દીકરી અને ગાયને બીજાની ઈચ્છા મુજબ જ વર્તવાનું હોય છે. |
| 47. | દીવા પાછળ અંધારું | વડીલ તેજસ્વી અને વારસદાર નપાવટ |
| 48. | દુ:ખનું ઓસડ દહાડા | શોક દૂર કરવાનો ઉત્તમ ઈલાજ ધીરજથી સમય પસાર કરવો તે છે. |
| 49. | દુકાળમાં અધિક માસ | મુશ્કેલીમાં ઉમેરો થવો. |
| 50. | દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ | એક વાર કડવો અવુભવ થયા પછી ખૂબ સાવચેતીપૂર્વક વર્તવું. |
| 51. | દોરડી બળે પણ વળ ન મૂકે | ગમે તેટલી ઠોકર વાગે છતાં માણસનો સ્વભાવ બદલાતો નથી |
| 52. | ધોબીનો કૂતરો નહીં ઘરનો ને નહીં ઘાટનો | બંને પક્ષને સારું લગાડવા જતાં સમૂળગા ફેંકાઈ જવું. |
| 53. | ન બોલ્યામાં નવ ગુણ | બોલીને વધુ ઝઘડો થાય એના કરતાં ચૂપ રહેવું હિતકર છે. |
| 54. | નવરો નખોદ વાળે | નવરો માણસ નુકસાન કરે. |
| 55. | નાચવા જવું ને ઘૂંઘટો તાણવો | જરૂરત હોય તો શરમ મૂકી દેવી. |
| 56. | નાદાનની દોસ્તી જીવનું જોખમ | કમઅક્કલ વ્યક્તિ સાથેની મિત્રતા નુકશાનકારક છે. |
| 57. | નેવાનાં પાણી મોભે ન ચઢે | અશક્ય કામ સિદ્ધ ન થઈ શકે. |
| 58. | પાઘડીનો વળ છેડે | કામના પરિણામથી જ કામ પરખાય. |
| 59. | પાડાના વાંકે પખાલીને ડામ | જેનો વાંક હોય તેને બદલે બીજાને શિક્ષા કરવી. |
| 60. | પાણી પહેલા પાળ બાંધવી | અગમચેતી વાપરવી. |
| 61. | પાણીમાં રહેવું ને મગર સાથે વેર | જેની સત્તા હેઠળ રહેવું તેની સાથે દુશ્મનાવટ રાખવી. |
| 62. | પારકી આશ સદા નિરાશ | બીજા ઉપરનો આધાર નકામો. |
| 63. | પારકે ભાણે મોટા લાડુ | પોતાના કરતાં બીજાનું સારું લાગવું. |
| 64. | પેટનો બળ્યો ગામ બાળે | પોતાના દુ:ખે સૌને દુ:ખમાં નાખે. |
| 65. | પોથીમાંના રીંગણાં | મિથ્યા ઉપદેશ આપવો. |
| 66. | પોદળો પડે તોય ધૂળ લીધા વિના ન રહે | ગમે તેવી પરિસ્થિતિમાં પણ લાભ શોધવો. |
| 67. | પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય | સ્વભાવ બદલવો મુશ્કેલ છે. |

| | | |
|---|---|---|
| 68. | બળિયાના બે ભાગ | બળવાન વધુ લાભ મેળવે. |
| 69. | બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા | વસ્તુના મૂળ કારણના ને વસ્તુના બંનેના ગુણ સરવાળે તો સરખા |
| 70. | બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા | પુત્રનાં લક્ષણ પારણામાં. |
| 71. | બાર ગાઉએ બોલી બદલાય | અમુક અંતરે ભાષામાં ફેરફાર જણાય. |
| 72. | બે ઘરનો પરોણો ભૂખે મરે | અનિશ્ચિતતાથી દુ:ખી થવાય |
| 73. | બે હાથ વગર તાળી પડે નહિ | કોઈ કામ સહકાર વિના ન બને, બીજાની મદદ જોઈએ જ. |
| 74. | ભણ્યો પણ ગણ્યો નહિ | અનુભવ વગરનું માત્ર પુસ્તકિયું જ્ઞાન |
| 75. | ભસતો કૂતરો ભાગ્યે જ કરડે | બહુ બોલબોલ કરનાર ભાગ્યે જ કંઈ કરી શકે. |
| 76. | ભાગ્યશાળીને ભૂત રળે | નસીબદાર ઓછી મહેનત કરે તો ય તેને સફળતા મળે. |
| 77. | ભાવતું હતું તે વૈદ્યે કહ્યું | પોતાને ગમતું હોય તે જ હિત કરનાર પણ સૂચવે. |
| 78. | ભેંસ આગળ ભાગવત | અણસમજુને ઉપદેશ આપવો નકામાં છે. |
| 79. | ભેંસ ભાગોળે, છાશ છાગોળે અને સોદો બજારમાં | અનિશ્ચિત વસ્તુની અગાઉથી આશા બાંધવી તે. |
| 80. | મન ચંગા તો કથરોટમાં ગંગા | અંત:કરણ પવિત્ર હોય તો યાત્રા કરવાની જરૂર નથી. |
| 81. | મન હોય તો માળવે જવાય | પ્રબળ ઈચ્છા હોય તો સફળ થવાય. |
| 82. | માએ સવા શેર સૂંઠ ખાવી | તાકાત હોવી |
| 83. | મુખમાં રામ અને બગલમાં છૂરી | દેખાવે સારો પણ દિલમાં કપટી. |
| 84. | મોરના ઈંડા ચીતરવાં ન પડે | મા-બાપનાં લક્ષણો બાળકમાં સહજ ઊતરે. |
| 85. | રાત થોડીને વેશ ઝાઝા | સમય થોડોને કામ વધુ |
| 86. | રામ રાખે તેને કોણ ચાખે ? | પ્રભુ રક્ષે તેને કોઈ નુકસાન પહોંચાડી શ્લે નહીં. |
| 87. | લખ્યા લેખ મીટે નહિ | નસીબમાં લખ્યું હોય તે થાય જ. |
| 88. | લૂંટાયા પછી ભો શો | બધું ગુમાવ્યા પછી ડરવું નકામું. |
| 89. | લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે | લોભ કરનાર છેતરાય છે. |
| 90. | વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો | બીજાનું જે થવાનું હોય તે થાય પણ પોતાને તો લાભ થવો જ જોઈએ. |
| 91. | વાડ વિના વેલો ન ચઢે | ઊંચું સ્થાન મેળવવા કોઈ મોટાની ઓથ હોવી જોઈએ. |
| 92. | વિનાશકાળે વિપરીત બુદ્ધિ | વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ બગડે. |
| 93. | શિર સલામત તો પઘડિયાં બહોત | કોઈપણ રીતે માનવી બચી જાય તો સાધન-સંપત્તિ ઘણી મળી આવે છે. |
| 94. | સસ્તુ ભાડું અને સિદ્ધપુરની જાત્રા | મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું. |
| 95. | સંપ ત્યાં જંપ | સંપથી શાંતિ ને સુખ મળે છે. |
| 96. | સુથારનું મન બાવળિયે | દરેક વ્યક્તિ પોતાના હિતનું જ જુએ. |
| 97. | સૂકા ભેગું લીલું બળે | હલકા માણસોના સંગથી, સારા માણસો પણ આપત્તિનો ભોગ બને. |
| 98. | સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય | અલ્પ પ્રયત્નથી મોટી સિદ્ધિ પ્રાપ્ત ન થાય. |
| 99. | સો ઉંદર મારીને બિલ્લીબાઈ પાટે બેઠાં છે. | ખૂબ પાપ કરીને સાધુતા આચરે છે. |
| 100. | હસવું અને લોટ ફાકવો એ કેમ બને ? | એકી સાથે બે કામ ન થઈ શકે. |
| 101. | હૈયું બાળવા કરતાં હાથ બાળવા | કોઈની પાસે કામ કરાવી પસ્તાવું એના કરતાં જાતે જ કરી લેવું સારું. |
| 102. | હોઠ સાજા તો ઉત્તર ઝાઝા | વાણી શક્તિ હોય તો ગમે તેનો ઉપાય કરી શકાય. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## રૂઢીપ્રયોગ :

| | | |
|---|---|---|
| 1. | અખાડા કરવા | જોયું ના જોયું કરવું, લક્ષ્ય ન આપવું. |
| 2. | અગસ્ત્યના વાયદા | મુદત કદી પૂરી ન હોવી, ખોટા વાયદા. |
| 3. | અડ્ડો જમાવવો | કાયમી મુકામ કરી જવો. |
| 4. | અનેક રંગો જોવા | સુખ-દ:ખમાંથી પસાર થવું. |
| 5. | અવતાર ઉજાળવો | ગૌરવપૂર્વજ જીવવું. |
| 6. | અંગારો પાકવો | કુળને કલંક લગાનાર પુત્ર નીવડવો. |
| 7. | અંજાઈ જવું | પ્રભાવિત થવું. |
| 8. | અંધારામાં રાખવું | જાણ ન કરવી. |
| 9. | આકાશ તૂટી પડવું | અચાનક મુશ્કેલી આવી પડવી. |
| 10. | આકાશ પાતાળ એક કરવાં | પુષ્કળ પરિશ્રમ કરવો. |
| 11. | આગ લગાડવી | કંકાસ કરવો. |
| 12. | આડા ઉતરવું | વિઘ્નરૂપ બનવું. |
| 13. | આંખ ઊઘડવી | સત્યનું ભાન થવું. |
| 14. | આંખ ફાટી જવી | આશ્ચર્યચકિત બનવું. |
| 15. | આંખ માળી જવી | ઉંઘ આવવી. |
| 16. | આંખ માંડવી | એકાગ્રતાથી ધારી ધારીને જોવું. |
| 17. | આંખ મીંચાઈ જવી | મરણ પામવું. |
| 18. | આંખનું ઊંડાણ માપવું | તાકાત વિશે ખ્યાલ બાંધવો |
| 19. | આંખમાં ધૂળ નાખવી | છેતરવું. |
| 20. | આંખમાંથી શ્રાવણ ભાદરવા વરસવા | અતિશય રડ્યા કરવું. |
| 21. | આંખે આંસુનું તોરણ બંધાઈ જવું | એકધારું રડ્યા જ કરવું. |
| 22. | આંખો ફાડીને જોઈ રહેવું | તાકી તાકીને જોઈ રહેવું. |
| 23. | આંગણું ઘસી નાંખવું | વારંવાર જવું. |
| 24. | આંતરડી કકળવી | દિલમાં અસહ્ય વેદના થવી, નિશાસા નાખવા. |
| 25. | ઉતર- તળે થઈ જવું | ખૂબ અધીરા બની જવું. |
| 26. | એક ઘા ને બે કટકા | ચોખ્ખે ચોખ્ખું કહેવું. |
| 27. | એક લાકડીએ હાંકવું | બધાને સરખાં ગણીને વર્તવું. |
| 28. | એકડો કાઢી નાખવો | ગણતરીમાંથી બાકાત કરવું. |
| 29. | એકના બે ના થવું | પોતાની વાત પર મક્કમ રહેવું, હઠ ન છોડવી. |
| 30. | એલાન આપવું | આદેશ આપવો. |
| 31. | ઓછુ આવવું | દુ:ખ થવું. |
| 32. | કક્કો ખરો કરવો | પોતાની વાત પ્રત્યે અડગ રહેવું. |
| 33. | કડવો ઘૂંટડો ગળી જવો | અપમાન સહન કરી લેવું. |
| 34. | કડવો ઘૂંટડો હૈયામાં સમાવવો | ન ગમતું કાર્ય દુ: ખપૂર્વક સહન કરવું. |
| 35. | કપાળ ધોવા જવું | નાહક વિલંબ કરવો |
| 36. | કમર બેવડી વળી જવી | ખૂબ મહેનત કરવી. |
| 37. | કરમ ફૂટેલા હોવાં | નસીબ સારું ન હોવું. |
| 38. | કરમ બાંધવી | કઠીન કામ કરવા તૈયાર થવું. |
| 39. | કળ વળવી | નિરાંત થવી, ભાન આવવું. |
| 40. | કંકુનાં પગલાં કરવાં | આગમનથી ઘરને સુખી કરવું. |
| 41. | કંઠે ભુજાઓ રોપવી | ભાવભીનું સ્વાગત કરવું. |
| 42. | કાગડા ઊડવા | કંઈ બાકી ન રહેવું |
| 43. | કાગની ડોળે રાહ જોવી | આતુરતાથી વાટ જોવી. |
| 44. | કાગનો વાઘ કરવો | નાની વાતનું મોટું સ્વરૂપ આપવું. |
| 45. | કાગળની નાવ | લાંબો વખત ન ટકે તેવી વસ્તુ |

| | | |
|---|---|---|
| 46. | કાચું સોનું | રસાળ જમીન |
| 47. | કાદવ ઊડાડવો | ખરાબ ટીકા કરવી. |
| 48. | કાન કરડવા | ગુસપુસ વાત કરવી. |
| 49. | કાન ફુંકવા | કાન ભંભેરણી કરવી. |
| 50. | કાનબુટ્ટી પકડવી | પોતાની ભૂલ કબૂલ કરવી. |
| 51. | કાનમાં ઝેર રેડવું | ખોટી ઉશ્કેરણી કરવી. |
| 52. | કાને ન ધરવું | વાતમાં લક્ષ ન આપવું. |
| 53. | કાને વાત પહોંચવી | બાતમી મળી જવી. |
| 54. | કાસળ કાઢવો | નાશ કરવો. |
| 55. | કાળજું કઠણ કરવું | હિંમત ધારણ કરવી. |
| 56. | કાળજું કોરાવું | ખૂબ દુ:ખ થવું. |
| 57. | કાળજું ભરાઈ આવવું | વેદનાથી રડવા જેવું થઈ જવું. |
| 58. | કાળા અક્ષર કુહાડે મારવા | અક્ષરજ્ઞાન વિનાનું હોવું. |
| 59. | કાળા પાણીને કાઢવું | દેશનિકાલની સજા થવી. |
| 60. | કાળી ટીલી લાગવી | અપજશ કે કલંક લાગવું |
| 61. | કાંટા વેરવા | દુશ્મનાવટ ઊભી કરવી. |
| 62. | કાંટો કાઢવો | દૂર કરવું. |
| 63. | કાંડા કાપી આપવાં | લેખિત કબૂલાત આપવી. |
| 64. | કીડી પર કટક | નાના અને સામાન્ય કામ માટે મોટો પ્રયાસ |
| 65. | કુહાડીનો હાથો બનવું | પોતાનાને નુકસાન કરી બીજાને મદદ કરવી. |
| 66. | કૂખ લજાવવી | માની આબરૂ ધૂળમાં મેળવી. |
| 67. | કૂતરા બિલાડાનું જીવન | કંકાસવાળું જીવન |
| 68. | કૂતરાની ઊંઘ | સહેજ અવાજ થતાં જાગી જવાય એવી ઊંઘ, સાવધ |
| 69. | કૂવામાંનું દેડકું | સંકુચિત મનોવૃત્તિવાળું. |
| 70. | કૂવો હવાડો કરવો | કમોતે મરવું. |
| 71. | કેસ ખલાસ થઈ જવું | મરણ પામવું. |
| 72. | કોઠુ ન આપવું | અંગત વાત જાણવા ન દેવી. |
| 73. | કોઠે પડવું | માફક આવવું, અનુકૂળ આવવું |
| 74. | કોણીએ ગોળ લગાડવો | કામ કઢાવવા લાલચ આપવી. |
| 75. | કોથળામાં પાંચશેરી ઘાલીને મારવી | બહારથી માર ન જણાય તેમ છૂપો માર મારવો. |
| 76. | ખડે પગે જોવું | અધીરાઈથી જોવું. |
| 77. | ખબર લેવી | ખૂબ ઠપકો આપવો. |
| 78. | ખંખેરી નાખવું | ધમકાવવું. |
| 79. | ખાઈ-પીને મંડવું | ખંતથી સતત કમમાં મગ્ન રહેવું. |
| 80. | ખાટલે પડવું | માંદા પડવું. |
| 81. | ખાટું મોળું થવું | બગડી જવું. |
| 82. | ખાડામાં ઉતારવું | નુકસાન કરવું. |
| 83. | ખાવા ધાવું | ડર લાગે તેવું નિર્જન હોવું. |
| 84. | ખાસડાં ખાવા | અપમાન સહન કરવું. |
| 85. | ખાંડ ખાવી | મિથ્યાભિમાનમાં વ્યર્થ ફુલાવું. |
| 86. | ખાંડાની ધારે ચાલવું | ખૂબ મુશ્કેલ રસ્તે ચાલવું. |
| 87. | ખુલ્લા મને | હળવાશથી. |
| 88. | ખો ભૂલી જવી | કુટેવ છૂટી જવી. |
| 89. | ખોડો કાઢવો | મોટી હાનિ પહોંચાડવી. |
| 90. | ખોળો પાથરવો | કરગરવું. |
| 91. | ગરજ સારવી | જરૂરિયાત પૂરી થવી. |
| 92. | ગળામાં જીભ ઘાલવી | બોલતું અટકવું |
| 93. | ગળે પડવું | સામી વ્યક્તિ પર આરોપ મૂકવો. |
| 94. | ગંગા નાહ્યા | નિરાંત અનુભવવી. |
| 95. | ગંધ આવવી | બાતમી મળવી. |
| 96. | ગાડું ગબડવું | ભારે તકલીફથી જીવનવ્યવહાર ચલાવવો. |
| 97. | ગાલે તમાચો મારી મોં લાલ રાખવું | સુખી હોવાનો દેખાવ કરવો |
| 98. | ગાંઠ કરવી | પૈસા ભેગા કરવા. |

| | | |
|---|---|---|
| 99. | ગાંઠનું ગોપીચંદન કરવું | પોતાના પૈસે પોતાને નુકશાન થવા દેવું |
| 100. | ગાંઠનો ખીચડો ખાઈને | પોતાના ધનમાંથી ખર્ચ કરીને. |
| 101. | ગુસ્સો પીવો | ખારોશી રાખવી. |
| 102. | ગૂડાં ભાંગી જવા | હિંમત જતી રહેવી. |
| 103. | ગોદમાં લેવું | સંભાળ કે રક્ષણ તળે લેવું |
| 104. | ગોળના પાણીએ નાહવું | છેતરાવું |
| 105. | ગોળનું ગાડું મળવું | વહાલું કે ઉપયોગી માણસ મળવું. |
| 106. | ઘડો ફુટવો | વાત જાહેર થવી. |
| 107. | ઘર પૂછતા આવવું | ગરજે મદદ ખોળતા આવવું |
| 108. | ઘા પર મીઠું ભભરાવવું | દે:ખીને વધારે વધારે દે:ખી કરવા. |
| 109. | ઘાણ કાઢવો | સંહાર કરવો. |
| 110. | ઘાસ કાપવું | નકામી મહેનત કરવી |
| 111. | ઘીના ઠામમાં ઘી હોમવું | ઉચિત કે સારાં વાનાં થવાં |
| 112. | ઘોળીને પી જવું | ન ગણકારવું. |
| 113. | ચકમચ ઝરવી | ઘર્ષણ થવું. |
| 114. | ચકિત થઈ જવું | ખૂબ આશ્ચર્ય પામવું |
| 115. | ચડ્યે ઘોડે આવવું | ઉતાવળ કરવી. |
| 116. | ચાર દહાડાનું ચાંદરણું | થોડા સમયનું સુખ. |
| 117. | ચાર હાથવાળા થવું | લગ્ન કરવાં. |
| 118. | ચાલતી ગાડીએ ચડી બેસવું | બહુમતીમાં જોડાઈ જવું |
| 119. | ચિત્ત ચિરાવું | ઊંડો આઘાત લાગવો. |
| 120. | ચીનનો શાહુકાર | પાકો ગાઠીયો |
| 121. | ચીલો પાડવો | નવો રિવાજ પાડવો. |
| 122. | ચોટલી બાંધીને ભણવું | અભ્યાસમાં તલ્લીન થઈ જવું. |
| 123. | છક્કા છુટી જવા | ગભરાઈ જવું. |
| 124. | છઠીનું ધાવણ યાદ કરાવવું | મરણતોલ માર મારવો. |
| 125. | છળી મરવું | ડરથી ચમકી જવું . |
| 126. | છાતી ફુલાવવી | ગર્વ કરવો. |
| 127. | છાતી બેસી જવી | હિંમત ગુમાવવી. |
| 128. | છાતીએથી અળગા ન કરવું | પોતાની સાથે જ રાખવું. |
| 129. | છાપરે ચડવું | ખૂબ ફુલાઈ જવું. |
| 130. | છાપેલું કાટલું | નામચીન હોવું. |
| 131. | છૂટી જવું | પોતાનાથી જવાબદારીમાંથી મુક્ત થવું. |
| 132. | જડ કાઢવી | મૂળમાંથી નાબૂદ કરવું. |
| 133. | જાત ઘસી નાખવી | તનતોડ મહેનત કરવી. |
| 134. | જીભ ન ઉપડવી | બોલવાની હિંમત ન રહેવી. |
| 135. | જીભ વધવી | જેમ ફાવે તેમ બોલવું. |
| 136. | જીવ ઊંચો હોવો | ચિંતા થવી. |
| 137. | જીવ ચકડોળે ચઢવો | મનમાં અનેક જાતના વિચારો પેદા થવા. |
| 138. | જીવ ના ચાલવો | હિંમત ન ચાલવી. |
| 139. | જીવ પડીકે બાંધવો | ભારે ઉદ્વેગ થવો |
| 140. | જીવ બળી જવો | ઈર્ષાથી દુ:ખી દુ:ખી થઈ જવું. |
| 141. | જીવતર ધૂળ હોવું | જીવનનો અર્થ ન હોવો. |
| 142. | જીવતર ધૂળધાણી થઈ જવું | જીવન બરબાદ થઈ જવું. |
| 143. | જીવતા મૂઓ જેવા હોવું | જીવન વ્યર્થ હોવું. |
| 144. | જોરશોરથી મંડી પડવું | કોઈ કામ કરવામાં તમામ શક્તિ વાપરવી. |
| 145. | ઝાટકી નાખવું | ખૂબ ઠપકો આપવો. |
| 146. | ઝાળ ઊઠવી | ગુસ્સાથી ધૂંવાપૂવાં થઈ જવું. |
| 147. | ટાઢ-તડકો વેઠવો | મુશ્કેલીઓ સહન કરવી. |
| 148. | ટાઢા પહોરનું | મૂળ માથા વિનાનું. |
| 149. | ટાપસી પૂરવી | ચાલતી વાતને ટેકો આપવો. |
| 150. | ઠઠ જામવી | ટોળું ભેગું થવું. |
| 151. | ઠંડે પાણીએ નાહી | આશા છોડી દેવી. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| | નાંખવું | |
| 152. | ડંકો વગાડવો | યશસ્વી કાર્ય કરવું. |
| 153. | ડાગળી ચસકવી | ગાંડા થવું. |
| 154. | ડિંગ હાંકવી | ગપ મારવી. |
| 155. | ઢોલ વગાડવો | જાહેરાત થવી. |
| 156. | તરંગે ચડી જવું | વિચારે ચડી જવું. |
| 157. | તલવાર તાણવી | સંઘર્ષમાં ઊતરવું. |
| 158. | તાનમાં હોવું | આનંદમાં હોવું. |
| 159. | તેલ કાઢવું | થાકી જાય એવી રીતે કામ લેવું. |
| 160. | તેલ જોવું, તેલની ધાર જોવી | પૂરી ચોક્કસાઈ કરવી |
| 161. | થૂંક ઉડાડવું | નિંદા કરવી. |
| 162. | થૂંકેલું ગળવું | બોલેલા બોલ પાછા ખેંચી લેવા. |
| 163. | દમ મારવો | ધમકાવવું. |
| 164. | દહાડા ભરાઈ જવા | મોત નજીક રહેવું. |
| 165. | દહીં-દૂધમાં પગ રાખવો | બંને પક્ષમાં રહેવું. |
| 166. | દાઢીમાં હાથ ઘલાવો | ગરજપૂર્વક મદદ માગવી. |
| 167. | દાઢીમાં હાથ ઘાલવો | ગરજપૂર્વક મદદ માંગવી |
| 168. | દાવ જોઈને સોગટી મારવી | લાગ જોઈને કામ કરવું |
| 169. | દાળ ન ગળવી | અસર ન થવી. |
| 170. | દાંતે તરણવું લેવડાવવું | લાચારી બતાવવા ફરજ પાડવી. |
| 171. | દાંતે મેલ આવવો | પૈસાદાર થવું |
| 172. | દિલ ખોલવું | ખુલ્લા મનથી જણાવવું |
| 173. | દિલ દઈને કામ કરવું | ઉમંગથી સારી રીતે કામ કરવું. |
| 174. | દૂધમાંથી પોરા કાઢવા | સારી વસ્તુમાં અવગુણ શોધવા. |
| 175. | દૂધે ધોઈને આપવું | પ્રમાણિકપૂર્વક આદરભાવે આપવું |
| 176. | ધાડ મારવી | ભારે સાહસ કરવું. |
| 177. | ધાવણના દાંત | બાળકના જેવું બિનઅનુભવી |

| | | |
|---|---|---|
| | હોવા | |
| 178. | ધુળ પડવી | ધિક્કાર હોવો, વ્યર્થ જવું |
| 179. | ધૂળધાણી કરવું | આબરૂનો નાશ કરવો, બરબાદ કરવું |
| 180. | નખ પર દહાડા ગણવા | અત્યંત આતુરતાપૂર્વક રાહ જોવી. |
| 181. | નજર બગાડવી | ખરાબ દાનત થવી |
| 182. | નવ નેજા થવાં | મહામુશ્કેલી પડવી |
| 183. | નાક લઈ જવું | આબરૂ ધૂળમાં મેળવવી. |
| 184. | નાકલીટી તાણવી | અત્યંત દીન ભાવે શરણે જવું |
| 185. | નાકે દમ આવી જજો | ખૂબ હેરાન પરીશાન થઈ જવો. |
| 186. | નામ કાઢવું | આબરૂ વધારવી. |
| 187. | પગ ઉપર ઊભા રહેવું | જાતે જીવન નિર્વાહ કરવા |
| 188. | પગ ધોઈને પીવા | ઘણો ઉપકાર સ્વીકારવો |
| 189. | પત રાખવી | ટેક આબરૂ જાળવવી |
| 190. | પનારે પડવું | બીજાને સહારે જીવવાની સ્થિતિ ઊભી થવી. |
| 191. | પાઘડી બંધાવવી | ઈનામ કે સરપાવ આપવો, શાબાશી આપવી. |
| 192. | પાણી ફરી વળવું | નકામું જવું, આબરૂનો નાશ કરવો. |
| 193. | પાણી વલોવવાં | ફોગટ ફાંફાં મારવા |
| 194. | પારોઠનાં પગલાં ભરવું | પલાયન થઈ જવું |
| 195. | પાશેરામાં પહેલી પૂણી | શરૂઆત હોવી. |
| 196. | પીઠ દેવી | જે તે સ્થાનેથી ચાલ્યા જવું. |
| 197. | પૃથ્વી રસાતલ જવી | ભારે હાહાકાર મચી જવો. |
| 198. | પેટ ન આપવું | મનની વાત પ્રગત ન કરવી. |
| 199. | પેટ પર પાટું મારવું | આજીવિકાનું સાધન છીનવી લેવું |
| 200. | પેટનું પાણી ન હાલવું | કશી અસર ન થવી. |

| | | |
|---|---|---|
| 201. | પેટમાં તેલ રેડાવું | બળતરા થવી, ઈર્ષ્યા થવી. |
| 202. | પેટમાં પેસી નીકળવું | બીજાની છૂપી વાત જાણી લેવી. |
| 203. | પેંગડમાં પગ ઘાલવો | ની બાબતમાં બરોબરી કરવી |
| 204. | બગલો ઊંચી કરવી | દેવળું કાઢવું |
| 205. | બળતામાં ઘી હોમવું | ચાલુ ઉશ્કેરણીમાં વધુ કારણ ઉમેરવું |
| 206. | બાજી કથળવી | સ્થિતિ પ્રતિકૂળ થઈ જવી. |
| 207. | બાજી ધૂળમાં મેળવવી | યોજના ઊંધી વાળી દેવી. |
| 208. | બારમો ચંદ્રમા | વિરોધ કે શત્રુતા |
| 209. | બીડું ઝડપવું | કપરું કામ માથે લેવું. |
| 210. | બે આંગળ સ્વર્ગ બાકી રહેવું | ગર્વનો પાર ન હોવો |
| 211. | બે પાંદડે થવું | પૈસાદાર કે માલદાર થવું. |
| 212. | બેડો પાર થવો | સફળતા મળવી. |
| 213. | ભીંત ભૂલવી | માર્ગ ચૂકવો, અવળે રસ્તે ચડી જવું. |
| 214. | ભીંનું સંકેલવું | તપાસ વિલંબમાં નાંખવી કે આરોપીને મદદ થાય તેમ ઢીલાસ રાખવી. |
| 215. | ભૂત ભરાવવું | ધૂન લાગવી/ધૂન વળગવી |
| 216. | ભેદ પામી જવો | વાતનો મર્મ સમજી જવો. |
| 217. | મગજમાં રાઈ હોવી | મિજાજ હોવો કે અભિમાન હોવો. |
| 218. | મનમાં ગાંઠ પડી જવી | મજબૂત માન્યતા બંધાઈ જવી. |
| 219. | માથું મારવું | દખલગીરી કરવી. |
| 220. | માથે ચડી બેસવું | અતિ લાડથી નફફટ થઈ જવું, હુકમ ન માનવો |
| 221. | માથે ઝાડ ઊગવાં | ખૂબ જ દુ:ખ થવું |
| 222. | માથે લેવું | સ્વીકારવું. |
| 223. | મોતિયા મરી જવા | નાસીપાસ થવું |
| 224. | રમણે ચડવું | મસ્તીમાં આવી જવું. |
| 225. | રેવડી દાણાદાર કરવી | ખૂબ જ. બેઆરૂ કરવું |
| 226. | લીલી સૂકી જોવી | સુખદુ:ખ જોવું. |
| 227. | લોઢાના ચણા ચાવવા | મુશ્કેલ કાર્ય કરવું. |
| 228. | લોહીના આંસુ પાડવાં | અતિ દુ:ખ થવું |
| 229. | લોહીનું પાણી કરવું | સખત મહેનત કરવી. |
| 230. | વાદળ તૂટી પડવું | મુસીબતો સામટી આવી જવી. |
| 231. | વારી જવું | ફિદા થઈ જવું. |
| 232. | શરસંઘાન કરવું | લક્ષ્યને સાધવું. |
| 233. | શેર લોહી ચડવું | આનંદિત થવું. |
| 234. | સગેવગે થઈ જવું | આઘાપાછા થઈ જવું. |
| 235. | સાત ગળે ગાળવું | સારી પેઠે બધી બાજુએથી જોવું |
| 236. | સોડ તાણી સૂવું | મરી જવું. |
| 237. | હજામત કરવી | નકામા કામ પાછળ સમય બગાડવો. |
| 238. | હથેળીમાં ચાંદ બતાવવો | છેતરવું. |
| 239. | હથેળીમાં ચાંદ બતાવવો | છેતરવું |
| 240. | હાંલ્લાં હડિયું કરવાં | ખાવાના સાંસા પડવાં. |
| 241. | હૃદય ભરાઈ આવવું | શોકની લાગણીથી ડૂમો ભરાવો. |
| 242. | હૈયું ખાલી કરવું | મનનો ઊભરો ઠાલવવો. |
| 243. | હૈયે ટાઢક વળવી | ચિંતામુક્ત થઈ જવું. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## તળપદા શબ્દો

| | | | | |
|---|---|---|---|---|
| પદારથ – પદાર્થ | ભગત – ભક્ત | ખૂંદવું – કરચવું | દોથો – ખોબો | અભેમાન – અભિમાન |
| ઓચ્છવ – ઉત્સવ | લાધવું – પ્રાપ્ત થવું | પ્રથમી – પૃથ્વી | બૂતાં – તાકાત, શક્તિ | નભરમું – અશુભ |
| ધન-ધન-ધન્યધન્ય | પૂરણ – પૂર્ણ | બૈરી – પત્ની | પ્રાગડ – સવાર, પ્રભાત | કવેણ – ખરાબ વચન, વાણી |
| જનમી – જન્મી | મૂરખ – મૂર્ખ | અધમણ – અર્ધોમણ | હાલરું – ટોળું | ધડકલી – ગોદડી |
| માંહી – માં | જોગી – યોગી | ભો – ભય | મોખ – અનુકૂળતા | છાક – નશો |
| બાપડા – બિચારા | જગન – યજ્ઞ | વાંઢો – કુંવારો | અતારે – અત્યારે | હેંડો – ચાલો |
| આવરદા – આયુષ્ય | તીરથ – તીર્થ | બરડો - પીઠ | પુનઈ – પુણ્ય | કડતલ – નકામી કૂથલી |
| પિયારું – પારકું | વાસ – વસવાટ | ઝોળી – ઝૂલતી થેલી | જુક્તિ – યુક્તિ | મોખ – અનુકૂળતા |
| જેહ – જે | એકલડો – એકલો, જાતે જ | ઑમ – આ રીતે | ચેહ – ચિતા | માડું – માણસ |
| તેહ – તે | ખાટ – હિંડોળાખાટ | લાંક – મરોડ | જાતરા – જાત્રા, યાત્રા | સંતોરો – ઝંઝટ |
| આળ – આરોપ | ઢબ – રીત | વરતવું – ઓળખવું | કળજગ – કળિયુગ | કે વારે ? – ક્યારે |
| અતિશે – અતિશય | હિમારી – તમારી | બૂઢો – વૃદ્ધ | રખોંપુ – રક્ષણ | ગટકૂડું – નાની માટલી |
| દીઠું – જોયું | મ્હારા – મારા | આસ્તે – ધીરે | લઠ – લાઠી | ઓતર – ઉત્તર |
| ખટ – ષટ્ | ઠારવું – તૃપ્ત કરવું | મગતરાં – મચ્છર | વખ – વિષ, ઝેર | આબોકાર – આવકાર |
| કરમ – કર્મ | રૂડું – સારું | રગ – નસ | વડેરા – મોટેરાં | ગા – ગાય |
| નવાણ – જળાશય | કાજ – કાર્ય | લૂઢકવું –ગબડવું | વાવડો – વાયરો, પવન | પોરી – છોકરી |
| કહેય – કહે | માલેક – માલિક | બેત – નેતરની લાકડી | વરહ – વર્ષ | ફોરણું – નસકોરું |
| કયમ – કેમ | કાં – કેમ | રાસ – મેળ | વાલેશરી – ચાહક | પંગત – હાર |
| મુલક – પ્રદેશ | કો – કોઇ | જૂતી – ખાસડું | વાંહે – પાછળ | દુંદ – મોટું પેટ |
| નેન – નયન | કરિયાં – કર્યા | ફર્ક – તફાવત | સરગ – સ્વર્ગ | પોક – બૂમ |
| લગન – લગની | છિપવું – સંતોષાવું | મુડદું – મડદ્દુ, શબ | બવ – બહુ | ગવન – સાલ્લો |
| ભાગ – ભાગ્ય | ઝાઝા – પુષ્કળ | ભાય – ભાઇ | પા – બાજુ | બહેડો – કાદવકીચડ |
| કને – પાસે | પેઠે – જેમ | ભળકડે – સવારે | નિમાણું – લાચાર | સમશાન – સ્મશાન |
| ધીખું – ધગધગું | સાંજુકાં – સાંજે | હટાણું – ખરીદી | તૈંણ – ત્રણ | નો હર – ના રહે |
| ધૂમ – ધૂમાડો | દરશની – દર્શનની | પડતપે – તડકામાં | દખણ – દક્ષિણ | હરવર – સ્મરણ |
| પાંગળું – પંગુ | અરધપરધા – અર્ધું | ટાઢ – ઠંડી | ગલઢેરાં – ઘરડાં | વારી – ક્રમ, વારો |
| ભરમાંડ – બ્રહ્માંડ | પરે – ઉપરે | ફોડ – સ્પષ્ટતા | કુણ – કોણ | પછવાડે – પાછળ |
| પો'ર – પ્રહર | પાય – પગ | સોંસરવું – આરપાર | ભોગાવો – ખાડી | દહાડા – દિવસ |

| | | | | |
|---|---|---|---|---|
| પરમાણ – પ્રમાણ | અનંભે – નિર્ભય | મોર – આગળ | છણુંવણું – છિન્નભિન્ન | જોસ્સો – જુસ્સો |
| ફંદ – જાળ | રૂવે – રૂંવાડે | માળું – વહાલમાં નામ | ચૂધડો – કંજૂસ | ઝાંઝરિયા – આભૂષણ |
| ભગતિ – ભકિત | ઓળો – છાયા | માણહ – માણસ | ઓરૂં – નજીક | કૂથલી – નિંદા |
| સંકલપ – સંકલ્પ | દ્રઝવું – ઝરવું | આણીપા – આ બાજુ | દોંગું – લુચ્ચું | નઠારી – અયોગ્ય |
| વિકલપ – વિકલ્પ | સમાણું – સરખું | ભાળે – જુએ | આ'પા – આ બાજુ | ખોળવું શોધવું |
| મેલ્યાં – મૂક્યાં | વા'લો – વહાલો | વટે – પસાર કરે | ઓરુ – નજીક | શેહ – છાપ, દાબ |
| હરખ – હર્ષ | ગોપીઉં – ગોપીઓ | બકાલું – શાકભાજી | ચાગાચૂંગુ – બેવકૂફ | વેળા – સમય |
| વીશવાસ – વિશ્વાસ | જડાવવું – સજ્જડ | ડોહો – ડોસો | તંઇ – તો પછી | આગલું – આગળનું |
| વિપદ – વિપત્તિ | પરમાણે – પ્રમાણે | પૂગે – પહોંચે | નયણું – નેન | મેળે – જાતે |
| વચનું – વચનો | કે'જો – કહેજો | અડાળી – રકાબી | નકર – નહિ તો | સિકલ – ચહેરો |
| ઉતારણ – ઉતારવું | વાઢવું – કાપવું | ભળકડે – સવારે | ગોજ – પાપ | ડોળી – ફળ |
| આણવું – લાવવું | ખમવું – સહન કરવું | હડફ – એકાએક્ | આબોકાર – આવકાર | છાંક – નશો |
| પેજ – ઘેંશ | નોધારી – નિરાધાર | વેળા – સમય | ઢૂંકડું – નજીક | છેક – અંત |
| ઊની – ગરમ | પરાણે – માંડમાંડ | ફાંટ – ખોબો | નિમ – નિયમ | કરાડાકી – કટાક્ષ |
| કોરૂં – સૂકું | લૂગડાં – કપડાં | બુન – બહેન | સંધાંય – બધાં | ભોંય – તળીયું |
| ભૈસાબ – ભાઈસાહેબ | કમકમા – ધ્રુજારી | સંધુય – બધુંય | ઘોડ્યે – ની જેમ | સાખે – સાક્ષીએ |
| હેંડો – ચાલો | ઠાઠમાઠ – વૈભવ | ભણી – તરફ | રત્નાગર - સાગર | રવરવતું – ચચરતું |
| અઢેલીને – અડીને | છાનું – ગુપ્ત | આલ – આપ | તાકડે – અણીના સમયે | વેગળો – અલગ |
| તાનમાં – ગેલમાં | ચાંદો – ચંદ્ર | દન – દિવસ | છોડી – છોકરી | સલવટ – કરચલી |
| અજુગતું – અયોગ્ય | કોક – કોઇક | મેજબાન – યજમાન | વેલેરા – વહેલા | હાપ – સાપ |
| પેઠી – પ્રવેશી | આઇ – મા | ભોડું – માથું | દાગધર – ડૉક્ટર | ગરવાઈ - ગૌરવ્ |
| નિહાકો – નિસાસો | બાઇ – સ્ત્રી | મોખ – લાગ | મલક – મુલક | લોદોં – લોચો |

## અનેકાર્થી શબ્દો

- અક્ષ – રમવાનો પાસો, માળાનો મણકો, (ચક્ર કે પૃથ્વીની) ધરી, આંખ, ઘ્રાણેન્દ્રિય, વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ કોઈ પણ ગોલીય અંતર
- અક્ષર – અવિનાશી, વર્ણ (ભાષા), હરફ કે બોલ, દસ્તક, વિધિના લેખ, બ્રહ્મ
- અજ – રામના દાદા, બ્રહ્મા, કામદેવ, ચંદ્ર, ઈશ્વર, બકરો, અનાદિ, અહિ જન્મેલું
- અજન્મા – જેને જન્મ ન્થી એવું, ઇશવર, માયા, સીતા, લક્ષ્મી
- અટક – નડતર, મુશ્કેલી, શંકા, અટકણ, કાચી કેદ, સંકલ્પ, અડદ
- અટ્ટ – અટારી, અનાદર, તિરસ્કાર, પ્રહાર, રૂડું, સૂકું
- અડાવવું – ધમકાવવું, ગપાટા મારવા, ઘણું ખાવું, ઓઠવવું
- અદા – અભિનય, નખરાં, પૂરું કે ચૂકતે, અદાવત
- અનંત અપાર, વિષ્ણુ, રુદ્ર, બ્રહ્મા, શેષનાગ, બલરામ, આકાશ, જૈનોના ચૌદમા તીર્થંકર
- અમલ – વહીવટનો ગાળો, સત્તા, અફીણનો કેફ, સમયનો શુમાર
- અર્થ – સમજૂતી, હેતુ, પૈસો, ગરજ, ચાર પુરુષાર્થમાંનો બીજા નંબરનો પુરુષાર્થ
- અંક – આંકો, આંકડો, ખોળો, નાટકનો વિભાગ, ચિહ્ન, ટેક, ડાઘો અથવા કલંક
- અંતર – મન, ભેદ, છેટું, તફાવત, અંદરનું, નજીકનું વચલો કાળ, સમાસને અંતે, બીજું એવા અર્થમાં (ઉદા રૂપાંતર)
- આડું – હઠીલું, (ગાડાનું આડું, સીધું નહિ એવું, ઊભું નહિ એવું, વચ્ચે પડેલું, વાંધાખોરિયું, આડકતરું, વાંકુ કે ખોટું, વિરુદ્ધ, આડી બાજુએ મેલું, ભૂત
- આરો – કાંઠો, પાર, ઉપાય, માર્ગ છેડો, પૈડાનો ભાગ, નક્કી સમય (જૈન), રેતી, ચૂનાના મિશ્રાણના કોલનો ખાડાવાળો ભાગ
- આંક – સંખ્યા, લેણદેણના હિસાબનો કાગળ, છેડેથી વાંકો સળિયો, માછલી પકડવાનો ગળ, (વીંછી ભમરી વગેરેનો) ડંખ, (મૂછનો) વળ, વરને આપવાનો ચાંદ્લો
- આંટી – ગૂંચ, (સૂતરની) આંટી, પ્રપંચ, કોયડો, આબરૂ, કીનો
- ઇશ – ધણી, પરમેશ્વર, રાજા, મહાદેવ, અગિયારની સંજ્ઞા, ઇશાન ખૂણાના અધિપતિ, આર્દ્રા નક્ષત્ર, એક ઉપનિષદ
- ઉત્તર – જવાબ, બાકીનું, પછીનું, ઉત્તર દિશા, વચન, ડાબું, બધારે, બચાવનું કથન
- ઉપાધિ – પીડા, જંજાળ, સંજ્ઞા, ખિતાબ, અટક, પદવી, ગુણધર્મ
- ઓજસ – શરીરની ધાતુ, પ્રકાશ, તેજ, બળ, પ્રતિભા, પરાક્રમ, ચૈતન્ય
- કડી – લોઢાનો આંકડો, કવિતાની પંક્તિ, બેડી, હારબંધ, એક ઘરેણું, બારણાની આડી સાંકળ
- કર – હાથ, વેરો. કિરણ, સૂંઢ, લાગો, બેની સંજ્ઞા, કરવા માંડ.
- કળ – ચાવી, યુક્તિ, પીડા, શાંતિ, સમજ, કળણ કે કાદવ
- કાટ – ધાતુનો મેલ, ઇમારતી લાકડું, સામો દાવ, નડતર ધૂર્તજન
- કાંટો – શૂળ, નડતર, નાકનું ઘરેણું, તોલવાનું યંત્ર, રોમાંચ, અંટસ, વહેમ, ટેક, જુસ્સો, પોપટના ગળાનો રોગ, (ઘડિયાળ, વીંછી, માછલી કે યુરોપીય ઢબના ભોજન માટેનો) કાંટો
- કાંત (કાન્ત) મનગમતું, અનિકૂળ, મનોહર, પ્રીતમ, પતિ, ઓસડ, મોર, ચન્દ્ર, સૂર્યકાન્ત કે એવો કીમતી પથ્થર, કેસર, કંકું, એક પ્રકારનું લોઢું, કાંતવા લાગ.
- ગૂંચવણભર્યું, જૂઠું, ભંગાર, ઢગલો, શિખર, ન વંચાય કે ન સમજાય અવું, ઠગાઇઇ કડાકૂટ
- કોઠો – પેટ, શરીર, મન, ખાનું, ઘર, મોટી કોઠી, મોટો કૂવો, બુરજ, વ્યૂહરચના, કોષ્ટક, ઢોરનો ડબો

- કોરુ – ભીનું નહિ, લખ્યા વિનાનું, વાપર્યા વિનાનું, રાંધેલું નહિ.
- ખગ – પક્ષી, ગ્રહ, તારો, સૂર્ય, દેવ, નવની સંજ્ઞા
- ખંડ – કકડો, સમૂહ, પ્રકરણ, ઓરડો, પૃથ્વીના ખંડમાંનો દરેક, કાપડનો ટુકડો, વિભાગવાળું
- ખાણ – ખનિજ નીકળે છે તે જગા, અનાજનું ભોંયરું, ઢોરનો ખોઆક, હથિયારની ધારમાં પડેલો ખચકો, ઉત્પત્તિસ્થાન
- ખાતર – ચાકરી, તરફદારી માટે, (ખેતરનું) ખાતર, ચોરી, ચોરે પાડેલું બાકું
- ખુલ્લું – જાહેર, ઉઘાડું, નાગું, સ્પષ્ટ, નિખાલસ, અણઘેરાયેલું
- ખોળ – તપાસ, (તલનો) ખોળ, ખોળી, (ગોદડાની) ખોળ
- ગત – ચાલ, સ્થિતિ, શક્તિ, સમજ, મરણ પછીની, સ્થિતિ, ગયેલું
- ગતિ – ચાલ, ઝડપ, પ્રવેશ, સમજ, શક્તિ, સ્થિતિ, રસ્તો, મૂઆ પછીની હાલત
- ગાળો – ફાંસો, મોસમ, અમિક સમય, એક વસ્ત્ર, વિસ્તાર, (ઘંટી કે બંગડીનો) ગાળો, શરીરનો બાંધો, વટાન, કે ફેર, પહોળાઇ કે પનો
- ગુણ – ગુણ, માર્ક (દોકડા), ફાયદો, ઉપકાર, લક્ષણ, ત્રણની સંખ્યા (ગુણ ત્રણ છે માટે), પણછ, દોરી, (આકારમાં) ગોળ, એક ગળી વસ્તુ, જથ્થો, ન્યાયનો કન્યાની લેવડદેવડનો વિભાગ
- ઘટ – ઘટાડો, ખોટ, ઘટ્ટ, ઘડો, શરીર, હૃદય મન
- ઘાટ - ઓવારો, આકાર, લાગ, પર્વત, પર્વતમાંનો રસ્તો, શોભા, તજવીજ
- ઘોસ – એક જનાવર, ફળ, મોટું પૂર, એક ઘરેણું, લાકડાની મોટી ઘોડી
- ઘોર – બિહામણું, કમકમાટી ઉપજાવે તેવું, ગાઢ, અવાજ, કબર, ઊંઘનો અવાજ
- ચર – ચંચળ, જાસૂસ, ખાઇઇ, ચૂલ, કપડું ફાટવાનો અવાજ, હોમ નિમિત્તે રાંધેલું અન્ન
- છૂટ – મોકળાશ, સ્વતંત્રતા, જતી કરેલી રકમ, પરવાનગી
- જરા – લગીર, ઘડપણ, સાપની કાંચળી
- ઝોક – નિકસાન, વલણ, આંખમાં ઝપટ વાગવી ઘેટાંબકરાંનો વાડો, ઝૂકેલી ચીજનો વળાંક
- ટાઢું – વાસી, ધીમું, ઢિલું, મંદ, ઠંડું
- ડાંડિયો – ડાંડ આદમી, દાંડી પીટી રોન ફરનાર, નાનો પાતળો દંડો
- ઢોળાવ, ઢબ, સંબંધ, ગાવાનો ઢંગ, પાકનો અંદાજ
- તડ – નાતનું તડ, ફાટ, તરડ
- તર – પૈસાદર, મસ્ત, ધરાયેલું, તાજું, નાની ખાડી, દૂધ દહીંની પોપડી, તરાપો
- તરી – હોડી, મલાઇ, કાંપ, ઉપર તરતી પોપડી, જળમાર્ગ, ત્રણ ગણું (આંક)
- તાલ – માથાની ટાલ, યુક્તિ, કાંસીજોડ, તાડ, લાગ, મજા, ગાયનનું માપ
- તેજ – પ્રકાશ, પ્રભાવ, ગરમ, જોવાની શક્તિ, તીક્ષણ
- દર – દરેક, ભાવ, છીદ્ર, બારણું કે દરવાજો
- દંડ – દંડો, શિક્ષા, એક કસરત, , કોણીથી કભા સુધીનો ભાગ
- દાવ – યુક્તિ, લાગ, પાસામાં પડતા દાણા, રમતનો વારો
- દોર – અંકુશ, જોહુકમી, દોરડું પતંગની દોરી, સત્તા, માર્ગ બતાવ
- દોષ – ભૂલ, ખોડખાંપણ, પાપ, ગુનો
- નાડ – રગ, કમળની દાંડી, વલણ, લગામ, કાબૂ
- નાળ – નળી, નેળ, નળિયું, પરનાળ, બંદૂકની નળી
- પક્ષ – તરફેણ, તડ, પક્ષપાત, પખવાડિયું, પાંખ
- પટ – ઝટ વસ્ત્ર, શેતરંજનું પાટિયું, પડદો, નદીની પહોળાઇ, વિસ્તાર, જમીનનો સાંકડો લાંબો પટો, ચીતરવાનું પાટિયું, પાસ (પુટ), અસર
- પડદો – આંતરો, કાનનો ઢોલમ ઓઝલ, ગુપ્ત વાત
- પત્ર – છાપું, કાગળ, પાંદડું, હોડી
- પાક - પાકું, પવિત્ર, પ્રામાણિક, પરિપકવતા, (ખેતીની કે અન્ય) નીપજ, ખાવાનો પૌષ્ટિક પદાર્થ, રસોઈ



ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

- પાટ – બાજઠ, તામ્રપત્ર, તાકો, જમીનનો લાંબો પટ, વાટમાં પથરાતાં લૂગડાં, ઊંચી બેઠક, નાની તલાવડી, લાટો, રાજગાદ
- પાણી – જળ, ધાર, ટેક, તેજ, શૂરતન, ડોળ
- પાત્ર - લાયક, વાસણ, (નાટકનું) પાત્ર, બે કિનારા વચ્ચેનો ભાગ
- પાનું – પૃષ્ઠ, પાંદડું, પત્તું, રત્ન, (છરીનું) પાનું, (નસીબનું) પાનું
- પાયો – આધાર, ધોકાણું, ત્રિકોણની ઊભા રહેવાની બાજુ, આટ્કનો એક ઘડિયો, (સુખડીનો) પાયો, (ચણતરનો) પાયો
- પાર – બરણી, છેડો, ભેદ, હદ, આશરો, મંદિરનું આંગણું, કાંઠો
- પોત – મૂળ સ્વરૂપ, બાળક, વસ્ત્ર, સ્ત્રનો વણાટ, મછવો
- પ્રકૃત્તિ – કુદરત, સ્વભાવ, તબિયત
- ફેર – ચક્કર ચડવા તે, તફાવત, ગોળીબાર, ઘેરાવો
- ફેરી – માલ વેચવા ફરવું તે, આંટો, વખતે
- ભાત – રાંધેલા ચોખા, જુદાપણું, છાપ
- ભાર – વજન, ચોવીસ મણ, વીસ તોલા, અપચો, જવાબદારી, વિસ્તાર, વક્કર કે વટ, આભાર, ગુંજાશ, સમૂહ
- ભાવ – કિંમત, હેત, વિચાર, ગમો, ઇરાદો, અભિયન, પ્રકૃતિ, આસ્થા, હોવાપણું, લાગણી, તાત્પર્ય
- મત – મતિ, અભિપ્રાય સંપ્રદાય, હઠ,મા કે નહિ
- મધુ – ગળ્યું, મધ, દારૂ, વસંત ઋતુ, અધોક વૃક્ષ, એક છંદ, ચૈત્ર માસ
- મર્મ – મર્મસ્થાન, રહસ્ય, મહેણું, ભાવાર્થ
- મંડળ – કૂંડાળું, ટોળું, પ્રદેશ, બાર રાજ્યોનો સમૂહ, ઋગ્વેદનો દરેક ખંડ
- માન – આબરૂ, આદર, અભિમાન, તોલ કે માપ
- રાગ – મોહ, ગુસ્સો, અવાજ, પરસ્પરનો મેળ, ગાવાની રીત
- રામ – બળરામ, રામ, પરશુરામ, આત્મા, મરવું, દોકડા, વ્યાજ
- વરવું – પસંદ કરવું, બેડોળમ નઠારૂં
- વળ – અંટસ, મમતા, આંટો, સંબંધ, યુક્તિ, ગાંઠ
- વા – પવન, તરંગ, એક રોગ, વિચારનું મોજું, અથવા
- વાજ – વેગ, પીડા, સંગ્રામ, બળ, અન્ન, ઘી, કંટાળેલું, તોબા, હારેલું, યજ્ઞ, બાણનું પીંછું
- વાટ – રસ્તો, દિવેટ, પતીક્ષા, (પેંડા પર ચઢાવાતી) વાટ
- વાર – વખત, ફેરો, વિલંબ, એક માપ, અઠવાડિયાનો એક દિવસ
- વિગ્રહ – યુદ્ધ, શરીર, સમાસનાં પદ છૂટાં પાડવાં તે
- વિધિ – બ્રહ્મા, ભાગ્યદેવતા, નસીબ, શાસ્ત્રજ્ઞા, સંસ્કાર ક્રિયા
- વેન – વહેવું તે, (ડમણિયા જેવું) વાહન, લંગાર કે હાર, વભો, વેણ, હઠ, એક રાજા, મનુનો પૌત્ર
- શ્રી – આરંભનો મંગળ શબ્દ, શ્રીમાન-શ્રીમતી-શ્રીયુત વગેરેનો સંક્ષેપ, એક રાગ, શોભા, લક્ષ્મી, ત્રણ પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ)
- શ્રુતિ – સાંભળવું તે, કાન, કિંવદંતિ, વેદ, અવાજ, નાદનો એક ભેદ
- સુખી – સાહેલી, ઉદાર, દાની
- સર – સરોવર, માળા, સાહેબ, શેર, વડો, પત્તાની રમતમાં હુકમ, તાબે, મુદ્દલ અને મુદતનો ગુણાકાર
- સાખ – ઝાડ ઉપર પાકેલું ફળ, બારણું, આંગણું, (બારણાની)સાખ,
- સાન – ઈશારો, સમજણ, સ્વમાન, છટા, ગીરે મુકવું તે
- સારવું – વીંધ પાડવું, શ્રાદ્ધ કરવું, ખેરવવું, પરોવવું, આંજવું, સરકાવવું, શણગારવું, પાર પાડવું
- સારંગ – એક રાગ, હરણ, ધનુષ્ય, સિંહ, હાથી, હંસ, ચાતક મોર, કોકિલ, વીંછી, ભમરો, કમળ, શંખ, સારંગી, મેઘ, ચંદન, કૂપર, સોનું, રત્ન, પૃથ્વી, પ્રકાશ, રાત, વિવિધ રંગ, કામદેવ, વૃક્ષ, સાપ
- હરિ – વિષ્ણુ, કૃષ્ણ, ઘોડો, સિંહ, વાંદરો, ચન્દ્ર
- હીર – સત્વ, રેશમ, હિંમત, પ્રેમ, તેજ
- હાર – એક ઘરેણું, પરાજય, પંક્તિ, ફુલમાળ

# વિરામચિન્હો

- વિરામચિહ્નોએ વાચનલેખનનો પ્રાણ છે, તેના સિવાય ભાષા સમજવી અઘરી છે. જો વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ ન કરવામાં આવે તો અર્થનો અનર્થ થવાનો સંભવ છે. જેમકે,
- કાયદાનું પાલન કરવું નહીં, કરનારને સજા કરવામાં આવશે. અહીં અલ્પવિરામ ખોટી જગ્યાએ મુકાયું છે. -
- કાયદાનું પાલન કરવું, નહીં કરનારને સજા કરવામાં આવશે. - સાચું વાકય છે.

ભાષામાં વપરાતાં વિભિન્ન વિરામચિહ્નો નીચે પ્રમાણે છે.

**(1)** પૂર્ણવિરામ :- (.)

- વાક્યને અંતે પૂર્ણવિરામ મૂકય છે.

ગાંધીનગર ગુજરાતની રાજધાની છે.

- ક્રમસૂચક શબ્દો કે કક્કાવારીના શબ્દો કૌંસ વગર આવે ત્યારે

1. નદી 2. પર્વત 3. સમુદ્ર 4. જંગલ

ક. ગુજરાતી ખ. હીન્દી ગ. અંગ્રેજી ઘ. સંસ્કૃત

- સંક્ષિપ્ત રૂપોમાં

ચિ. (ચિરંજીવી), લિ. (લિખિતંગ)

તા. ક. (તાજા કલમ)

- જો કે પ્રચલિત બનેલાં ટૂંકા રૂપો જેવા કે સેમી (સેન્ટિમીટર) ચોમી (ચોરસ મીટર), કિમી (કિલોમીટર), ચોકિમી (ચોરસ કિલોમીટર) વગેરેમાં પૂર્ણકિરામનો ઉપયોગ થતો નથી.
- પ્રકરણ કે પુસ્તકના શીર્ષકમાં પૂર્ણવિરામનો ઉપયોગ થતો નથી.

સત્યના પ્રયોગો. (અશુદ્ધ) સત્યના પ્રયોગો (શુદ્ધ)

**2)** અલ્પવિરામ (,)

- જયાં થોડું અટકવાનું જરૂરી હોય ત્યાં અલ્પવિરામ આવે.

**(1)** જ્યારે એકીસાથે ઘણાં નામ, વિશેષણો કે ક્રિયાપદ આપેલ હોય ત્યારે છેલ્લા સિવાય દરેકની પછી અલ્પવિરામ આવે છે.

સિધીર, સુરેશ, સુકેત અને સુદર્શન બધા પાસ થયા.

રમવું, રડવું, કૂદવું અને અનુકરણ કરવું એ બાળકનો સ્વભાવ છે.

**(2)** સંબોધન પછી અલ્પવિરામ આવે,

માલતી, છાપું લાવ.

**(3)** પત્રલેખનમાં સંબોધા અને વિદાયવચન પછી અલ્પવિરામ આવે.

પૂજ્ય બાપુજી, આપનો સહૃદયી,

(4) કારણ કે, કેમ કે, ની પહેલાં અલ્પવિરામ આવે.

પાક સૂકાઈ રહ્યો છે, કારણ કે ખૂબ તાપ પડી રહ્યો છે.

5 અલબત્ત, ટૂંકમાં, જેમકે, એટલે કે શબ્દો પછી.

ટૂંકમાં, તમે પોલીસને જાણ કરી હતી.

(6) અવતરણચિહ્ન વાપરતાં પહેલાં અલ્પવિરામ આવે છે.

રાધાએ કહ્યું, "શ્યામ વિના હુ જીવી નહીં શકું"

(7) કેમ, જી, બેશક, હા, ના, વગેરે શબ્દો પછી અલ્પવિરામ આવે.

ના, હું ત્યાં નહીં આવું.

બેશક, અમારો ઉમેદવાર ચૂંટણી જરૂર જીતશે.

(8) આજ્ઞાર્થ પછી જો કોઈ ઉપવાક્ય આવતું હોય તો આજ્ઞાર્થ પછી અલ્પવિરામ આવે.

જુઓ, છોલરાઓ તોફાન કરે છે.

સાંભળો, કોઈક રડી રહ્યું છે.

(3)અર્ધવિરામ(;)

- અલ્પવિરામ કરતાં વધુ અને પૂર્ણવિરામ કરતાં ઓછું અટકવાનું થાય ત્યારે અર્ધવિરામ આવે છે. વાક્ય લાંબુ હોય ત્યારે તેમાં આવતાં સ્વતંત્ર ઉપવાક્યોને અંતે અર્ધવિરામ આવે છે.
- રાજાએ અપરાધીને એકરાર સાંભળ્યો; તેની વાણીમાં પશ્ચાતાપ જોયો અને રાજાએ તેને માફ કર્યો.

**(4)** ગુરુવિરામ (:)

**(1)** ગણતરી કરવા ગુરુવિરામ ચિહ્ન આવે છે.

પુરુષાર્ષ ચાર છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

**(2)** અવતરણ માતે ગુરુવિરામ ચિહ્ન આવે છે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

ગાંધીજીએ કહ્યું : "ખરાબ અક્ષરો અધૂરી કેળવણીની નિશાની છે"

**(3)** મુખ્ય અને ગૌણ શીર્ષક અલગ- કરવા માટે – ભારત : ભૂપૃષ્ઠ અને રાજકીય.

(5)પ્રશ્નચિહ્ન (?)

જયાં પ્રશ્ન પૂછવાનો હોય ત્યાં વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન આવે છે.
સાબરમતી ક્યાંથી નીકળે છે ?
મિશ્ર વાક્ય અને મુખ્યવાક્યમાં પ્રશ્ન હોય તોપણ પ્રશ્નચિહ્ન વાક્યને અંતે મૂકાય છે.
મને કંઈ ખબર હતી કે તમે અહીં જ હશો ?
સંયોજકથી જોડાયેલાં બે ઉપવાક્યોમાં પ્રશ્નનો ભાવ ન હોય તો પ્રશ્નચિહ્ન આવતું નથી.
તમે ત્યાં જઈને શું કરો છો એ મને ખબર છે.

(6)આશ્ચર્યચિહ્ન (!)

ક્રોધ, આશ્ચર્ય, ધિક્કાર, પ્રશંસા, દુ:ખ, આનંદ જેવી લાગણીઓ દર્શાવવા માટે આશ્ચર્યચિહ્ન આવે છે.
વાહ ! કેટલું સરસ !
ધન્ય છે તારી જનેતાને !

(7) અવતરણ ચિહ્ન

(અ) એકવડું અવતરણચિહ્ન (' ')

(બ) બેવડું અવતરણચિહ્ન (" ")

કોઈના બોલેલા શબ્દો દર્શાવવા અવતરણચિહ્ન વપરાય છે.
ગાંધીજીએ કહ્યું : "સત્યનો સદા જય થાય છે."

--- પુસ્તકનું પ્રકરણ, ગ્રંથનામ કે શબ્દ પર ભાર મૂકવા અવતરણચિહ્ન વપરાય છે.
'ગ્રામ્યમાતા' એક ખંડકાવ્ય છે.
--- એકવડું અવરતણચિહ્ન કે બેવડું અવતરણચિહ્ન વાપરવું તે સંબંધી કોઈ ચોક્કસ નિયમો નથી. પરંતુ બધી જગ્યાએ કાંતો એકવડું અથવા બેવડું અવતરણચિહ્નનો ઉપયોગ કરવો જોઈએ.

(8) લઘુરેખા (-)

સામાસિક શબ્દોમાં જયાં ઘટકો અલગ કરવાની જરૂર હોય ત્યાં લઘુરેખા આવે છે. જેમ કે, રાજા-પ્રધાન, ઊંચ-નીચ

(9) ગુરુરેખા (--)

વાક્યમાં સ્પષ્ટતા કે ઉમેરણ કરવા ગુરુરેખા આવે છે.
રાકેશભાઈ – આપણા ગણિતશિક્ષક – આજે આવવાના નથી.

(10) લોપચિહ્ન ( ' )

લોપચિહ્ન અલ્પવિરામ જેવું છે. અલ્પવિરામ શબ્દ પછી નીચેના ભાગમાં લખાય છે; લોકચિહ્ન શબ્દ કે આંકડાની પહેલાં ઉપરના ભાગમાં લખાય છે. શબ્દમાં કોઈ અક્ષરનો લોપ થયો હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે. જેમ કે, સુભાષ ધ્યાનથી ભણતો ન'તો, (ન'તો = ન હતો)

(11) કાકપદચિહ્ન ( ^ )

લેખનમાં રહી ગયેલું ઉમેરવા કાકપદચિહ્ન વપરાય છે. આને કાકપદ ઘોડી પણ કહે છે.
પ્રેમમાં અને યુદ્ધમાં ^ બધુંય ચાલે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# વાક્યના પ્રકારો

વાક્ય એટલે શું?

➢ એક કે વધારે પદો મળીને અર્થ સ્પષ્ટ કરે તેવા સમૂહને આપણે વાક્ય કહીએ છીએ. વાક્યની રચના કરતી વખતે આપણે વાક્યમાંના પદોને ચોક્કસ ક્રમમાં ગોઠવીએ છીએ.

❖ સાદું વાક્ય

➢ જે વાક્યમાં એક જ ક્રિયાપદ હોય છે એટલે કે જે વાક્ય એક ઉદ્દેશ્ય અને એક વિધેય ખંડનું બન્યું હોય તેને સાદું વાક્ય કહેવાય છે.સાદું વાક્ય એકજ હોય છે અને સ્વતંત્ર હોય છે.

- તમારી જવાબદારી મારા પર નહીં.
- રમેશનું ભણતર સારું.
- નારાયણ હંમેશ સારા કામમાં નિમગ્ન રહે છે.
- વિદ્વાનો સાથે વાતચીતથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

❖ મિશ્ર વાક્ય

➢ જે વાક્યમાં ઓછામાં ઓછા બે સ્વતંત્ર વાક્ય હોય અને એ કોઈ સંયોજકથી જોડાયા હોય તેને મિશ્રવાક્ય કહેવાય છે.

- મનુષ્ય ધારે છે કાંઈ અને થાય છે કાંઈ.
- એ છોકરો બાળપોથી વાંચી શકે છે પણ અક્ષરો બરાબર લખી શકતો નથી.
- એ આવ્યો ખરો/પણ/એણે ગાયું નહીં.
- તમે મોટા/કે/એ મોટો ?
- ક્યાં રાજા ભોજ/ને/ક્યાં ગાંગો તૈલી

❖ સંકુલ વાક્ય

➢ સંકુલ વાક્ય એક મુખ્ય વાક્ય અને એના ઉપર અવલંબિત – એનાં વિશેષણ, ક્રિયાવિશેષણ વગેરે રૂપે કાર્ય કરતાં- બીજા વાક્યોથી જોડાયેલું હોય છે.એમાં એક મુખ્ય વાક્ય હોય છે અને એક વધારે ગૌણ વાક્યો હોય છે.

- તમે ખાતા હશો તે હું ખાઈશ.
- જ્યારે કામ પડશે ત્યારે બોલાવી લઈશ.

❖ વિધાન વાક્ય

➢ વાક્યમાં જે હકીકતનું સીધું કથન કરવામાં આવેછે એટલે કે નિવદન હોય છે ત્યારે તે વાક્ય પ્રકારને વિધાનવાક્ય પ્રકાર કહેવામાં આવે છે.

- દા. ત. તે પુસ્તક વાંચે છે.

❖ પ્રશ્નવાક્ય

➢ વાક્યમાં જ્યારે જે હકીકત રજૂ કરવાની હોય તેના વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હોય ત્યારે તે 'પ્રશ્નવાક્ય' બને છે. જેમ કે.

- શું તે પુસ્તક વાંચે છે?

❖ આજ્ઞાર્થવાક્ય

➢ વાક્યમાં જે હકીકત રજૂ કરવાની હોય તે ભારપૂર્વક – આજ્ઞારૂપેરજૂ થાય ત્યારે તે 'આજ્ઞાર્થવાક્ય' બને છે જેમ કે.

- તું આ પુસ્તક વાંચ.

❖ ઉદગારવાક્ય

➢ જે વાજ્યમાં હકીકત વિશે અચરજ કે આશ્ચર્ય અથવા નવાઈ જેવી લાગણીઓ કે પછી શોક. વિષાદ કે હર્ષ-ઉલ્લાસની લાગણીઓ પ્રગટ થાય ત્યારે તે વાક્ય 'ઉદગારવાક્ય' બને છે. જેમ કે.

- વાહ ! તે પુસ્તક વાંચે છે !

❖ વિધિવાક્ય

➢ જે વાક્યમાં હકારનો ભાવ હોય તે વિધિવાક્ય છે જેમ કે.

- આ પુસ્તક હું મોકલવા ઈચ્છું છું.
- તેને ઉદ્યાનમાં લઈ જજો.

❖ નિષેધવાક્ય

➢ વિધિવાક્યમાંથી નિષેધવાક્ય 'ન', 'નહીં' અથવા 'મા' જેવા નકારવાચક ઉમેરીને કરી શકાય છે. નકારવાચક વાક્યમાં નિષેધ-નકારનો ભાવ હોય છે. એમાં 'ન + અથી' નું 'નથી' અને 'ન + હતો'નું નહોતો' થાય છે. જેમ કે.

- આ પુસ્તકોને હું મોકલવા ઈચ્છતો નથી.
- તેને ઉદ્યાનમાં ન લઈ જતાં

❖ ક્રિયાપદ વગરનું વાક્ય

➢ ક્રિયાપદ વગરના વાક્યોમાં ક્રિયાપદની ગેરહાજરી હોવા છતાં તે સંપૂર્ણ અર્થ તો આપે જ છે એટલે એ વાક્ય જ છે પણ એમાં ક્રિયાપદનો ઉપયોગ જોવા મળતો નથી. જેમ કે.

- તમારા પિતા ક્યાં ?
- તમારી જવાબદારી ઉપર નહીં.
- હે ઈશ્વર !

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

❖ સાદી વાક્યરચના

➢ જ્યારે વાક્યમાં ક્રિયાપદનો કર્તા પોતે જ ક્રિયાનું કર્તૃત્વ સંભાળે છે ત્યારે સાદી વાક્યરચના બને છે.

- સુરેશ રમે છે.
- મુકેશ વાંચે છે.
- કાનન દૂધ પીએ છે.

❖ કર્તરિ વાક્યરચના

➢ જે વાક્યમાં કર્તાની મુખ્યતા એટલે કે પ્રધાનતા હોય તે વાક્યને કર્તરિ વાક્યરચના કહેવામાં આવે છે. કર્તરિ વાક્યમાં કેટલાંક ક્રિયાપદો કર્તાને અનુસરે છે કેટલાક કર્મને અનુસરે છે અને આધારે બે પ્રકારની કર્તરિ વાક્યરચનાઓ મળે છે. 1. કર્તાલક્ષી કર્તરિ વાક્યરચના 2. કર્મલક્ષી કર્તરિ વાક્યરચના.

કર્તાલક્ષી કર્તરિઓ વાક્યરચના = કર્મલક્ષી કર્તરિ વાક્યરચના

- હું તને પુસ્તક આપુ છું . = મેં તને પુસ્તક આપ્યું.
- તું મને પુસ્તક આપે છે. = તેં મને પુસ્તક આપ્યું.

❖ કર્મણિ વાક્યરચના

➢ જે વાક્યમાં કર્મની પ્રધાનતા હોય એટલે કે કર્મ કર્તાને સ્થાને હોય ત્યારે કર્મણિ વાક્યરચના બને છે. જેમ કે.

કર્તરિ વાક્ય = કર્મણિ વાક્ય

- હું કવિતા ગાઉં છું. = મારાથી કવિતા ગવાય છે.
- મેં નીલાને વાત કહી. = મારાથી નીલાને વાત કહેવાઈ.
- તું તારી ફરજ બજાવતો નથી. = તારાથી તારી ફરજ બજાવાતી નથી.

❖ ભાવે વાક્યરચના

➢ જ્યારે વાક્યમાં કર્મ ન હોય અને એને કારણે ક્રિયાભાવની મુખ્યતા પ્રગટ થતી હોય અને કર્તા ગૌણ હોય અથવા હોય જ નહીં ત્યારે ભાવે વાક્યરચના થતી હોય છે. જેમ કે.

- મીનાક્ષીથી હવે દોડાશે.
- તારાથી હસાયું.

મારાથી જવાશે નહીં.

❖ પ્રેરક વાક્યરચના

➢ જ્યારે વાક્યમાં ક્રિયાપદનો કર્તા બીજાની પ્રેરણાથી ક્રિયા કરે ત્યારે પ્રેરક વાક્યરચના અસ્તિત્વમાં આવે છે જેમ કે.

- માતા કાનનને દૂધ પાય છે.
- પિતા સુરેશને રમાડે છે.
- શિક્ષક મુકેશને વંચાવે છે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# પરીક્ષામાં પુછાયેલા વ્યાકરણના પ્રશ્નો

## શબ્દસમૂહ

| | | | |
|---|---|---|---|
| 1. | 'બીજાના ઉપકાર સામે અપકાર કરનારું' શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો છે ? | | |
| (A)સહાયકારી | (B)પરગજુ | (C)નમકહલાલ | (D)**નમકહરામ** |
| 2. | જેની પત્ની મૃત્યુ પામી હોય તેવો પુરુષ – શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો. | | |
| (A)**વિધુર** | (B)ગંગાસ્વરૂપ | (C)વિધવા | (D)બીજવર |
| 3. | સાચવી રાખવા સોંપેલી વસ્તુ – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)ઈનામ | (B)**થાપણ** | (C)અમાનત | (D)ભેટ |
| 4. | જેને કોઈ શત્રુ નથી તે – શબ્દસમૂહ માટે એક શબ્દ કયો છે ? | | |
| (A)અશત્રુ | (B)શત્રુહિન | (C)**અજાતશત્રુ** | (D)અરિ |
| 5. | પગથી માંડીને માથા સુધી – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)પગરજ | (B)***નખશિખ*** | (C)સઘળું | (D)આમાંથી એક પણ નહીં |
| 6. | જે માંથી વસ્તુ ખૂટે નહીં તેવું પાત્ર – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)કોઠાર | (B)ભંડાર | (C)પારસમણી | (D)**અક્ષયપાત્ર** |
| 7. | રણમાં આવેલો લીલોતરીવાળો પ્રદેશ – શબ્દસમૂહ માટે એક શબ્દ કયો છે ? | | |
| (A)**રણદ્વિપ** | (B)દ્વિપકલ્પ | (C)મરુભૂમિ | (D)સંયોગીભૂમિ |
| 8. | ઉપકાર ઉપર ઉપકાર કરનાર – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)કૃતઘ્ની | (B)**કૃતદન્તની** | (C)નમકહલાલ | (D)કૃતકૃત્ય |
| 9. | હાથીના માથા પર બે બાજુ ઉપસી આવેલા ભાગ – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)ધ્રુવસ્થળ | (B)ગજરાજસ્થળ | (C)**કુંભસ્થળ** | (D)મર્મસ્થળ |
| 10. | બદલાની આશા વિનાનું – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)સજાપન | (B)અભિજાત | (C)ઈન્સાફ | (D)***નિર્વ્યાજ*** |
| 11. | પાણી સુગંધિત બનાવનાર એક વનસ્પતિ – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)**વાળો** | (B)ચૂઆ | (C)લીલ | (D)અત્તર |
| 12. | કોઈની સાથે સરખાવી શકાય નહિં તેવું – શબ્દસમૂહ આપો. | | |
| (A)અલૌકિક | (B)અસંખ્ય | (C)**અનુપમ** | (D)અભિન્ન |
| 13. | અમુક વિષયના નિષ્ણાંત વિદ્વાન – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)પંડિત | (B)સાક્ષર | (C)આચાર્ય | (D)**તજજ્ઞ** |
| 14. | જેનો પતિ મૃત્યુ પામ્યો હોય તેવી સ્ત્રી – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)સતી | (B)નવોઢા | (C)**વિધવા** | (D)સધવા |
| 15. | તર્ક દ્વારા કોઈ વાતનો નિર્ણય કરવો તે – શબ્દસમૂહ આપો. | | |
| (A)પંડિતાઈ | (B)જિજ્ઞાસા | (C)સંકલ્પ | (D)**અનુમાન** |
| 16. | પોતાના વખાણ પોતે જ કરવા – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)આત્મવંચન | (B)આત્માનીસ્લાધા | (C)**આત્મશ્લાધા** | (D)આત્મારામ |
| 17. | દિશાઓમાં રક્ષણ કરતા કલ્પિત હાથીઓ – શબ્દસમૂહ આપો. | | |
| (A)દિગ્વિજય | (B)**ઐરાવત** | (C)અરવત | (D)દિકપાલ |
| 18. | રણમાં દેખાતું આભાષી જળ – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |

| | | | |
|---|---|---|---|
| (A)**મૃગજળ** | (B)વારિ | (C)મધુજળ | (D)અમૃત |
| 19. | જન્મ અને મૃત્યુમાંથી કાયમી છૂટકારો – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)સ્વર્ગીય | (B)સ્વર્ગવાસ | (C)***મોક્ષ*** | (D)મૃત્યુ |
| 20. | પ્રણયજનોની નજરોનું મિલન – શબ્દસમૂહ આપો. | | |
| (A)*તારામૈત્રક* | (B)પ્રિતી | (C)પ્રથમપ્રેમ | (D)આમાંથી એકપણ નહીં |
| 21. | પ્રથમવાર પરણવા જનાર પિરૂષ – શબ્દસમૂહ આપો. | | |
| (A)વરરાજા | (B)***પંથવર*** | (C)લાડો | (D)વહુનો વર |
| 22. | સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં આવતા નાણાં – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. | | |
| (A)*તગાવી* | (B)અમાનત | (C)ધીરાણ | (D)એકેય નહીં |
| | જોડણી | | |
| 23. | આપેલ શબ્દોમાંથી સાચિ જોડણીવાળો શબ્દ શોધો. | | |
| (A)**મિજબાની** | (B)મીજબાની | (C)મિજબાનિ | (D)મીજબાનિ |
| 24. | નીચેનામાંથી સાચી જોડણી કઈ છે ? | | |
| (A)નીવૈર્યક્તિકતા | (B)નિર્વૈયક્તિકતા | (C)નિર્વૈયકતીકતા | (D)*નિર્વૈયકિતકતા* |
| 25. | નીચેના પૈકી કઈ જોડણી સાચી છે. | | |
| (A)*નિરીક્ષક* | (B)નીરીક્ષક | (C)નીરિક્ષક | (D)નિરિક્ષક |
| 26. | નીચેના પૈકી કઈ જોડણી સાચી છે. | | |
| (A)ઊજળિયાત | (B)ઊજળીયાત | (C)**ઉજળિયાત** | (D)ઉજળીયાત |
| 27. | નીચેનામાંથી સાચી જોડણીવાળો વિકલ્પ પસંદ કરો. | | |
| (A)કિડિયારું | (B)**કીડિયારું** | (C)કોડીયારું | (D)કીડીઆરું |
| 28. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે. | | |
| (A)**સહાનુભૂતિ** | (B)સહાનુભુતી | (C)સહાનૂભુતિ | (D)સહાનુભૂતી |
| 29. | નીચીનામાંથી સાચી જોડણી કઈ છે ? | | |
| (A)કારીગિરી | (B)કારિગિરિ | (C)કારિગરી | (D)**કારીગીરી** |
| 30. | નીચેના શબ્દોમાંથી સાચી જોડણી અલગ પાડો. | | |
| (A)નિરૂપયોગી | (B)નિરુપયોગિ | (C)**નિરુપયોગી** | (D)નીરુપયોગી |
| 31. | ખોટી જોડણીવાળો શબ્દ અલગ તારવો. | | |
| (A)ભૂમિકા | (B)કાકલૂદી | (C)**વીચીત્ર** | (D)નિવૃત્ત |
| 32. | નીચેનામાંથી સાચી જોડણી કઈ છે ? | | |
| (A)**વિદ્યાર્થિની** | (B)વીદ્યાર્થીની | (C)વિદ્યાથીનિ | (D)વિદ્યાર્થીની |
| 33. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? | | |
| (A)પરીસ્થીતી | (B)**પરિસ્થિતિ** | (C)પરીસ્થિતી | (D)પરીસ્થિતિ |
| 34. | નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ? | | |
| (A)મિલ્કત | (B)**મિલકત** | (C)મીલ્કત | (D)મીલકત |
| 35. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? | | |
| (A)**પૌરાણિક** | (B)પવરાણિક | (C)પોઉરાણીક | (D)પૌરાણીક |
| 36. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે. ? | | |
| (A)દિનપ્રતીદિન | (B)**દિનપ્રતિદિન** | (C)દીનપ્રતિદિન | (D)દિનપ્રતિદીન |
| 37. | નીચેનામાંથી સાચી જોડણી શોધો. | | |

| | | | |
|---|---|---|---|
| (A)**પરિસ્થિતિ** | (B)પરીસ્થીતી | (C)પરીસ્થિતિ | (D)પરિસ્થીતી |
| 38. | નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ? | | |
| (A)યુનિવર્સીટી | (B)યુનિવર્સીટિ | (C)યુનીવર્સિટી | (D)**યુનિવર્સિટી** |
| 39. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? | | |
| (A)**અતિશયોક્તિ** | (B)અતિસયોકતી | (C)અતિસયુકતી | (D)અતીશયોકિતી |
| 40. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? | | |
| (A)**વિજાતીય** | (B)વીજાતિય | (C)વિજાતિય | (D)વિજાતિય |
| 41. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે. | | |
| (A)વાકુચુકૂ | (B)**વાંકુંચૂકું** | (C)વાકૂચુકુ | (D)વાંકૂચુકૂં |
| 42. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે. | | |
| (A)**વાલ્મીકિ** | (B)વાલ્મીકી | (C)વાલ્મિકી | (D)વાલ્મિકિ |
| 43. | નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? | | |
| (A)કવયત્રિ | (B)કવયીત્રી | (C)**કવયિત્રી** | (D)કવયીત્રિ |
| 44. | નીચેનામાંથી ખોટી જોડણી શોધો. | | |
| (A)કીર્તિ | (B)**સમિતી** | (C)પરિસ્થિતિ | (D)સીમિત |
| 45. | નીચેના પૈકી સાચી જોડણીવાળો શબ્દ કયો છે ? | | |
| (A)દીલગિરિ | (B)દીલગીરી | (C)દિલગિરી | (D)**દિલગીરી** |
| | ::-છંદ::- | | |
| 46. | ‘પિતામાતા બંધુ અનુપમ સખા હિતકરણા’ કયો છંદ બને છે ? | | |
| (A)અનુષ્ટુપ | (B)પૃથ્વી | (C)**શિખરિણી** | (D)મંદાક્રાન્તા |
| 47. | નીચેનામાંથી ‘શાર્દૂલ વિક્રીડિત’ છંદનું બંધારણ કયું છે ? | | |
| (A)મરભનયયય | (B)જસજસયલગા | (C)મભનતતગા | (D)**મસજસતતગા** |
| 48. | ‘હું તને પ્રેમ કરતો રહ્યો, હે ધરા !’ રોજ બોલાવતું રહી ગયું આ ગગન, પંક્તિ કયા છંદની છે ? | | |
| (A)હરિગીત | (B)મનહર | (C)**ઝૂલણા** | (D)સવૈયા |
| 49. | ‘અસત્યો માંહેથી પ્રભુ ! પરમ તેજે તુ લઈ જા’ પંક્તિનો છંદ ઓળખાવો. | | |
| (A)મંદક્રાન્તા | (B)અનુષ્ટુપ | (C)પૃથ્વી | (D)**શિખરિણી** |
| 50. | સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ, અન્યનું તોએક વાંકું, આપના અઢાર છે, પંક્તિનો કયો છે ? | | |
| (A)**મનહર** | (B)શિખરિણી | (C)અનુષ્ટુપ | (D)દોહરો |
| 51. | કદી મારી પાસે વન વન તણાં હોત કુસુમો, પંક્તિનો છંદ દર્શાવો. | | |
| (A)ચોપાઈ | (B)સવૈયા | (C)મનહર | (D)**શિખરિણી** |
| 52. | આપેલ પંક્તિનો છંદ ઓળખાવો. ‘અસત્યો માંહેથી પ્રભુ ! પરમ તેજે તું લઈજા’ | | |
| (A)**શિખરિણી** | (B)વસંતતિલકા | (C)પૃથ્વી | (D)મંદાક્રાન્તા |
| 53. | કરતાં જાળ કરોળિયો, ભોયં પડી ગભરાય, વણ તૂટેલે તાંતણે ઉપર ચઢવા જાય, આ પંક્તિ કયા છંદની છે ? | | |
| (A)શિખરિણી | (B)**દોહરો** | (C)હરિગીત | (D)મનહર |
| 54. | તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો, આ પંક્તિના છંદ કયો છે ? | | |
| (A)અનુષ્ટુપ | (B)હરિગીત | (C)**મંદાક્રાન્તા** | (D)શિખરિણી |
| 55. | ‘કહે દલપતરામ રાજ અધિતાજ સુણો, રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું’ પંક્તિનો છંદ કયો છે ? | | |
| (A)શિખરિણી | (B)હરિગીત | (C)**મનહર** | (D)પૃથ્વી |
| 56. | ‘સૂકાં પર્ણો વન ગજવતાં શાંત લીલા સદાયે’ પંક્તિનો છંદ ઓળખાવો. | | |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | | |
|---|---|---|---|
| (A)હરિણી | (B)**મંદાક્રાન્તા** | (C)શિખરિણી | (D)પૃથ્વી |
| ::- સમાસ -:: | | | |
| 57. | ‘નંદકુંવર’ શબ્દનો સમાસ કયો બને ? | | |
| (A)મધ્યમપદલોપી | (B)દ્વન્દ્વ | (C)**તત્પુરુષ** | (D)કર્મધારય |
| 58. | ‘જશોદા’ શબ્દનો સમાસ ઓળખાવો. | | |
| (A)કર્મધારય | (B)**ઉપપદ** | (C)દ્વન્દ્વ | (D)બહુવ્રિહી |
| 59. | ‘લાભાલાભ’ કયો સમાસ બને ? | | |
| (A)**દ્વન્દ્વ** | (B)દ્વિગુ | (C)તત્પુરુષ | (D)ઉપપદ |
| 60. | ‘બાહુબળ’ કયો સમાસ બને ? | | |
| (A)**તત્પુરુષ** | (B)ઉપપદ | (C)મધ્યમપદલોપી | (D)દ્વિગુ |
| 61. | ‘ગિરિધર’ શબ્દનો સમાસ ઓળખાવો. | | |
| (A)મધ્યમપદલોપી | (B)કર્મધારય | (C)**ઉપપદ** | (D)દ્વન્દ્વ |
| 62. | ‘ઘોડાગાડી’ શબ્દનો કયો સમાસ બને છે ? | | |
| (A)કર્મધારય | (B)**મધ્યમપદલોપી** | (C)તત્પુરુષ | (D)બહુવ્રિહી |
| 63. | ‘વીણાપાણિ’ શબ્દનો સમાસ દર્શાવો. | | |
| (A)મધ્યમપદલોપી | (B)કર્મધારય | (C)દ્વિગુ | (D)**બહુવ્રિહી** |
| 64. | સમાસ ઓળખાવો : આગગાડી | | |
| (A)દ્વન્દ્વ | (B)કર્મધારય | (C)**મધ્યમપદલોપી** | (D)ઉપપદ |
| 65. | નીચેનામાંથી કયું ઉદાહરણ દ્વિગુ સમાસનું નથી ? | | |
| (A)**ત્રણચાર** | (B)ષડરસ | (C)પંચપાત્ર | (D)ત્રિભુવન |
| 66. | ‘ગિરિધર’ શબ્દનો સમાસ ઓળખાવો. | | |
| (A)કર્મધારય | (B)**ઉપપદ** | (C)તત્પુરુષ | (D)દ્વન્દ્વ |
| 67. | ‘રાત-દિવસ’ શબ્દનો સમાસ ઓળખાવો. | | |
| (A)કર્મધારય | (B)ઉપપદ | (C)દ્વિગુ | (D)**દ્વન્દ્વ** |
| 68. | ‘જીવન સુંદરી’ શબ્દનો સમાસ દર્શાવો. | | |
| (A)બહુવ્રિહી | (B)તત્પુરુષ | (C)**કર્મધારય** | (D)દ્વન્દ્વ |
| 69. | નીચેનામાંથી ‘નિર્ભય’ શબ્દનો સમાસ ઓળખાવો. | | |
| (A)કર્મધારય | (B)**બહુવ્રિહી** | (C)દ્વન્દ્વ | (D)દ્વિગુ |
| ::- અલંકાર -:: | | | |
| 70. | ‘હાથી જાણે રમતો હોય તેમ સૂંઢ હલાવે છે’ અલંકાર ઓળખાવો. | | |
| (A)રૂપક | (B)ઉપમા | (C)**ઉત્પ્રેક્ષા** | (D)સજીવારોપણ |
| 71. | ‘પાણી માટે પ્રવિણ પાણિયારા પાસે પહોંચ્યો’ કયો અલંકાર બને ? | | |
| (A)**વર્ણાનુપ્રાસ** | (B)ઉપમા | (C)વ્યાજસ્તુતિ | (D)રૂપક |
| 72. | ‘મા તે મા’ કયો અલંકાર છે ? | | |
| (A)રૂપક | (B)**અનન્વય** | (C)ઉપમા | (D)અર્થાન્તરન્યાસ |
| 73. | ‘હસ્તકમળથી કાજળ હાર્યું, જળમં કીધું ઘર, ઉદય દેખી દમયંતીનું સુકાયું સરવર’ પંક્તિનો અલંકાર ઓળખાવો. | | |
| (A)સ્વભાવોક્તિ | (B)**વ્યતિરેક** | (C)વ્યાજસ્તુતિ | (D)ઉત્પ્રેક્ષા |
| 74. | મુસાફરો, અસંખ્ય આ મુસાફરો, શું ટ્રેનને ચડ્યો ન હોય આદરો ! પંક્તિનો અલંકાર ઓળખાવો. | | |
| (A)વ્યતિરેક | (B)**ઉત્પ્રેક્ષા** | (C)રૂપક | (D)ઉપમા |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | | |
|---|---|---|---|
| 75. ‘આખરે દરિયો તે દરિયો જ’ અલંકાર ઓળખાવો. | | | |
| (A)રૂપક | (B)ઉપમા | (C)ઉત્પ્રેક્ષા | (D)**અનન્વય** |
| 76. નીચેનામાંથી કયું વર્ણાનુપ્રાસ અલંકારનું ઉદાહરણ છે ? | | | |
| **(A)લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો !** | (B)ધન્ય છે તમારી બહાદૂરીને ! ઊંદર જોઈને નાઠા ! | (C)મુગ્ધ કન્યા જેવી નદી સૂર્યપ્રકાશમાં સ્નાન કરતી હતી | (D)વ્રજઘાત થયો હોય એમ અમરતકાકી ફસડાઈ પડ્યાં |
| 77. ‘રૂપે અરુણ ઉદય સરખો’ કયો અલંકાર છે ? | | | |
| (A)ઉત્પ્રેક્ષા | (B)શબ્દાનુપ્રાસ | **(C)ઉપમા** | (D)રૂપક |
| 78. અકળાઈ પડ્યો અવનિ વિશે, જાણે ભંગ્યો ચંપાનો છોડ, કયો અલંકાર છે ? | | | |
| (A)વર્ણાનુપ્રાસ | (B)રૂપક | (C)**ઉત્પ્રેક્ષા** | (D)ઉપમા |
| 79. નીચેનામાંથી ઉપમા અલંકાર શોધો. | | | |
| (A)શેઠની મોટી હવેલી ગામનું નાક કહેવાય | (B)**કાળજે ઊંડા કળણ છે, છદ્ જેવી જિંદગી** | (C)હૈયું જાણે હિમાલય | (D)મેર રે ડગે ને જેના મન ના ડગે |
| 80. નીચેનામાંથી કઈ પંક્તિ ઉપમા અલંકારની છે ? | | | |
| (A)આ ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી | **(B)દીકરાઓ પાણીની પેઠે પૈસા વાપરે છે** | (C)દાદાજી એટલે દાદાજી | (D)બગલું જાણી પાણી પર ઝબક્યું છે |
| 81. કામિની કોકિલા કેલિ કૂંજન કરે – પંક્તિ કયા અલંકારની છે ? | | | |
| (A)સજીવારોપણ | (B)અનન્વય | (C)રૂપક | (D)**વર્ણસગાઈ** |
| 82. ‘કંપ્યુ જળનું રેશમપોત; કિરણ તો ઝૂક્યું થઈ ક્યોત’ પંક્તિનો અલંકાર ઓળખાવો. | | | |
| (A)શબ્દાનુપ્રાસ | (B)**સજીવારોપણ** | (C)વર્ણસગાઈ | (D)અંત્યાનુંપ્રાસ |
| ::- કહેવત – રૂઢીપ્રયોગ -:: | | | |
| 83. નીચેનામાંથી કહેવતનો સાચો અર્થ શોધો. ‘દુષ્કાળમાં અધિક માસ’ | | | |
| **(A)મુશ્કેલીમાં વધારો થવો** | (B)વધારે દુઃખ હોવું | (C)દુષ્કાળ વારંવાર પડવો | (D)આમાંથી એકપણ નહીં |
| 84. ‘ધરમ કરતા ધાડ પડવી’ કહેવતનો સાચો અર્થ કયો બને ? | | | |
| (A)પુણ્ય કરતા નુકસાન થવું | (B)ધરમ કરતાં ચોરી થવી | (C)ધર્મસ્થળે લૂટફાટ થવી | (D)**બીજાનું સારું ઈચ્છવામાં ખુદને નુકસાન થવું** |
| 85. ‘સૂંઠને ગાંગડે ગાંધી’ કહેવતનો અર્થ શોધો. | | | |
| (A)સૂંઠના વહેપારી બનવું | (B)**અલ્પ પ્રયત્નથી મોટી સિદ્ધિ પ્રાપ્ત ન થાય** | (C)સૂંઠ વેચી સુખ આવવું | (D)આમાંથી એકપણ નહીં |
| 86. નીચેના પૈકી કઈ કહેવતો વિરોધી અર્થ દર્શાવતી નથી ? | | | |
| (A)નમ્યું તે ભગવાનને ગમ્યું – નીચી બોરડી સૌ કોઈ ઝૂડે | (B)બળિયાના બે ભાગ – બુદ્ધિ આગળ બળ પાણી ભરે | (C)આપ ભલા તો જગ ભલા – ભલાઈ કરતાં ભૂત વળગે | (D)**ઝાઝા હાથ રળિયામણાં – બે હાથ વગર તાળી ન પડે** |
| 87. જીવમાં જીવ આવવો કહેવતનો સાચો અર્થ કયો બને છે ? | | | |
| (A)ઉત્સાહમાં વધારો થવો | **(B)શાંતિ થવી** | (C)મરેલું સજીવન થવું | (D)આશ્ચર્યનો અનુભવ થવો |
| 88. નીચેનામાંથી કઈ કહેવત અલગ પડે છે ? | | | |
| (A)કક્કો ખરો કરવો | (B)એકના બે ન થવું | (C)વાતને વળગી રહેવું | (D)**એક કાન થઈ જવું** |
| ::- સમાનાર્થી -:: | | | |
| 89. નીચેના વિકલ્પોમાંથી ‘રજની’ શબ્દનો સમાનાર્થી શોધો. | | | |
| (A)ચંદ્રિકા | (B)ઉષા | (C)**શર્વરી** | (D)રવિ |
| 90. નીચેના વિકલ્પોમાંથી ‘સુધાકર’ શબ્દનો સમાનાર્થી શોધો. | | | |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | | |
|---|---|---|---|
| (A)આકાશ | (B)સૂર્ય | (C)યામિની | (D)**શશી** |
| 91. | નીચેનામાંથી કયો સમાનાર્થી નથી ? | | |
| (A)સોનું | (B)કંચન | (C)**કથીર** | (D)સુવર્ણ |
| 92. | આમાંથી 'શિવ' નો સમાનાર્થી કયો નથી ? | | |
| (A)શંકર | (B)ધૂર્જટિ | (C)**નારાયણ** | (D)મહાદેવ |
| 93. | નીચેના શબ્દનો સાચો પર્યાયવાચી શબ્દ કયો છે ? | | |
| (A)**ફૂલ** | (B)પ્રસન્ન | (C)સૂમસામ | (D)પ્રકાશ |
| 94. | નીચેના પૈકી કયો શબ્દ 'પાણી' નો પર્યાય નથી ? | | |
| (A)સલિલ | (B)ઉદક | (C)**સરસી** | (D)અંબુ |
| 95. | નીચેનામાંથી 'અવનિ' શબ્દના સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)સુધા | (B)યામિની | (C)**વસુંધરા** | (D)શર્વરી |
| 96. | 'ઘોડા'નો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)વિહંગ | (B)**તુરંગ** | (C)ચતુર | (D)ગજ |
| 97. | નીચેના વિકલ્પોમાંથી 'આળસુ' શબ્દનો સમાનાર્થી શોધો. | | |
| (A)માણસ | (B)અળસિયું | (C)કેદી | (D)**એદી** |
| 98. | 'કુલ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)તટ | (B)કિનારો | (C)**એકંદર** | (D)વધઘટ |
| 99. | નીચેના વિકલ્પોમાંથી 'શર્દૂલ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો. | | |
| (A)શાહમૃગ | (B)**વાઘ** | (C)શિયાળ | (D)સિંહ |
| 100. | 'આમ્ર' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો. | | |
| (A)આંબલી | (B)કેરી | (C)**આંબો** | (D)મંજરી |
| 101. | 'પ્રકાશ' શબ્દ માટે કયો શબ્દ સમાનાર્થી નથી ? | | |
| (A)તેજ | (B)ધુતિ | (C)**અંધકાર** | (D)અજવાળું |
| 102. | 'મુસાફરી' શબ્દનો સમાનાર્થી શોધો. | | |
| (A)**મજલ** | (B)ગંજાવર | (C)ઉપજ | (D)અલ્પ |
| 103. | 'કૃપલ' શબ્દનો સમાનાર્થી શોધો. | | |
| (A)**કંજૂસ** | (B)ઉડાઉ | (C)લોભી | (D)ઉદાર |
| 104. | નીચેના શબ્દોમાંથી અર્થની રીતે કયો શબ્દ જુદો પડે છે ? | | |
| (A)અગ્નિ | (B)**અનિલ** | (C)પાવક | (D)હુતાશન |
| 105. | નીચેના શબ્દોમાંથી કયો શબ્દ અલગ પડે છે ? | | |
| (A)સાવજ | (B)શાર્દૂલ | (C)**ગજરાજ** | (D)કેસરી |
| 106. | નીચેના શબ્દોમાંથી કયો સમાનાર્થી શબ્દ નથી ? | | |
| (A)આદિત્ય | (B)**સોમ** | (C)દિવાકર | (D)રવિ |
| 107. | નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી ? | | |
| (A)રમખાણ | (B)હુલ્લડ | (C)ઝઘડો | (D)**બળવો** |
| 108. | નીચેનામાંથી કયો શબ્દ બંધબેસતો નથી ? | | |
| (A)સવિતા | (B)ભાસ્કર | (C)**શશાંક** | (D)દિનકર |
| 109. | નીચેનામાંથી 'આખં' નો સમાનાર્થી શબ્દ કયો નથી ? | | |
| (A)નયન | (B)**ભાલ** | (C)ચક્ષુ | (D)લોચન |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | | |
|---|---|---|---|
| 110. | ‘સુધાકર’ શબ્દનો પર્યાય શબ્દ આપો. | | |
| (A)સૂર્ય | (B)રવિ | (C)**<u>ચંદ્ર</u>** | (D)મિહિર |
| 111. | ‘સમીર’નો સમાનાર્થી શબ્દ કયો નથી ? | | |
| (A)વાયરો | (B)હવા | (C)**<u>વાવાઝોડું</u>** | (D)પવન |
| 112. | ‘શર’ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)માથું | (B)**<u>બાણ</u>** | (C)શૂરાતન | (D)સરોવર |
| 113. | ‘અંબર’ નો સમાનાર્થી શબ્દ શું થાય ? | | |
| (A)**<u>આકાશ</u>** | (B)અંબાર | (C)કપડું | (D)મેઘાડંબર |
| 114. | ‘અવજ્ઞા’ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)તિતિક્ષા | (B)આજ્ઞા | (C)**<u>ઉપેક્ષા</u>** | (D)અપેક્ષા |
| 115. | ‘પુત્ર’ નો પર્યાય કયો નથી ? | | |
| (A)**<u>દનુજ</u>** | (B)તનુજ | (C)નન્દન | (D)સુત |
| 116. | કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો. | | |
| (A)દિવાકર | (B)આદિત્ય | (C)**<u>સોમ</u>** | (D)રવિ |
| 117. | નીચેનામાંથી કયો શબ્દ ‘પાવક’ શબ્દના અર્થવાળો છે ? | | |
| (A)**<u>અગ્નિ</u>** | (B)પવન | (C)પાવન | (D)પવિત્ર |
| 118. | નીચેનામાંથી ‘વિપુલ’ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)સુદઢ | (B)હોંશિયાર | (C)**<u>પુષ્કળ</u>** | (D)આદિત્ય |
| 119. | ‘દીન’ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)દિવસ | (B)**<u>અકિંચન</u>** | (C)પ્રકાશ | (D)અજવાળું |
| 120. | નીચેનામાંથી ‘રાત્રિ’ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો નથી ? | | |
| (A)નિશા | (B)શર્વરી | (C)યામિની | (D)**<u>દામિની</u>** |
| 121. | ‘મુસાફરી’ શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો. | | |
| (A)**<u>મજલ</u>** | (B)ગંજાવર | (C)ઊપજ | (D)અલ્પ |
| 122. | ‘કૃપણ’ શબ્દનો સાચો અર્થ કયો થાય છે ? | | |
| (A)લોભી | (B)ઉડાઉ | (C)**<u>કંજૂસ</u>** | (D)ઉદાર |
| 123. | ‘અવનિ’ નો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)સુધા | (B)શર્વરી | (C)યામિની | (D)**<u>વસુંધરા</u>** |
| 124. | ‘ઘોડા’ માટેનો સમાનાર્થી શબ્દ શોધો. | | |
| (A)વિહંગ | (B)**<u>તુરંગ</u>** | (C)ગજ | (D)ચતુર |
| 125. | ‘આળસુ’ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ? | | |
| (A)માણસ | (B)કેદી | (C)**<u>એદી</u>** | (D)અળસિયું |
| 126. | ‘કુલ’ શબ્દનો સાચો સમાનાર્થી આપો. | | |
| (A)**<u>એકંદર</u>** | (B)કિનારો | (C)વધઘટ | (D)તટ |
| 127. | ‘શાર્દૂલ’ શબ્દનો સમાનાર્થી શબ્દ આપો. | | |

| | | | |
|---|---|---|---|
| (A)વાઘ | (B)સિંહ | (C)શાહમૃગ | (D)શિયાળ |
| 128. | ‘આમ્ર’ શબ્દનો સમાનાર્થી કયો બને છે ? | | |
| (A)કેરી | (B)સામાન્ય | (C)**આંબો** | (D)આમ જનતા |
| 129. | ‘શોણિત’નો સમાનાર્થી શબ્દ કયો નથી ? | | |
| (A)રક્ત | (B)રુધિર | (C)**સોનું** | (D)લોહી |
| 130. | ‘પૃથ્વી’નો સમાનાર્થી કયો નથી ? | | |
| (A)ધરા | (B)**વ્યોમ** | (C)વસુંધા | (D)ધરતી |
| 131. | ‘વારિધિ’નો સમાનાર્થી શબ્દ કયો નથી ? | | |
| (A)રત્નાકર | (B)ઉદધિ | (C)**કાસાર** | (D)સાગર |
| 132. | નીચેના પૈકી કયો શબ્દ ‘પક્ષી’ નો પર્યાય નથી ? | | |
| (A)વિહગ | (B)શકુનિ | (C)**ઉડપ** | (D)શકુન્ત |

::- વિરુદ્ધાર્થી શબ્દો -::

| | | | |
|---|---|---|---|
| 133. | નીચેનામાંથી ‘પુનિત’ શબ્દનો વિરુદ્ધાર્થી શોધો. | | |
| (A)**પતિત** | (B)દૈવી | (C)પવિત્ર | (D)પ્રેક્ષક |
| 134. | આપેલ વિકલ્પોમાંથી ‘સાર્થ’ શબ્દનો વિરુદ્ધાર્થી શોધો. | | |
| (A) વિયોગ | (B)દુર્લભ | (C)જુદા | (D)**વ્યર્થ** |
| 135. | ‘યાચક’ શબ્ધનો વિરુદ્ધાર્થી શબ્દ કયો બને ? | | |
| (A) **દાતા** | (B)અવાચક | (C)ભિખારી | (D)યાચના |
| 136. | ‘સમષ્ટિ’ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો. | | |
| (A) સમદ્રષ્ટિ | (B)**વૈયક્તિક** | (C)અંગત | (D)સંગત |
| 137. | ‘અણઘડ’ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો. | | |
| (A) સુંદર | (B)ઘાટીલો | (C)**સુડોળ** | (D)સુઘડ |
| 138. | ‘સીધાપણું’ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો. | | |
| (A) ત્રાંસાપણું | (B)**ઊંધાપણું** | (C)વાંકાપણું | (D)અવળાપણું |
| 139. | ‘દુર્ગંધ’ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ કયો બને ? | | |
| (A)સૌરભ | (B)સુવાસ | (C)મહેક | (D)**સુગંધ** |
| 140. | ‘સંવત્સરી’ નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ? | | |
| (A) મૃત્યુતિથિ | (B)વિજય | (C)**જયંતી** | (D)છમછરી |
| 141. | ‘આબરૂ’ શબ્દનો વિરોધી શબ્દ શોધો. | | |
| (A)અજુગતું | (B)**બેઆબરૂ** | (C)પ્રતિષ્ઠા | (D)માન |
| 142. | કયો શબ્દ ‘અમૃત’નો વિરોધી છે ? | | |
| (A) છાશ | (B)માખણ | (C)પાણી | (D)**વિષ** |
| 143. | ‘ઉત્તમ’ શબ્દનો વિરોધી શબ્દ કયો બને છે ? | | |
| (A)દુર્લભ | (B)અરસિક | (C)સમાન | (D)**અધમ** |
| 144. | વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ? ‘ઔરસ’ | | |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | | |
|---|---|---|---|
| (A) મીઠાસ | (B)**અનૌરસ** | (C)અઔરસ | (D)અનોરસ |
| 145. ‘કુંદન’નું વિરુદ્ધાર્થી કયું બને છે ? | | | |
| (A)સોનું | (B)**કથીર** | (C)કનક | (D)ચાંદી |
| 146. ‘ઉલાળ’નો વિરુદ્ધાર્થી શબ્દ આપો. | | | |
| (A)**ધરાળ** | (B)ઊંચું | (C)સીધું | (D)નીચે |
| 147. ‘ઉછાંછળું, નો વિરુદ્ધાર્થી શબ્દ આપો. | | | |
| (A)ઉપર | (B)સક્રિય | (C)**ઠરેલ** | (D)આક્રમક |
| 148. ‘મુખરિત્’ શબ્દનો વિરોધી શબ્દ કયો છે ? | | | |
| (A) **મૂક** | (B)મુખ | (C)બોલકો | (D)કંઠસ્થ |
| ::-સંધિ-:: | | | |
| 149. ‘પ્રત્યક્ષ’ શબ્દની સંધિ છૂટી પાડેલ સાચુ સ્વરૂપ શોધો. | | | |
| (A)**પ્રતિ + અક્ષ** | (B)પ્રતી + અક્ષ | (C)પ્ર + ત્યક્ષ | (D)પ્રતી + ય+ |
| 150. ‘ગાયક’ ની સંધિ છૂટી પાડો. | | | |
| (A)ગે + અક | (B)ગૌ + અક | (C)**ગૈ + અક** | (D)ગા + એક |
| 151. નીચેનામાંથી ‘ઉન્નતિ’ શબ્દની સંધિ છૂટી પાડતા કયો વિકલ્પ સાચો છે ? | | | |
| (A) ઉન + નતિ | (B)**ઉત્ + નતિ** | (C)ઉત્ + નતી | (D)ઉત: + નતી |
| 152. ‘મહેશ’ની સંધિ છૂટી પાડતાં સાચો વિકલ્પ કયો બને ? | | | |
| (A) મહાન + ઈશ | (B)મહા + ઈસ | (C)મહા + અઈશ | (D)**મહા + ઈશ** |
| 153. ‘જગદંબા’ની સંધિ છૂટી પાડતો સાચો વિકલ્પ શોધો. | | | |
| (A)જગદ + અંબા | (B)**જગત્ + અંબા** | (C)જગ + દંબા | (D)જગ + અદંબ |
| 154. ‘જિર્ણ – ઉદ્ધાર’ની સંધિ જોડતાં નીચેનામાંથી કયો શબ્દ સાચો બને ? | | | |
| (A)**જીર્ણોદ્ધાર** | (B)જિર્ણોદ્ધાર | (C)જીર્ણઉદ્ધાર | (D)જિર્ણઉદ્ધાર |
| 155. ‘પિત્રાદેશ’ શબ્દનો સાચો સંધિ વિગ્રહ દર્શાવો. | | | |
| (A)પિતર + આદેશ | (B)પીતા + આદેશ | (C)પીતા + દેશ | **(D)પિતૃ + આદેશ** |
| 156. સંધિ છૂટી પાડો : દુષ્ટ | | | |
| (A)**દુસ્ + ટ** | (B)દુશ્ + ટ | (C)દ્ + ઉષ્ટ | (D)એકપણ નહીં |
| 157. સંધિ છૂટી પાડો : સ્વચ્છ | | | |
| (A) સૂ + અચ્છ | (B)સ્વ + અચ્છ | **(C)સુ + અચ્છ** | (D)સ્વ + ચ્છ |
| 158. નીચે આપેલ શબ્દોમાંથી ‘ભાવવાચક સંજ્ઞા’ શોધો. | | | |
| (A)પર્વત | (B)**પ્રેરણા** | (C)કિંમત | (D)ઈન્ડિકા કાર |
| 159. નીચેના વાક્યમાંથી ‘વિશેષણ’ સ્વરૂપ કયું છે ?<br>‘પાણીનો ભરેલો પ્યાલો લઈને જ્યારે ઉષા પાછી આવી ત્યારે હસતી હતી’ | | | |
| (A)પ્યાલો | (B)હસતી | (C)**ભરેલો** | (D)તે |

| | | | |
|---|---|---|---|
| 160. આપેલ શબ્દોમાં 'વિશેષણ' દર્શાવતો શબ્દ કયો છે ? | | | |
| (A)સૈન્ય | (B)ઝડપથી | (C)તેઓ | (D)**કાળો** |
| 161. આપેલ શબ્દો પૈકી 'ક્રિયાવિશેષણ' દર્શાવતો શબ્દ આપો. | | | |
| (A)મુશ્કેલ | (B)બોલવું | (C)સેનાપતિ | (D)**ગુસ્સાથી** |
| 162. આપેલ શબ્દોમાંથી 'સર્વનામ' દર્શાવતો શબ્દ શોધો. | | | |
| (A)કજિયાખોર | (B)**તમે** | (C)મૃદુતાથી | (D)સોનું |
| 163. નીચે આપેલ વાક્યનો પ્રકાર કયો છે તે જણાવો. 'પોલીસે ચોરનો હથ પકડ્યો અને તેને હાથકડી પહેરાવી દીધી' | | | |
| (A)ઉદગાર વાક્ય | (B)સાદું વાક્ય | (C)**સંયુક્ત વાક્ય** | (D)સંકુલ વાક્ય |
| 164. 'રમણ' શબ્દનો ચોક્કસ પ્રકાર કયો બને ? | | | |
| (A)ભાવવાચક નામ | (B)સમૂહવાચક નામ | (C)કર્તુવાચક નામ | (D)**સંજ્ઞાવાચક નામ** |
| 165. 'બપોરે બારી બંધ કરજે' કયા પ્રકારનું આજ્ઞાર્થ વાક્ય છે ? | | | |
| (A)**ભવિષ્ય આજ્ઞાર્થ** | (B)સાદો આજ્ઞાર્થ | (C)વિશિષ્ટ આજ્ઞાર્થ | (D)વર્તમાન આજ્ઞાર્થ |
| 166. નીચેનામાંથી કયો પ્રકાર વાક્ય રૂપાંતરનો નથી ? | | | |
| (A)કર્તરિવાક્યમાંથી કર્મણિવાક્ય | (B)સાદા વાક્યમાંથી પ્રેરકવાક્ય | (C)**સાદા વાક્યમાંથી વિશિષ્ટ વાક્ય** | (D)વિધિવાક્યમાંથી નિષેધ વાક્ય |
| 167. નીચેના વાક્યમાં રેખાંકિત પદની વિભક્તિ જણાવો. 'મુજ અબળાને મોટી મિરાત બાઈ !' | | | |
| (A)પંચમી | (B)પ્રથમ | (C)**તૃતીય** | (D)સત્પમી |
| 168. 'એ માણસ લુચ્ચો દેખાય છે' આ વાક્યમાં પૂરક પદ 'લુચ્ચો' શું છે ? | | | |
| (A)કૃદંત | (B)સર્વનામ | (C)**વિશેષણ** | (D)સંજ્ઞા |
| 169. 'પેલાએ પુલિનને ધક્કો માર્યો' વિશેષણનો પ્રકાર દર્શાવો. | | | |
| (A)સાપેક્ષ વિશેષણ | (B)**દર્શક વિશેષણ** | (C)ગુણવાચક વિશેષણ | (D)પ્રશ્નવાચક વિશેષણ |
| 170. નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દ પછી કયું વિરાચિહ્ન મુકાય ? મારું ધ્યાન દોરવા તેણે કહ્યું 'સાંભળો છો ?' | | | |
| (A)પૂર્ણવિરામ | (B)લઘુરેખા | (C)ગુરુરેખા | (D)**ગુરુવિરામ** |
| 171. પ્રથમ, બીજો, પાંચમો કયું વિશેષણ દર્શાવે છે ? | | | |
| (A)સમૂહવાચક વિશેષણ | (B)વ્યક્તિવાચક વિશેષણ | (C)**ક્રમવાચક વિશેષણ** | (D)આમાંથી એકપણ નહિં |
| 172. ર' જે શબ્દમાં વપરાયેલ (') ચિહ્નને શું કહેવાય ? | | | |
| (A)અલ્પવિરામ | (B)અર્ધવિરામ | (C) ગુરુવિરામ | (D) **લોપચિહ્ન** |
| 173. ઉચ્ચારની રીતે જુદો પડતો મૂળાક્ષર કયો છે ? | | | |
| (A)ત | (B)**ફ** | (C)દ | (D)ધ |
| 174. 'દેશભક્તિના પાંચ ગીત તૈયાર કરો' આ વાક્યમાં ક્રિયાપદનો અર્થ કયો છે ? | | | |
| (A)વિધ્યર્થ | (B)નિર્દેશાર્થ | (C)સંભવનાર્થ | (D)**આજ્ઞાર્થ** |
| 175. 'અમારા દોષ મનમાં ના ધરશો, અમારા ગુણ જોજો' આ વાક્યમાં અભિગમવાચક વિશેષણ દર્શાવતો શબ્દ કયો છે ? | | | |
| (A) **ના** | (B) દોષ | (C)મનમાં | (D)ગુણ |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | | |
|---|---|---|---|
| 176. | સરદાર પટેલ લોખંડી પુરૂષ હતા – રેખાંકિત પદ ઓળખાવો. | | |
| (A)ભાવવાચક વિશેષણ | (B) **ગુણવાચક વિશેષણ** | (C)સંખ્યાવાચજ વિશેષણ | (D)ક્રમવાચક વિશેષણ |
| 177. | જગદીશે પતંગ ઊંચી કરી – કર્મણિ વાક્ય શોધો. | | |
| (A)જગદીશ પાસે પતંગ ઊંચી કરાવી | (B)**જગદીશથી પતંગ ઊંચી કરાઈ** | (C)જગદીશ પંતગ ઊંચી કરશે | (D)જગદીશ પતંગ ઊંચી કરે છે. |
| 178. | 'લોઢાના ચણા ચાવવા' કહેવતનો સાચો અર્થ કયો બને છે ? | | |
| (A) મહેનતનું પરિણામ ન મળવું | (B)**મુશ્કેલ કાર્ય કરવું** | (C)ગમે તે રીતે ભૂખ ભાગવી | (D)બહાદૂરી બતાવવી |
| 179. | નીચેનામાંથી કયા રૂઢિપ્રયોગનો અર્થ 'હાર કબુલ કરવી' તેમ થાય છે ? | | |
| (A)**હથિયાર હેઠાં મૂકવાં** | (B)ભાવા ભાંગવી | (C)પગમાં બેડી પડવી | (D)પગ ધોઈને પીવા |
| 180. | 'તડકો-છાંયડો વેઠવો' કહેવતનો અર્થ શું થાય ? | | |
| (A)ઝઘડો કરવો | (B)નોકરી કરવી | (C)**સુખ દુ:ખ સહન કરવા** | (D)મહેનત કરવી. |
| 181. | 'કોઈ પ્રયાસ બાકી ન રાખવો' રૂઢીપ્રયોગનો અર્થ કયો થાય છે ? | | |
| (A) **આકાશ-પાતાળ એક કરવા** | (B)જંગે ચડવું | (C)ખો ભૂલી જવી | (D)વહાર ધાવું |
| 182. | 'ઉંઘ આવી જવી' રૂઢિપ્રયોગનો અર્થ કયો થાય ? | | |
| (A) **આંખ મળી જવી** | (B)આંખ મીંચાઈ જવી | (C)આંખ ઠેરવવી | (D)આંખ ઠરવી |
| 183. | નીચેના પૈકી કયા રૂઢિપ્રયોગનો અર્થ 'નકામો પ્રયાસ કરવો' થતો નથી ? | | |
| (A) **પાણી માપવું** | (B)પાણીમાં લીટા કરવાં | (C)પાણી વલોણું કરવું | (D)પાણીની ગાંસડી બાંધવી |
| 184. | 'સ્વભાવ કદી બદલાતો નથી' તેવો અર્થ ન આપતી કહેવત કઈ છે ? | | |
| (A) પડી ટેવ ન ટળે | (B)સ્વભાવનું ઓસડ નહીં | (C)**ધીરજના ફળ મીઠાં** | (D)કૂતરાની પુંછડી વાંકી તે વાંકી |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872